ઇન્દિરા ગાંધી
નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

પ્રથમ વર્ષ બી.એ.

# ઈતિહાસ: પેપર - 01

(મુખ્ય વિષય તથા પ્રથમ ગૌણ)

# પ્રાચીન ભારતનો ઈતિહાસ

(પ્રાગ ઐતિહાસિકકાળથી ઈ.સ.પૂર્વેની ૪થી સદી સુધી)

વિભાગ

# 3

## પ્રાચીન ભારતીય સમાજની ઉત્કાન્તિ : ઈ.સ.પૂ. 2000થી ઈ.સ.પૂ. 1000 (Evolution of Early Indian Society : 2000 B.C. To 1000 B.C.)

**એકમ 10**

તામ્રપાષાણ અને પ્રારંભિક લોહયુગ - I (Chalcolithic and Early Iron Age-I) 8

**એકમ 11**

તામ્રપાષાણ અને પ્રારંભિક લોહયુગ - II (Chalcolithic and Early Iron Age-II) 33

**એકમ 12**

આદ્ય વૈદિક સમાજ (The Early Vedic Society) 45

**એકમ 13**

ઉત્તરકાલીન વૈદિક તબક્કામાં ફેરફારો (Changes in The Later Vedic Phase) 56

## Expert Committee

Prof. K.N. Panikkar (*Chairman*)
Prof. B.D. Chattopadhyaya
Prof. S.S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University

Prof. Dwinjendra Tripathi
Indian Institute of Management
Ahmedabad

Prof. A.J. Syed
History Department
Bombay University
Bombay

Prof. Gyan Pandey
History Department
Delhi University
Delhi

Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat

Prof. Anirudha Ray
Department of Islamic History
and Culture
Calcutta University
Calcutta

Dr. Aloka Parashar Sen
History Department
University of Hyderabad
Hyderabad

Dr. Kapil Kumar (*Convenor*)
Dr. A.R. Khan
IGNOU

## Course Preparation Team

Dr. M.L.K. Murty
University of Hyderabad
Hyderabad

Dr. Sudeshna Guha
Deccan College
Pune

Ms. Kumkum Roy
History Department
Satyawati College
Delhi University
Delhi

Prof. B.D. Chattopadhyaya (*Course Editor*)
Centre for Historical Studies
Jawaharlal Nehru University

Dr. P.K. Basant (*Consultant*)
History Department
Jamia Milia Islamia
New Delhi

**Faculty Members: Indira Gandhi National Open University**

Dr. Kapil Kumar
Mr. Salil Misra } (*Course Coordinators*)

Dr. A.R. Khan

Mr. Ajay Mahurkar
Mr. Swaraj Basu
Ms. Sangeeta Joshi
Mrs. Indira Sharma

## Production

Mr. Balakrishna Selvaraj
Registrar (PPD)
IGNOU

© *Indira Gandhi National Open University, 1990*

આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી- (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

Printed at : Sudarshan Graphic, Ahmedabad - 380028. Ph. : 079-25430560

**અનુવાદ :**

| | |
|---|---|
| ડૉ. ચિનુભાઈ જે. નાયક | નિવૃત્ત આચાર્ય, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. પ્રિયબાળાબહેન શાહ | નિવૃત્ત પ્રાધ્યાપિકા, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. સુધા એન. મહેતા | નિવૃત્ત પ્રાધ્યાપિકા, એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ |
| ડૉ. શ્રીદેવી મહેતા | રીડર, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક સંશોધન તાલીમ કેન્દ્ર, અમદાવાદ |

**પરામર્શ (વિષય) :**

| | |
|---|---|
| ડૉ. આર. એલ. રાવલ | નિવૃત્ત પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. એચ. બી. પરીખ | અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય | નિવૃત્ત પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| પ્રો. રસેશ જમીનદાર | નિવૃત્ત પ્રાધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

**પરામર્શ (ભાષા) :**

| | |
|---|---|
| ડૉ. યોગેન્દ્ર વ્યાસ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. રંજના હરીશ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**સંપાદન અને સંયોજન :**

| | |
|---|---|
| ડૉ. ચંદ્રકાન્ત એચ. ઠાકર | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષાશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. નિશા કે. શાહ | રીડર, કેમિસ્ટ્રિ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

પ્રકાશક
એસ. એચ. બારોટ, મદદનીશ રજિસ્ટ્રાર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, સરકારી બંગલા નંબર - 9, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - 380 004 ટે. નં. 7869690
© સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ 3 પ્રસ્તાવના

વિભાગ 1 અને 2માં તમે ભારતને તેના ભૌગોલિક રીતે દેશની વ્યાખ્યા પ્રમાણે માહિતગાર થયા અને તમો શીખ્યા કે આ દેશનું સૌથી પ્રાચીન માનવ જૂથ જુદી જુદી (પર્યાવરણ) પરિસ્થિતિથી પોતાની જાતે કેવી રીતે બંધબેસતું થયું. સૌથી પ્રાચીન સાંસ્કૃતિક વિકાસ બતાવે છે કે શિકાર કરતાં અને પોતાનો ખોરાક એકત્ર કરતાં લોકોનું પરિવર્તન એવી અવસ્થામાં આવ્યું કે જ્યાં મનુષ્યોએ ખોરાક કેમ ઉત્પન્ન કરવો તે શોધી કાઢ્યું. આ ફેરફાર પુરાતત્ત્વીય પુરાવાએ બતાવ્યો છે. બીજા ફેરફારો - પુરાતત્ત્વવિદ્યાએ જાહેર કર્યા છે તેમાં તેઓની વસાહતો બંને શહેરી અને ગ્રામીણ બતાવી. ઉપરાંત વિવિધ અવશેષો હડપ્પાની સંસ્કૃતિના શોધાયા જેમાં પ્રાચીન સમકાલીન જગતના મોટા-વિસ્તારમાં આ સંસ્કૃતિ ફેલાયેલી હતી તે તમો શીખ્યા. અહીં એટલું યાદ રાખવું જરૂરી છે કે સાંસ્કૃતિક ફેરફારની પ્રકિયા સર્વત્ર અને એક જાતની ન હતી. હડપ્પન સંસ્કૃતિએ જે પ્રદેશ આવરી લીધો હતો તેમની વચમાં પણ અર્થપૂર્ણ તફાવત હતો. બીજો પણ પેટાખંડનો કેટલોક ભાગ હડપ્પા સંસ્કૃતિની સાથે સંબંધિત હતો અથવા તેની અસરથી મુક્ત હતો કે જ્યાં મોટા કે નાનાં શહેરો ન હતાં. આ પ્રદેશોમાં સાંસ્કૃતિક શૈલી હડપ્પન સંસ્કૃતિ કરતાં જુદી હતી, વિભાગ 3માં તમો મુખ્યત્વે આ પ્રદેશમાં સાંસ્કૃતિક રૂપરેખાની ઝલક જોઈ. શકશો. ઉપરાંત હડપ્પા પ્રદેશમાં સાંસ્કૃતિક ફેરફારો વિશે ટૂંકમાં આ વિભાગમાં ચર્ચા કરવામાં આવશે. જે તમોને વિભાગ 2ની સાથે વાંચતા ઉપયોગી જણાશે.

આ વિભાગ તમને બતાવશે કે વિકાસ માટેના ફેરફારોને સ્થાયી ગણતાં સાવધ રહેવું જોઈએ. પુરાતત્ત્વ અને ઇતિહાસ પાછલાં હલનચલન (સ્થળાંતર) બતાવે છે. વધુ શહેરીકરણવાળી હડપ્પન સંસ્કૃતિને ધીમે ધીમે નાશ તરફ કેવી રીતે ગઈ તે તમે જોયું. આ વિભાગમાં તમે વાંચશો કે સ્થિર તામ્રપાષાણયુગની પશ્ચિમ ભારતની કૃષિઆધારિત પ્રજા પણ પડતીનો ભોગ કેવી રીતે બની અને તેઓને તેમની જીવનશૈલી પરિસ્થિતિના (પર્યાવરણ) બગડવા સાથે બદલવી પડી.

આવા કેટલાક દાખલાઓ છતાં ભારતના જુદા જુદા પ્રદેશોના સાંસ્કૃતિક ખ્યાલો ઈ.સ.પૂ.2000 અને ઈ.સ.પૂ. 1000 ઘણાં કારણોસર શીખવા માટે મહત્ત્વના છે. સૌ પ્રથમ આ એવો સમય હતો કે જ્યારે બીજમાંથી ખેતીપ્રધાન ગ્રામ્ય સંસ્કૃતિ પેટાખંડના મોટા પ્રદેશોમાં ઉદ્‌ભવી. તમે જાણો છો કે ગામડાંઓ ખેતીની પેદાશની આસપાસ કેન્દ્રિત અને ..ની સાથેની ગ્રામ્ય પ્રજા તે જ ભારતીય સભ્યતાની સૈકાઓ જૂની કરોડરજ્જુ છે. કેટલાક પ્રદેશો સિવાય ..ના પાયામાં ખેતી કરતી. આ સમયની નાની વસાહતો સમય જતાં નિયમિત ગ્રામ્ય વસાહતોમાં ફેરવાઈ ગઈ. પ્રારંભમાં નાના ખેતની વસાહતોની સંસ્કૃતિ તામ્રપાષાણ હતી પણ ઈ.સ.પૂ. 1000ની શરૂઆતમાં લોહ જુદી જુદી સંસ્કૃતિઓમાં જાણીતું થયું. જેમકે ગંગાની ખીણના ઉપરવાસના ચિત્રિત ભૂખરા વાસણોની સંસ્કૃતિ તેમ જ ભારતના દ્વીપકલ્પના મહાશિલાના બાંધનારાની સંસ્કૃતિ આ ધાતુનો બીજી સંસ્કૃતિઓ સાથેનો સંપર્ક હજુ બરાબર તપાસવાનો છે પણ ગ્રામ્ય જીવનના તમામ સૂક્ષ્મ ઉપકરણોનો મુદ્દો ગંભીરતાથી તપાસવાનો જેમકે ખેતીનું શાસ્ત્ર (નહેર યોજના પણ), મોટા ભાગના પાકના વિવિધ પેદાશની ખેતી જે આજે પણ થાય છે અને ખેતી સાથે પાળેલાં ઢોરોનો ઉછેર કેટલાક મર્યાદામાં પ્રાદેશિક ઉપખંડની સંસ્કૃતિઓમાં જે ઈ.સ.પૂ. 2000 અને ઈ.સ.પૂ. 1000માં પણ મોજૂદ હતો. આ વિસ્તૃત સાંસ્કૃતિક રચના ચોક્કસ પ્રમાણમાં બીજી સાંસ્કૃતિક રચનાઓની સાથોસાથ અસ્તિત્વમાં હતી જેમકે ઢોરઉછેર. આપણે તે પણ યાદ રાખવું જોઈએ કે કૃષિ પ્રજાના ઉદ્દભવની સાથે શિકારીવૃત્તિ અને ખોરાક એકત્ર કરવાનું જીવનની એક શૈલી પ્રમાણે ચાલુ રહ્યું.

બીજું તમે આ વિભાગમાં શીખશો (અને વધારે વિગતે વિભાગ 4 માંથી) કે વિવિધ સિદ્ધાંતોનાં કારણોની ચર્ચા સાથે ઐતિહાસિક ફેરફારો ગંગાખીણમાં ઈ.સ.પૂ. 1000 અને તેની આગળ એકદમ થયા. ઈ.સ.પૂ. 1000ના મધ્યમાં આ ફેરફારોના નક્કર પુરાવાઓ ધ્યાન ખેંચે છે. તેમાં ખાસ કરીને મહાજનપદોના વિશાળ મુલકમાં રાજાની સત્તાના વહીવટમાં અને લોકશાસનમાં, મોટાં શહેરોમાં અને બીજાં ઘણાં સ્વરૂપે આ ફેરફારો સૌ પ્રથમ ઉપરવાસના ગંગાના પ્રદેશમાં કેમ થયા તેના સવાલનો જવાબ ગૂંચવણભર્યો છે. ઘણા લાંબા સમય સુધી મનાતું હતું કે આર્યો ભારત બહારથી આવ્યા અને તેઓની પ્રવૃત્તિઓ તેમની રચેલી વેદની ઋચાઓના અભ્યાસથી જાણી શકાય. તેઓ તેમની સાથે સુધરેલી અસરો લાવ્યા. પરંતુ અર્વાચીન ઇતિહાસકારોનાં સંશોધનો બતાવે છે કે :

(ક) જો આર્યોની હિલચાલ પેટાખંડમાં હોત તો મોટા પાયે તેમનું સ્થળાંતર ન થયું હોત, જીતને પરિણામે સ્થાનિક લોકોએ સ્થાનફેર ન કર્યું હોત.

(ખ) ઋગ્વેદ કે જે આર્યોનો પ્રાચીનમાં પ્રાચીન પુરાવો છે અથવા વેદના ગ્રંથો જન(ટોળી)સમાજનું પ્રતિબિંબ કરે છે જે ખાસ કરીને ગ્રામ્યજીવન અને નહીં કે જેનો નક્કર પુરાવો જમીનનો પાયો છે.

(ગ) જે પ્રદેશ સાથે ઋગ્વેદની જાતિઓ જોડાયેલી હતી તે ગંગાના પ્રદેશનો સમાવેશ કરતી નથી. એ તો પછીના તબક્કે કેટલી જાતિઓ અને જાતિઓનાં જોડાણો આ પ્રદેશમાં ખસ્યાં.

ત્રીજો મુદ્દો તમે આ વિભાગમાંથી શીખશો કે એક જ સમયના ઇતિહાસની માહિતી વિવિધ પ્રકારની સામગ્રીમાંથી શોધી શકશો. વિભાગ 1 અને 2માં શિકાર/ખોરાક એકત્ર કરવાની જાતિઓ કે ભૂતકાળના નૂતન પાષાણયુગની

જાતિઓ માટે તેઓની સાથે સંકળાયેલા પુરાતત્ત્વીય અવશેષો આપણી સમજ માટે જોયા. આ વિભાગમાં તમે જોશો કે વેદના ગ્રંથોના પુરાવાઓ પણ ઉપયોગમાં લીધા છે જુદા જુદા પ્રકારના આધારો જ્યાં સુધી જુદા છે. ત્યાં સુધી તેઓનો સતત ઉપયોગ કરવો જોઈએ. અન્યથા તમે જે અસર પ્રાપ્ત કરશો તે તમને ગૂંચવાડો ઊભો કરશે અને તેથી સંતોષકારક સમજૂતી પર આવવાનું મુશ્કેલ બનશે.

આપણે વેદના ગ્રંથોનો ઉલ્લેખ કરીને સમજાવીએ. વૈદિક સાહિત્ય તરીકે આપણે જેને ઓળખીએ છીએ તે લાંબા ગાળા દરમ્યાન તૈયાર થયેલું વિશાળ સાહિત્ય છે. તે પ્રથમ મૌખિક અને પછી વ્યવસ્થિત કરીને લાંબા ગાળે ગ્રંથસ્થ થયું. જો આ સમગ્ર સાહિત્યને એક રૂપ ગણીએ તો તેમાંથી ઉદ્ભવતું ચિત્ર ગૂંચવાડો ઊભો કરે. આથી ઇતિહાસકારો પ્રાચીન વેદોના તબક્કાની સીમા જે ઋગ્વેદની ઋચાઓમાં પ્રતિબિંબિત થાય છે અને પછીના વેદના ભાગને જે વેદના 'સાહિત્ય'ની રચનામાં પ્રતિબિંબિત થાય છે. તમે એકમ 12 અને 13માં જોશો કે ઋગ્વેદમાં જે સમાજ પ્રતિબિંબિત થાય છે તે પછીના વેદના સાહિત્યમાં ઘણો જુદો છે, આ સાહિત્યની રચનાઓ તે સમયના સાહિત્યના મૂળ તરીકે આપણે જોઈએ તો તે માત્ર આપણને જીવનની રહેણીકરણીની સ્થિતિના ફેરફાર અંગે નહીં પરંતુ ધર્મની માન્યતા અને લોકોના આચારવિચારના ફેરફારો વિશે પણ કહે છે. જ્યારે સાહિત્યિક પુરાવા પ્રાપ્ત થયા ત્યારે ઇતિહાસકારો જુદા જુદા સામાજિક, ધાર્મિક અને રાજકીય જીવન વિશે લખવા શક્તિમાન થાય છે. કારણ પુરાતત્ત્વીય પુરાવાઓને આધારે આ બધું લખી શકાય નહીં.

# એકમ 10 તામ્રપાષાણ અને પ્રારંભિક લોહયુગ - 1 (Chalcolithic and Early Iron Age-1)

રૂપરેખા

10.0 ઉદ્દેશો
10.1 પ્રસ્તાવના
10.2 ભગવા રંગનાં માટીનાં વાસણોની સંસ્કૃતિ
10.3 ત્રાંબાના ખજાનાના પ્રશ્નો
10.4 કાળાં અને લાલ વાસણોની સંસ્કૃતિ
10.5 ચિત્રિત ભૂખરાં વાસણોની સંસ્કૃતિ
10.6 ઉત્તરનાં કાળાં ચળકતાં વાસણોની સંસ્કૃતિ
10.6.1 ઇમારતો
10.6.2 માટીનાં વાસણો
10.6.3 અન્ય ચીજો
10.6.4 ઘરેણાં
10.6.5 પકવેલી માટીની આકૃતિઓ
10.6.6 આજીવિકા, અર્થવ્યવસ્થા અને વેપાર
10.7 તામ્રપાષાણ સંસ્કૃતિ : પશ્ચિમ, મધ્ય અને પૂર્વ ભારત
10.7.1 માટીનાં વાસણો પારખવાનાં લક્ષણો
10.7.2 અર્થવ્યવસ્થા
10.7.3 મકાનો અને રહેણાંકો (નગરરચના)
10.7.4 બીજાં લક્ષણો
10.7.5 ધર્મ/ માન્યતા-પદ્ધતિ
10.7.6 સામાજિક વ્યવસ્થા
10.8 સારાંશ
10.9 ચાવીરૂપ શબ્દો
10.10 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો

## 10.0 ઉદ્દેશો

વિભાગ 2માં હડપ્પન સંસ્કૃતિ અને સમાજની આગળની સ્થિતિ અને વિવિધ અવસ્થા વિશે તમે શીખી ગયા તમે તેના ભૌગોલિક વિસ્તાર વિશે પણ વાંચ્યું અને તેની પડતીનાં તથા વેરવિખેરનાં (વિનાશ) કારણો જોયાં. આ એકમમાં આપણે હડપ્પા પછીનો સમય, તામ્રપાષાણ અને શરૂઆતના લોહયુગની સંસ્કૃતિ કે જે ઉત્તર, પશ્ચિમ, મધ્ય અને પૂર્વ ભારતમાં છે તે અંગે શીખીશું. આ એકમ વાંચ્યા બાદ તમે તે જાણી શકશો કે :

- ભૌગોલિક સ્થળ અને લોકોએ સ્થાનિક સ્થિતિને અપનાવી.
- ઘરોના પ્રકારો જેમાં તેઓ રહેતા, ધાન્યના પ્રકાર જે તેઓ ઉગાડતા અને ઓજારો અને હથિયારો તેઓ વાપરતા.
- માટીનાં વાસણોનું વૈવિધ્ય જે તેઓ વાપરતા.
- તેઓની ધાર્મિક માન્યતાના પ્રકારો અને પ્રારંભિક લોહ યુગ દરમ્યાન થયેલા ફેરફારો.

## 10.1 પ્રસ્તાવના

ઈ.સ.પૂ. 2000માં ભારતના ઉપખંડના વિવિધ ભાગમાં કેટલીક પ્રાદેશિક સંસ્કૃતિઓ ઉદ્ભવી. તે બિન-શહેરી, (ગ્રામીણ) બિન-હડપ્પન અને તેઓ પથ્થરો અને ત્રાંબાનાં ઓજારોની લાક્ષણિકતાવાળા હતા. તેથી આ સંસ્કૃતિઓ તામ્રપાષાણ સંસ્કૃતિઓથી ઓળખાતી.

તામ્રપાષાણ સંસ્કૃતિઓ ભૌગોલિક પ્રદેશના આધારે ઓળખાઈ.

આ પ્રમાણે

- બનાસ સંસ્કૃતિ (બનાસના જળપ્રદેશમાં નક્કી થયેલ રાજસ્થાન)
- કાયથા (Kayatha) સંસ્કૃતિ ચંબલની શાખા નદી કાલિસિંધના કિનારે કાયથના સ્થળે, અને મધ્ય ભારતનાં બીજા સ્થળોએ તેનું પ્રતિનિધિત્વ (નર્મદા, તાપી અને મહીની ખીણોમાં)
- માલવા સંસ્કૃતિ (માલવા અને મધ્ય પ્રદેશના બીજા ભાગો અને મહારાષ્ટ્રમાં ફેલાવો, અને
- જોર્વે સંસ્કૃતિ (મહારાષ્ટ્ર)

આ સંસ્કૃતિનાં પ્રતિકૃતિ જેવાં સ્થળોએ ઉત્પન્ન થયું તેથી આપણે તેઓના પરિમાણ વિશે વિગતે વિચાર કરતા થયા.

- વસાહતના નિદર્શન (વસાહતની ભાત)
- અર્થવિન્યાસ નિદર્શન
- શ્મશાનની પદ્ધતિ અને અંત્યેષ્ટિ પદ્ધતિ
- ધાર્મિક માન્યતાઓ

આ તબક્કાની સાંસ્કૃતિક ચીજોની સાથે ઉત્ખનન કરેલી જગાઓ-ઉત્તર પ્રદેશનો ભાગ, હરિયાણા, રાજસ્થાન, બિહાર, પશ્ચિમ બંગાળ, ઓરિસા, અને કર્ણાટકમાંથી ત્રાંબાનો જથ્થો/કાંસાની ચીજો મળી. આ બધી ચીજોનો સંચય (ઉપર બતાવેલી જગાઓનાં 85 સ્થળોએથી લગભગ એક હજાર ચીજો) મળી આવી. આ સ્થળો સ્પષ્ટપણે ત્રાંબાના સંચયની સંસ્કૃતિ તરીકે રજૂ થઈ શકે એમ વિચારવામાં આવ્યું. ઉત્તર પ્રદેશમાં સાઈપાઈ Saipai એતવાહ (Etawah પ્રાંત) ઉત્તર પ્રદેશની જગાએથી ત્રાંબાનો માછલીના શિકારનો ભાલો અને તે સાથે ભગવા રંગનાં માટીનાં વાસણ (OCP) મળ્યાં. જોકે બીજી કેટલીક ત્રાંબાના સંચયની જગાએથી (OCP) મળ્યાં છે. પરંતુ ત્રાંબાની વસ્તુઓ (OCP) ની સાથે સીધી મળી આવી નથી. ગંગા-યમુનાના મુખ આગળનાં લગભગ એકસોથી વધુ સ્થળોએથી આ પ્રકારનાં (OCP) માટીનાં વાસણો પ્રાપ્ત થયાં છે. તેથી આ સ્થળોને ઓર્ચકલર્ડ પૉટરી સંસ્કૃતિવાળા પ્રદેશો તરીકે ઓળખવામાં આવે છે. આ સંસ્કૃતિ પછી કાળા અને લાલ વાસણો (BRW) અને ચિત્રિત ભૂખરાં વાસણો (PGW)ની સંસ્કૃતિઓ તેનાં વાસણોના પ્રકારથી સ્પષ્ટ રીતે ઓળખી શકાય છે. ઉત્તર ભારતમાં ચિત્રિત ભૂખરા રંગનાં વાસણોનાં સ્થળો હરિયાણા અને ઉપરના ગંગાખીણનાં લગભગ 30 ઉત્ખનિત સ્થળોએથી ધ્યાન ખેંચે છે. લોહ ચિત્રિત ભૂખરા રંગની સંસ્કૃતિ સાથે નજરે પડે છે અને પરિણામે તે ઉત્તરનાં કાળા ચળકતા વાસણોની (NBP) સંસ્કૃતિ તરીકે જાણીતી થઈ તેનો ઉપયોગ મોટા પ્રમાણમાં થવા લાગ્યો. ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાથી અને ત્યારથી આપણે શહેરીકરણની શરૂઆત પણ જોઈએ છીએ.

સંજ્ઞા BRW સંસ્કૃતિ, PGW સંસ્કૃતિ અને NBP સંસ્કૃતિની સ્પષ્ટતા અહીં કરવાની જરૂર નથી. આ સંસ્કૃતિઓ માત્ર માટીના વાસણોના પ્રકારથી વર્ણવાઈ છે કારણ એ ખાસ પ્રકારનાં માટીનાં વાસણો તે સંસ્કૃતિનું સ્પષ્ટ લક્ષણ છે જોકે આ સંસ્કૃતિના ઘણા બીજા મુદ્દાઓ હોઈ શકે. માટીનાં વાસણોનો પ્રકાર માત્ર તેની ઓળખ આપવા માટે વપરાય છે અથવા અમુક સંસ્કૃતિના નામ માટે દાખલા તરીકે કોઈ ખાસ પ્રદેશમાંથી ચિત્રિત ભૂખરાં વાસણો મળી આવ્યાં તો તે સ્થળની સંસ્કૃતિને PGW સંસ્કૃતિ તરીકે વર્ણવી છે.

હડપ્પાની સભ્યતાના પતન પછી સંસ્કૃતિનો વિકાસ સમજવા માટે આપણે ઉત્તર ભારત, ખાસ કરીને ગંગા-જમનાના દોઆબના પ્રદેશથી શરૂઆત કરવી જોઈએ.

## 10.2 ભગવા રંગનાં માટીનાં વાસણોની સંસ્કૃતિ (Ochre Coloured Pottery Culture)

ઉત્તર પ્રદેશના બીસૌલી (Bisauli) બદોન પ્રાંત (Badaun district) અને રાજપુર પરસુ (બીજનોર પ્રાંત)માં અખતરા માટે ઉત્ખનન કરતાં નવા પ્રકારનાં માટીનાં વાસણો મળી આવ્યા છે. આ બંને ત્રાંબાના ખજાનાનું સ્થળ છે. આ માટીનાં વાસણો મધ્યમ દાણાદાર માટી, ઓછા પકવેલા અને તેના ઉપર ભગવા રંગનો ઢોળ (કે જેને ઘસી શકાતો) નારંગીથી લાલ સુધીનો હોઈ શકે. આથી આ પ્રદેશો કે જે આવા વાસણો સાથે સંકળાયેલા આ ભગવા રંગના વાસણની સંસ્કૃતિ (OCP સંસ્કૃતિ) તરીકે ઓળખાઈ. અત્યાર સુધી 100 કરતાં પણ વધુ સ્થળો સહરાનપુર જિલ્લાના માયાપુરથી યુ.પી.માં Etawah (એટવાહ)માં સાઈપાઈ Saipai સુધી શોધી શકાયા છે.

ભગવા રંગનાં વાસણોનાં સ્થળો સામાન્ય રીતે નદીના કિનારાઓ ઉપર મળી આવ્યાં છે. આ સ્થળો ક્ષેત્રફળમાં નાનાં અને તેના ટીંબા ઘણે સ્થળે ઊંચાઈમાં પણ ઓછા છે. (જેમકે બહાદરાબાદ, બિસૌલી, રાજપુર, પર્સુ, સાઈપાઈ). આ બતાવે છે કે આ વસાહતો થોડો સમય ટકી હશે. આ વસાહતોના અંતર પણ 5 કિ.મિ થી 8 કિ.મી. સુધીના છે. કેટલાંક OCP સ્થળો (દા.ત. આંબખેરી, બહેરીઆ, બહાદરાબાદ, ઝીંઝાના, લાલકીલા, અત્રાંજિખેર (AtranjiKhera) સાઈપાઈ)ના ખોદકામે સ્પષ્ટ કર્યું છે કે ત્યાં કોઈ નિયમિત વસાહતોના ચિહ્નો નથી. હસ્તિનાપુર અને અહિચ્છત્રામાં OCP સંસ્કૃતિ અને તેના પછીની PGW સંસ્કૃતિનાં રહેણાકોમાં, ભંગાણ છે. જ્યારે અત્રાંજિખેરમાં OCP વસાહતો પહેલાના અનુક્રમમાં કાળાં અને રાતાં માટીનાં વાસણો જણાયાં છે.

OCP સંસ્કૃતિનાં સાધનોમાં મુખ્યત્વે માટીના વાસણના સ્વરૂપ છે. આમાં બરણીઓ (સંગ્રહ માટેની બરણીઓ), વાડકા, ગોળ પાયાવાળા વાડકા, સીસા (Flask), હાથવાળાં વાસણો, નાનાં કદનાં વાસણો, કથરોટ (basin) નાળચા વાળા વાસણો (Spouts) વગેરે છે.

બીજી ચીજોમાં પકવેલી માટીની બંગડીઓ, પકવેલી માટીના તેમ જ અકીકના મણકા પકવેલી માટીની પશુ આકૃતિઓ અને ગાડાનાં પૈડાં જેમાં મધ્યમાં ધરી માટેનો ખીલો છે. પથ્થરની નિસા અને મૂસળ અને હાડકાંની સોયો જેવાં છે. ત્રાંબાનો માછલી પકડવાનો હૂક OCP નાં થરોમાંથી સાઈપાઈમાંથી મળી આવ્યાં છે.

ઇમારતો સંબંધી ઘણા પુરાવાઓ પ્રાપ્ત થયા નથી. લાલકીલામાં જે પુરાવા મળી આવ્યા છે તે ખૂબ જૂજ છે. તેનાં ભોંયતળિયાં ટીપીને માટીના બનાવેલાં છે. ઇમારતો ટટ્ટી અને લીંપેલા ઘરોવાળી છે. કારણ લાલકીલામાંથી વાંસ અને બરૂની છાપો બળેલા માટીના પ્લાસ્ટર અને માટીનાં ઢેકાંમાંથી મળી આવ્યાં છે. તે ઉપરથી અનુમાન થાય છે.

પુરાતત્ત્વીય અવશેષો અત્રાંજિખેર (AtranjiKhera)માંથી મળી આવ્યા છે અને જે આ સંસ્કૃતિ સાથે સંકળાયેલા છે જેમાં ચોખા, જવ, ચણા અને કેસર પાકતાં હતાં. માટીનાં વાસણોના સામ્ય ઉપરથી કેટલાક વિદ્વાનો માને છે કે OCP તે બગડેલું સ્વરૂપ પછીનાં હડપ્પન માટીના વાસણો રજૂ કરે છે.

| |
|---|
| Thermoluminiscenceને આધારે OCP વાસણોનો સમય, તેની સંસ્કૃતિ ઈ.સ.પૂ.2000થી ઈ.સ.પૂ. 1500 કહી શકાય. |

## 10.3 ત્રાંબાના ખજાનાના પ્રશ્નો (The Problems of Copper Hoards)

ત્રાંબાની વસ્તુ (ત્રાંબાનો હૂક)ની પહેલી શોધ તે ત્રાંબાના સંચયની સંસ્કૃતિનો જૂનામાં જૂનો 1822 માં કાનપુર જિલ્લાના બિથુર માં થઈ હતી. ત્યાર પછી 85 સ્થળોએથી લગભગ એક હજાર ત્રાંબાની ચીજો મળી આવી હતી.

**રાજ્યવાર ત્રાંબાના ખજાનાનાં સ્થળો**

| રાજ્ય | સ્થાનોની સંખ્યા |
|---|---|
| હરિયાણા | 05 |
| રાજસ્થાન | 06 |
| ઉત્તરપ્રદેશ | 33 |
| બિહાર | 19 |
| પશ્ચિમ બંગાળ | 06 |
| ઓરિસા | 07 |
| મધ્ય પ્રદેશ | 08 |
| કર્ણાટક | 01 |

ત્રાંબાના ખજાનાની ચીજો બીજાં રાજ્યો જેમ કે ગુજરાત અને આંધ્રપ્રદેશમાંથી મળી આવ્યાની શક્યતા છે પરંતુ તેનો હેવાલ બરાબર તૈયાર થયો નથી.


1 થી 47 ત્રાંબાની ચીજો સંચયમાં મળી આવી છે. પણ મધ્ય પ્રદેશના Gungeriaમાં એક જ ખજાનામાંથી 424 ચીજો મળી છે. આ ત્રાંબાનો ખજાનો ખેતરમાં ખેડતાં નહેર ખોદતાં કે રસ્તો બનાવતાં પ્રકાશમાં આવ્યો, અર્થાત્ આ ખજાનાની શોધ અકસ્માત થઈ. સાઈપાઈમાં ત્રાંબાનો માછલી પકડવાનો હૂક ખોદકામમાંથી મળી આવ્યો કે જે OCPના થર સાથે સંબંધિત હતો.

આ ત્રાંબાની ચીજો જુદા જુદા પ્રકારમાં વર્ગીકૃત થઈ. મુખ્ય પ્રકાર (અ) પતરી Celts (બ) વીંટીઓ (ક) હૂક (ડ) Antennae તલવારો (ઈ) Hooked હૂકવાળી તલવારો (ફ) માનવાકૃતિઓ અને (ગ) Double કુહાડીઓ બેધારી કુહાડી.

ત્રાંબાના હૂક સાઈપાઈમાં OCPની સાથે મળી આવ્યો છે તે જોતાં ત્રાંબાનો ખજાનો બીજા OCP સ્થળોએથી મળી આવ્યો છે (જોકે તે પુરાતત્ત્વીય સાથે સીધા સંપર્કમાં નથી) પણ તેનો OCP સંસ્કૃતિ સાથે સંબંધ જોડી શકાય. આ રીતે ત્રાંબાના સંચયનો સમય ઈ.સ.પૂ. 2000 થી ઈ.સ.પૂ. 1500 થઈ શકે.

### તમારી પ્રગતિ તપાસો (ક)

(1) લગભગ દસ લીટીમાં OCP સંસ્કૃતિનાં મુખ્ય લક્ષણો ચર્ચો.




**નકશો OCP અને ત્રાંબાના સંચયની સંસ્કૃતિ**


(2) ક્યું વિધાન સાચું છે (✓) કે ખોટું (**X**) ? નિશાન કરો કે

(ક) OCP સ્થળો પર્વતોમાં નક્કી થયા છે.

(ખ) OCP સંસ્કૃતિનાં સાધનોના અવશેષોમાં મુખ્યત્વે ઘરની ઇમારતો છે.

(ગ) ત્રાંબાના ખજાનાનો સમય ઈ.સ.પૂ. 2500 છે.

(ઘ) મોટા ભાગના ત્રાંબાના ખજાનાની શોધ અકસ્માત થયેલી છે.




ત્રાંબાના સંચયની ચીજો 1 હૂક કે ભાલો, (2) હૂકવાળી તલવાર (3) તલવાર (4) Antenna તલવાર (5,6) પતરી (Celts) (7) બે બાજુની કુહાડી (8) Bar - ઉલાળાની પતરી, (9) ખભાયુક્ત કુહાડી (10) મનુષ્યાકાર (માનવાકાર ઓજાર)

## 10.4 કાળાં અને લાલ વાસણોની સંસ્કૃતિ (Black and Red Ware Culture)

ઈ.સ.1960 ના પ્રારંભના અત્રાંજીખેરના ઉત્ખનને જુદી જાતની ક્ષિતિજ ખુલ્લી કરી છે. OCP અને PGW ના

થરની વચમાં દબાઈ ગયેલી હતી. આ ક્ષિતિજે લાક્ષણિક માટીકામનાં વાસણો આપ્યાં જે કાળાં અને રાતાં વાસણો (BRW) તરીકે જાણીતાં થયાં. તેવો જ સ્તરનો સંબંધ 1970માં રાજસ્થાનમાં નોહ (NOH) અને જોધપુરમાં શોધ્યો. પણ અહિચ્છયા, હસ્તિનાપુર અને આલમગીરપુરમાં BRW મળ્યા તે PGW સાથે જોડાયેલા છે.

**માટીકામનાં વાસણો :** આ વાસણોનું લક્ષણ અંદર અને બહારના કાંઠાની પાસે કાળો રંગ અને લાલ રંગ બાકીના સમગ્ર વાસણ ઉપર આ રંગનો સંયોગ વાસણને ઊંધું રાખીને પકવવાથી થયો, હોય એમ મનાય છે. માટીનાં વાસણો (કુંભારના) ચાકમાં મુખ્યત્વે થયેલાં છે. જોકે કેટલાંક વાસણો હાથથી બનાવેલાં છે. તે ઝીણી માટીથી બનાવ્યાં છે અને ઝીણી કારીગરી તેની પાતળી દીવાલોમાં જણાય છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળનાં સ્થળોએથી કાળાં અને રાતાં ચિત્રિત વાસણો મળી આવ્યાં છે પણ દોઆબ પ્રદેશમાંના BRWમાં ચિત્રકામનો અભાવ છે.

**બીજી ચીજો :** અત્રાંજિખેર Atranjikhera ના ઉત્ખનનમાંથી પથ્થરના ટુકડાઓ, નકામી પતરીઓ, ચીપ-છોડિયાં, ચકમકના ગઠ્ઠા, અકીક અને ઇન્દ્રગોપ, છીપ અને ત્રાંબું દરેકનો એક એક મણકો, ત્રાંબાંની વીંટી, હાડકાના બનાવેલા કાંસકાનો ટુકડો મળી આવ્યાં છે. પથ્થર કે ધાતુનાં હથિયારો મળ્યાં નથી. જોધપુરમાંથી હાડકાની એક શૂળી-આર મળી છે. નોહમાંથી આકાર વગરનો લોખંડનો ટુકડો, માટીનો મણકો અને હાડકાની આર મળી આવ્યાં છે.

દોઆબ અને બીજા પ્રદેશોમાં BRW કેટલાક વિદ્વાનો આત્રંજિખેર ના BRW અને દક્ષિણ રાજસ્થાનના ગિલુંદ અને આહર વચ્ચે વાસણોની રચના, બનાવવાની રીત અને તેને ઓપ આપવાની પદ્ધતિને આધારે સામ્ય બતાવે છે. છતાં પણ આ પ્રદેશોમાંથી મળેલાં વાસણોના આકાર તેમ જ ડિઝાઇનમાં ઘણો ફેર છે.

- દોઆબના BRW (નોહના પણ)નું અગત્યનું લક્ષણ તેની સાદી સપાટી, કોઈ પણ ચિત્ર વગરની છે. તો બીજી બાજુએ ગિલુંદ અને આહારમાંથી મળેલા BRWમાં કાળી સપાટી ઉપર સફેદ રંગનાં ચિત્રો છે.
- તેવી રીતે તેના રૂપસામ્યમાં ફરક છે. આહારના ચીતરેલા BRW ના અંતર્ગોળમાં ખૂણા છે અને તેની રચના જાડી છે. દોઆબના સાદા BRW માં ખૂણા નથી અને તેની રચના પણ બારીક છે.
- દોઆબમાં BRW માં રકાબીને આખર વગરની કિનારી અને અંતર્ગોળ બાજુઓ મોટી સંખ્યામાં ઉપલબ્ધ છે. પણ આહાર અને ગિલુંદમાં તે નથી જણાતા.
- નાળચાવાળા વાડકા અને પાયાવાળી રકાબીઓ આહાર અને ગિલુંદમાં મળે છે પણ દોઆબના પ્રદેશમાં મળી આવ્યાં નથી.

અહીં એ નોંધવું અગત્યનું છે કે કાળાં અને રાતાં વાસણોમાં પ્રદેશે પ્રદેશે ઘણો ફરક છે અને તે બહોળા વિસ્તારમાં વહેંચાયેલા છે. તે ઉત્તરમાં રૂપરથી દક્ષિણમાં Adichanalur અને પશ્ચિમમાં આમરા અને લાખાબાવળથી પૂર્વમાં પાંડુ-રાજર-ધીબી Pandu-Rajar-Dhibi માં મળી આવે છે. આ ઉપરાંત સમયનો ઘણો મોટો ગાળો ઈ.સ.પૂ. 2400 થી ખ્રિસ્તી સંવતના શરૂઆતના સૈકાઓને આવરી લે છે.


## 10.5 ચિત્રિત ભૂખરાં વાસણોની સંસ્કૃતિ (Painted Grey Ware Culture)

1946 માં ચિત્રિત ભૂખરા વાસણ (PGW)ની અહિચ્છત્રામાં થયેલી શોધ પછી ઉત્તર ભારતના જુદા જુદા ભાગમાંથી મોટી સંખ્યામાં આવાં સ્થળો પ્રકાશમાં આવ્યાં છે. તેમાંથી 30 સ્થળોએ ઉત્ખનન થયું છે. તેમાંનાં કેટલાંક જાણીતાં ઉત્ખનિત સ્થળોમાં રૂપર (પંજાબ), ભગવાનપુર (હરિયાણા), નોહ (રાજસ્થાન) અને મથુરા (બધાં જ ઉત્તર પ્રદેશમાં).


ધ્વજના સ્થળોમાંની એકાગ્રતાને કારણે ઇન્ડો-ગંગાનું વિભાગીકરણ (હરિયાણા), સતલજ અને ઉપરવાસનાં ગંગાનાં મેદાનોમાં છે. વસાહતો નદીના કિનારે મળી આવી છે. અંદાજે અંતર એક સ્થળથી બીજા સ્થળનું લગભગ 10 કિમિથી 12 કિ.મિ છે. જોકે કેટલાંકમાં તે 5 કિ.મિ છે. આ સ્થળોની વસાહતો મુખ્યત્વે નાનાં ગામડાંઓ (1 થી 4 હેક્ટર) પણ તેમાં અપવાદ ભુકરી (અંબાલા જિલ્લો હરિયાણા) જેની વિસ્તૃત વસાહતનું 96,193 ચોરસ મી. ક્ષેત્રફળ છે. ધ્વજ સંસ્કૃતિ સાથે સંલગ્ન જે વિવિધ ચીજો મળી તેને આપણે તપાસીએ.

(અ) માટીનાં વાસણો - (પાત્રો) કુંભારના ચાકથી બનાવેલાં માટીનાં વાસણો સુંદર તૈયાર કરેલી માટી .. અને ઘણો ઝીણો તેનો ગર (Cone)


- તેને સુંવાળી સપાટી ભૂખરાથી રાખોડી - ભૂખરો રંગ
- તે કાળામાં ચીતરેલા અને કેટલીક વાર ઘેરા ચોકલેટી રંગ બહારની તેમ જ અંદરની બાજુએ.
- તેમાં 42 ડિઝાઇનો છે, પણ વધારે સામાન્ય પ્રકારમાં વાડકા અને રકાબીઓ.




વર્તુળાકાર ઝૂંપડી, જાખેરા



માટીની દીવાલ જાખેરા




ઘરનું ભોંયતળિયું જાખેરા




સંગ્રહ કરવાનું પીપ, જાખેરા

(બ) **ઇમારતો :** મકાનો અને બીજી ઇમારતો ટટ્ટી અને લીંપણની હતી. આના પુરાવા બળેલી માટીના પટ્ટાઓ, ગારાની ઈંટો, બળેલી ઈંટો, ગારાના ઓટલા અને ગારાના પ્લાસ્ટરના ટુકડાઓમાં વાંસ અને બરૂની છાપો અહિચ્છત્રા, હસ્તિનાપુર, આંત્રાંજિખેર અને જાખેરાના ખોદકામમાંથી મળી આવ્યાં છે. ભગવાનપુરા (હરિયાણા)નાં ખોદકામો ઇમારતોનો જુદો જ તબક્કો ખુલ્લો કરે છે. પહેલા તબક્કામાં થાંભલાના કાણાં વર્તુળાકાર અને લંબચોરસ આકારનાં ઝૂંપડાં બતાવે છે, બીજો તબક્કો એક ઘર 13 ઓરડાનું અને બંને ઓરડાની વચમાં પરસાળ છે. આ મકાનને ફળિયું પણ છે.

(ક) **બીજી ચીજો :** વિવિધ જાતની ચીજો - ત્રાંબા, લોહ, કાચ, હાડકાં વગેરેની બનાવેલી ખોદકામમાંથી મળી આવી છે. આ ચીજોમાં કુહાડીઓ, ફરસીઓ, માંછલી પકડવાના હૂક અને બાણનાં માથાં છે. ભાલાનાં માથાં ફક્ત લોખંડનાં છે. ખેતીવિષયક સાધનોમાં ફક્ત લોખંડનું બનેલું દાતરડું અને ખોદવાનું સાત્રન જાખેરામાંથી મળી આવ્યાં છે.





**ચિત્રો - ગારાની દીવાલ, જાખેરા-ગારાની દીવાલ, જાખેરા**

હસ્તિનાપુર સિવાય લોહની ચીજો બધાં સ્થળોએથી મળી આવી છે. આંત્રાંજિખેરા એકલામાં જ 135 ચીજો, ભઠ્ઠી, લોખંડનો ઓગળેલો સળિયો, જમીનની સપાટી પાસેથી અને ચીપિયા વગેરે પ્રાપ્ત થયાં છે. જોધપુરમાં બે ભઠ્ઠીઓના પુરાવા છે તે બતાવે છે કે કાચું લોખંડ બીજા પ્રદેશોમાંથી પ્રાપ્ત કરાતું.

લોકો દાગીનાના શોખીન હતા. મણકાં-પકવેલી માટીના અકીક, જાસ્પર, Jaspar, ચકમક Chalcedony, વૈદૂર્યમણિ, કાચ અને હાડકાંનાં મળ્યાં છે. કાચની બે બંગડીઓ હસ્તિનાપુરથી મળી છે અને ત્રાંબાની બંગડીઓ જાખેરામાંથી મળી આવી છે. પકવેલી માટીની ચીજોમાં માનવ (સ્ત્રી અને પુરુષ) અને પશુ (વૃષભ અને ઘોડો) ની આકૃતિઓ, ચકો, દડા, કુંભારની છાપો વગેરે છે.

(4) **પાક અને પશુના અવશેષો :** હસ્તિનાપુર અને અંત્રાજિખેરામાંથી ખેડેલી જમીનના પાકના પુરાવા મળ્યા છે. પહેલા સ્થળેથી માત્ર ચોખાના અવશેષો મળ્યા છે અને બીજામાંથી ઘઉં અને જવના અવશેષો મળ્યા છે. ઘોડાના, ઢોર, ભૂંડ (ડુક્કર), બકરો અને હરણનાં હાડકાં હસ્તિનાપુર અલ્લાહપુર અને આત્રાંજિખેરામાંથી મળ્યાં છે. તેમાં જંગલી તેમ જ પાળેલાં જનાવરોનો સમાવેશ થાય છે.

(5) **વેપારી પદ્ધતિ અને સંપર્કો :** અર્ધ કિંમતી પથ્થરોના વૈવિધ્ય (જેવાં કે અકીક, Jasper, ચકમક Chalcedony, વૈદૂર્યમણિ ધરાવતા મણકાં દોઆબના PGWનાં જુદાં જુદાં સ્થળોએથી મળી આવ્યાં છે. આમાંના કોઈ પણ પથ્થરો - કાચા માલમાં - દોઆબમાં ઉપલબ્ધ નથી. આ ચીજો વેપારમાંથી મેળવી હશે. અકીક અને Chalcedony કાશ્મીર, ગુજરાત અને મધ્ય પ્રદેશમાંથી વૈદૂર્યમણિ અફઘાનિસ્તાનના બદક્ષન પ્રાંતમાંથી મળ્યા છે, આ રીતે PGW પ્રદેશોમાં રહેતા લોકોએ આવા પથ્થરો વેપાર મારફતે અથવા આ પ્રદેશોના બદલામાંથી પ્રાપ્ત કર્યા હશે.

કેટલાક આકારમાં અને કદમાં સમાંતર ભારતના વાયવ્યકોણના PGW અને માટીનાં વાસણોમાં મળ્યા છે. ખાસ કરીને ભૂખરાં વાસણો લોહની સાથે મળ્યાં છે તે બતાવે છે કે તેઓને ઘ્ઘ્જ સંસ્કૃતિઓ સાથે કેટલોક સંપર્ક હશે.

## તમારી પ્રગતિ તપાસો (ખ)

(1) BRWની લાક્ષણિકતાઓ કઈ છે ? વિવિધ પ્રદેશોમાંથી મળેલા BRWનો તફાવત દસ પંક્તિઓમાં ચર્ચો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

(2) આપણે શેને આધારે કહી શકીએ કે PGW પ્રદેશોમાં રહેતા લોકોને બીજા દેશો સાથે વેપારનો સંપર્ક હશે? પાંચ પંક્તિમાં (લીટીમાં) જવાબ લખો

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

## 10.6 ઉત્તરનાં કાળાં ચળકતાં વાસણોની સંસ્કૃતિ (Northern Black Polished Ware Culture)

પહેલાંની સંસ્કૃતિઓની જેમ ઉત્તરનાં કાળાં ચળકતાં વાસણોની સંસ્કૃતિ તેના જુદા પ્રકારનાં વાસણોથી ઓળખાઈ છે. આ વાસણો 1930માં તક્ષશિલામાં પહેલી વખત શોધાયાં અને તેના શોધકે કાળા ચળકાટને "ગ્રીક કાળાં વાસણ" તરીકે ઓળખાવ્યાં. ત્યાર પછી લગભગ 1500 NBP સ્થળો પ્રકાશમાં આવ્યાં. તે વાયવ્યકોણના તક્ષશિલા અને ઉદ્ગ્રામથી પૂર્વબંગાળમાં તાલમુક અને દક્ષિણમાં અમરાવતી (આંધ્ર પ્રદેશ)માં ફેલાયાં છે. આમાંથી લગભગ 74 સ્થળોએ ઉત્ખનન થયું છે.

**અગત્યનાં ઉત્ખનિત NBP સ્થળો.**

| સ્થળનું નામ | જ્યાં સ્થળ નક્કી થયાં છે તે રાજ્યનું નામ |
|---|---|
| રોપર | પંજાબ |
| રાજા કર્ણ-કા-કિલા | હરિયાણા |
| જોધપુર | ઉત્તરનું (રાજ્ય) |
| નોહ | રાજસ્થાન |
| અહિચ્છત્રા | ઉત્તર પ્રદેશ |
| હસ્તિનાપુર | ઉત્તર પ્રદેશ |
| આત્રંજિખેરા | ઉત્તર પ્રદેશ |
| કૌસામ્બી | ઉત્તર પ્રદેશ |
| શ્રાવસ્તિ | ઉત્તર પ્રદેશ |
| વૈશાલી | બિહાર |
| પાટલીપુત્ર | બિહાર |
| સોનપુર | બિહાર |
| ચંદ્રકેતુગઢ | પશ્ચિમ બંગાળ |

ઉત્ખનનોએ બતાવ્યું છે કે -

- કેટલાંક સ્થળોએ NBP વાસણની સંસ્કૃતિ પછી PGW થરો
- કેટલાંક સ્થળોએ NBP પછી અનુક્રમે BRW અને NBP પછી લાલરંગના ઢોળ ચઢાવેલા અનુક્રમે મળ્યા છે.

વારંવાર મળતાં વાસણોના પ્રકાર અને તેની સાથેની ચીજોના આધારે બે તબક્કાનું સૂચન થાય છે જે NBP વાસણ સંસ્કૃતિ કરતાં જુદું છે.

તબક્કો I - આ તબક્કો સંરક્ષણના તબક્કાને ઉલ્લેખે છે. આનું લક્ષણ NBPનું પ્રાબલ્ય અને BRW અને PGW ના ઠીકરાનું અસ્તિત્વ છે. જોકે તે ખૂબ થોડા જથ્થામાં છે. આ તબક્કામાં પંચમાર્ક સિક્કાઓના અને બળેલી ઈંટોની ઇમારતોનો અભાવ છે. આ બતાવે છે ઊંચી કક્ષાનો વિકાસ. આ તબક્કો અત્રાંજિકા, શ્રાવસ્તિ અને

પ્રહ્લાદપુરમાં જણાય છે.


તબક્કો II - BRW અને PGW નાં વાસણોના નમૂના આ તબક્કામાંથી પ્રાપ્ત થયા નથી. NBP વાસણો ખૂબ જ નબળી ગુણવત્તામાં (ખૂબ જાડા) છે. તે પણ ખૂબ ઓછી સંખ્યામાં મળ્યાં છે. જાડા દાણાદાર ભૂખરાં વાસણો વધારે વપરાશમાં જણાયાં છે. પંચમાર્ક સિક્કાઓ અને બળેલી ઈંટો પહેલી વખત અહીં દેખાય છે. આ તબક્કો હસ્તિનાપુર, આત્રંજિખેર, શ્રાવસ્તિ II અને પ્રહલાદપુરમાં જણાયો છે.

NBP અને PGWના સામ્યની હકીકત જોતાં કેટલાક વિદ્વાનો એમ સૂચન કરે છે કે આગળનું તો પછીનાનું સુધરેલું સ્વરૂપ છે અને તે બંને વચ્ચેનો તફાવત માત્ર તેની સપાટીની માવજતમાં જણાય છે. રાસાયણિક પૃથક્કરણ PGW, BRW અને NBPW ઉપર કરતાં સાબિત થયું છે.

NBPW નું પૂર્વ ઉત્તર પ્રદેશ અને બિહારમાં કેન્દ્રીકરણ થયું છે. તેનું મૂળ પણ આ પ્રદેશની આસપાસ હોવું જોઈએ. પાછળના સમયમાં તે ગંગાનાં મેદાનોની આગળ ફેલાયાં અને આવો ફેલાવો બૌદ્ધ ભિક્ષુઓ અને વેપારીઓને આભારી છે.

### 10.6.1 ઇમારતો (Structures)


હસ્તિનાપુર, આત્રાંજિખેર અને કૌસામ્બીનાં ઉત્ખનનોમાંથી સ્પષ્ટ થાય છે કે આ સમય દરમ્યાન બાંધકામની પ્રવૃત્તિઓ મોટા પાયે થવા લાગી હતી અને શહેરો ઊભાં થવાં લાગ્યાં.




**નકશો BRW, PGW અને NBP વાસણની સંસ્કૃતિઓ**

કૌસાંબીના ઉત્ખનનમાંથી વસાહતની રચના ખોદકામમાંથી મળી આવી છે. અહીંયાં શેરીઓ અને ગલીઓનાં ભોંયતળિયાં ઈંટોનાં મળ્યાં છે. એક રસ્તો ઈ.સ.પૂ.600 ની આસપાસ સૌ પ્રથમ થયો હતો તેને કેટલીક વખત

ફરીને ગોઠવ્યો છે. (પહોળાઈ 5.5મી. અને 2.5મીના વધઘટમાં) અને ઈ.સ. 300 સુધી ઉપયોગમાં ચાલુ હતો. મકાનો પકવેલી ઈંટોનાં બનાવેલાં હતાં અને મકાનની રચનામાં ઇમારતી લાકડું વપરાયાના પુરાવાઓ થાંભલાનાં કાણાં અને દરવાજાનાં બારીબારણાંના આધાર પણ પ્રાપ્ત થયા છે. ઘરોનાં છાપરાંઓ નળિયાથી ઢંકાયેલાં હતાં. ઓરડાઓ ચોરસ કે લંબચોરસ હતા. આ તમામ બતાવે છે કે મકાન માટેની વ્યવસ્થિત પ્રવૃતિ હતી. હસ્તિનાપુરનાં ખોદકામોએ આગળ બતાવ્યું છે કે ત્યાં પરિશ્રમપૂર્વક તૈયાર કરેલી ગટર યોજના હતી. કેટલીક વસાહતોને ગારા કે ઈંટોની દીવાલની કિલ્લેબંધી હતી અને કિલ્લેબંધીને વીંટળાઈને ખાઈ બનાવેલી હતી. કૌસામ્બીના કિલ્લેબંધીને વ્યવસ્થિત અંતરે રક્ષક માટેના ઓરડાઓ, મિનારાઓ અને દરવાજાઓ હતા.



ચિત્ર NBP માટીનાં વાસણો

એક અગત્યનો પ્રશ્ન અહીં પૂછવાનો છે કે શું આ ઇમારતો આપણને તે સમયના સામાજિક કે રાજકીય જીવન વિશે કાંઈ કહે છે ? ચોક્કસ દા. ત.

- કિલ્લેબંધી ચઢાઈ અંગેનાં સંરક્ષણાત્મક પગલાં બતાવે છે અને રાજકીય મનોદશા વિશે કહે છે,
- ગટરયોજના લોકોના આરોગ્યને લગતો ખ્યાલ બતાવે છે તે ઉપરાંત આ સંબંધમાં તેઓ કેટલા આગળ હતા તે પણ બતાવે છે.
- મોટાં મકાનો જેવાં કે કિલ્લેબંધીના બાંધકામ માટે મોટી સંખ્યામાં લોકોની જરૂર પડે. આને માટે કોઈ સત્તા દ્વારા કામદારોને તૈયાર કરવા જોઈએ.

### 10.6.2 માટીનાં વાસણો (Pottery)

NBP વાસણોનું મુખ્ય લક્ષણ તેની સપાટીનો ચળકાટ છે. તે ઝડપથી ફરતા ચક્ર ઉપર અને સરસ ઝીણી માટીને પલાળીને રગડો બનાવીને બનાવાતાં. વાસણોનો મધ્યભાગ કેટલાંકમાં ખૂબ પાતળો 1.5 મિ.મી. છે. ચળકતી કાળી સપાટી ઉપરાંત NBP વાસણો સોનેરી, રૂપેરી, સફેદ, ગુલાબી, પોલાદના જેવાં વાદળી, ચોકલેટી અને બદામી રંગનાં જડ્યાં છે. કેટલાંક વાસણો સજ્જડ (અર્થાત્ ભાંગેલા ટુકડાને સાંધીને બનાવેલા) બનાવેલાં વાસણ પણ કેટલીક જગાઓથી (દા.ત. રોપર, સોનપુર) બતાવે છે કે NBP વાસણો કેટલાં કિંમતી હતા. આની સાથે બીજા પ્રકારનાં વાસણોનું અસ્તિત્વ આપણને અનુમાન કરવા પ્રેરે છે કે NBP મોજશોખ માટેનાં વાસણો હતાં. અને દરેકને તે ઉપલબ્ધ ન હતાં અને આપણને સૂચવે છે કે સમાજમાં કે જ્યાં NBP વાસણો વપરાતાં તે સમાજ બે અસમાન સમૂહમાં વહેંચાયો હતો.

જોકે NBP વાસણ સામાન્ય રીતે ચીતરેલાં નથી. કેટલાંક ચીતરેલાં ઠીકરાં મળ્યાં છે. ચિત્રો પીળા અને આછા હિંગલોક (કેસરી) રંગમાં બનાવ્યાં છે. સામાન્ય ડિઝાઇનોમાં સાદા પટ્ટા, તરંગિત રેખાઓ, ટપકાં, સમકેન્દ્ર અને બીજાં વર્તુળોને કાપતાં, અર્ધ-વર્તુળાકાર કમાનો અને ઝુલગવાક્ષો છે. ખૂબ સામાન્ય પ્રકારનાં વાસણોના આકારમાં કમાનવાળા વાડકા અને અમુક પ્રકારની તાસકો છે.

### 10.6.3 અન્ય ચીજો (Other Objects)

NBP વાસણના થરોમાંથી કેટલાક પ્રકારનાં ઓજારો, હથિયારો, દાગીના અને બીજી વસ્તુઓ ત્રાંબા, લોહ, સોનું, ચાંદી, પથ્થર, કાચ અને હાડકાંની બનેલી મળી આવી છે. આ બતાવે છે કે તેઓની શાસ્ત્રીય પ્રગતિ આ સમય દરમિયાન થઈ હતી જેનો બીજો પુરાવો પ્રાચીન બૌદ્ધ ગ્રંથો ઘણી કલા અને કારીગરી બતાવે છે. જાતકોમાં 18 સંઘ દા.ત. તેઓ લાકડાના, ધાતુના, પથ્થરના, કિંમતી અને અર્ધકીમતી પથ્થરો, ધાતુ, વણાટકામ વગેરેના કારીગરો છે.

ત્રાંબાની ચીજો ઘણે સ્થળેથી મળી છે. તેમાં ફરસી, ચપ્પા, કાણાં પાડવાનું, ટાંકણીઓ, સોયો, સુરમો આંજવાની સળીઓ, નખ સરખા કરવાનું લોહવલય, ફીરકી અને બંગડીઓનો સમાવેશ થાય છે.


લોહની ચીજો ઘણી મળી છે છતાં જો તેને ધ્ક્જ ના સમયમાં સરખાવીએ તો તેમાં મોટા પ્રકારનું તેના આકારમાં વૈવિધ્ય બતાવે છે. કૌસામ્બીના એકલા સ્થળેથી 1,115 લોખંડની ચીજો સી. ઈ.સ.પૂ. 800 થી ઈ.સ.550ના ગાળાના થરોમાંથી મળી આવી છે. તેઓમાં સમાવેશ થાય છે.

(અ) કૃષિવિષયક ઓજારો જેવાં કે ખોદવાનાં સાધનો અને દાતરડાં અને કારીગરોનાં ઓજારો જેવાં કે કુહાડીઓ, વાંસલો (સુથારનું સાધન), ફરસી અને સ્ક્રૂના ખીલા


(બ) હથિયારો જેવાં કે તીરનાં માથાં, બરછી અને ભાલાનાં માથાં

(ક) પરચૂરણ વસ્તુઓમાં છરા, જુદી જુદી જાતના હાથાઓ, હૂક, ખીલા, રીવેટ સજ્જડ બેસાડેલો ખીલો, ફીશ પ્લેટ (Fish Plates), વીંટીઓ અને નાની ઘંટડીઓ.

NBP સંસ્કૃતિના મધ્ય તબક્કામાંથી ચાંદીના પંચ માર્ક સિક્કાઓ જડ્યા છે. આ બતાવે છે કે આદાન- પ્રદાનની પદ્ધતિમાંથી માલસામાનના બદલામાં ધાતુનું ચલણ તરફનું વલણ સૂચવે છે.



પંચમાર્ક સિક્કાઓ




**લોહનાં ઓજારો : 1-3 બાણનાં માથાં, 4 કુંભારનો વાંસલો 5 ખોદવાનું સાધન 6-7 દાતરડા, 8 કટાર, 9 ફરસી**

## 10.6.4 ઘરેણાં (Ornaments)

અર્ધકિંમતી પથ્થરોના મણકા, કાચના, માટીના, ત્રાંબાના, છીપના અને હાડકાના ઘણા પ્રમાણમાં મળી આવ્યાં છે. તેનો સામાન્ય ઘાટ વર્તુળાકાર, દંડાકાર, શંકુઆકાર, લાંબા નળાકાર, પીપ જેવા અને ચોરસ છે. કેટલાક મણકા નકશીદાર છે. એક સોનાનો મણકો કૌસામ્બીમાંથી મળ્યો છે (આશરે ઈ.સ.પૂ.300)

બીજાં અલંકારો બંગડીઓ છે. તે પકવેલી માટીની, ફાયેન્સ નાજુક માટીકામની, કાચ, શંખ, પથ્થર, ત્રાંબાની બનાવેલી છે. આંગળી ઉપર પહેરવાની વીંટીઓ ત્રાંબા, લોહ, શિંગડાની અને માટીની, (ગળામાં પહેરવાના હારના લટકતા) ચકતા પકવેલી માટીના, અકીકના અને ચકમકના. આ બધી શોધેલી ચીજો આપણને કહે છે

- સમાજમાં અલંકારોનો ઉપયોગ
- તે બનાવવા માટે કુશળ કારીગરોનું અસ્તિત્વ

- તેમને બનાવવા માટેની કલાવિજ્ઞાનની કક્ષા
- વેપાર અથવા સાટાની બીજા પ્રદેશો સાથેની પ્રવૃત્તિઓ વિવિધ પ્રકારના અર્ધ કીમતી પથ્થરો મેળવવાની.

### 10.6.5 પકવેલી માટીની આકૃતિઓ (Terracotta Figurines)

આમાં માનવ અને પશુની આકૃતિઓ તેમ જ ઇતર ચીજોનો સમાવેશ થાય છે.

મોટા ભાગે માનવાકૃતિઓ બીબામાં ઢાળીને બનાવેલી છે. પુરુષ આકૃતિઓ સામાન્ય રીતે સાદો પરંતુ થોડાંકમાં શિરોવેષ્ટન છે. સ્ત્રી આકૃતિઓમાં પરિશ્રમપૂર્વક તૈયાર કરેલો કેશભૂષા, કાનનાં આભૂષણો, ગળાના હાર અને કંદોરા છે. પશુ આકૃતિઓ હાથથી બનાવેલી પણ નમૂનેદાર છે. તેમાં ઘોડા, બળદ, ઘેટાં અને હાથી છે.

વિવિધ પકવેલી માટીની ચીજોમાં રમકડાનાં ગાડાં, સાદા અને પશુના મસ્તકવાળા રમવાના પ્યાદા, ચક્રો, દડા, અને કુંભારની છાપો છે. આ સંસ્કૃતિના પછીના તબક્કામાં મુદ્રા અને મુદ્રાંકનોમાં બ્રાહ્મી લિપિમાં લેખ કોરેલા છે. આ બધી શોધાયેલી ચીજો આ સ્થળોમાં વસતા લોકો વિશે ઘણું કહે છે. જેમકે રમકડાંનાં ગાડાં. વાહનવ્યવહાર માટે ગાડાનો ઉપયોગ થતો.

### 10.6.6 આજીવિકા, અર્થવ્યવસ્થા અને વેપાર (Subsistence Economy and Trade)

પુરાતત્ત્વીય અવશેષો બતાવે છે કે ચોખા, ઘઉં, બાજરી, વટાણા અને કાળા ચણાની ખેતી થતી. અને આમાંના કેટલાંક સ્થળોએથી પશુઓના મળેલા અવશેષો પશુઓનો આધાર, ઘેટાં, બકરાં, ડુક્કર અને માછલી સૂચવે છે. વિવિધ જાતના મણકાના ઉદ્ભવ કેટલાંક સ્થળોએથી સામાન્ય રીતે મળે છે તેમાં વ્યાપારના પુરાવા જણાય છે. આના આધારે એમ જણાય છે કે વેપાર તક્ષશિલા, હસ્તિનાપુર, અહિચ્છત્રા, શ્રાવસ્તિ અને કૌસામ્બી (આશરે 600 ઈ.સ.પૂ. થી 200 ઈ.સ.પૂ.) વચ્ચે અસ્તિત્વમાં હતો. આ વિચારને અનુમોદન બૌદ્ધ ગ્રંથોમાં મળતા વેપારી વર્ગો અને ઊંટો, ઘોડા, ખચ્ચર, બળદો અને ભેંસોના સાર્થવાહોના ઉલ્લેખોમાં છે. છઠ્ઠા અને ઈ.સ.પૂ. ત્રીજા સૈકા વચ્ચે ભારત અને પશ્ચિમના દેશો વચ્ચે વેપાર હતો. નિકાસની મુખ્ય જાતોમાં વણાટકામ, મશાલા અને કદાચ લોખંડ અને પોલાદની તૈયાર ચીજો હતી. અર્થશાસ્ત્ર (ભાગ II) માંથી જણાય છે કે રાજ્યે માત્ર વેપાર ઉપર દાબ નહોતો રાખ્યો પણ તેણે ઉદ્યોગો જેવાં કે સોનું, ત્રાંબું, લોખંડ, સીસું, ટીન, ચાંદી, હીરા, રત્નો અને કીમતી પથ્થરો ઉપર પોતાનો ઇજારો રાખ્યો હતો.

**તમારી પ્રગતિ તપાસો (ગ)**

(1) NBP વાસણની સંસ્કૃતિ નામ ક્યાંથી મેળવ્યું ? ત્રણ પંક્તિમાં લખો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

(2) નીચેનામાંથી કયાં વિધાનો સાચાં (✓) છે કે ખોટાં (X) નિશાની કરો :

(અ) NBP વાસણ મોજશોખનાં હતાં.

(બ) એવું સૂચવાયું છે કે NBP સંસ્કૃતિને ચાર તબક્કા હતા.

(ક) સાહિત્યિક ઉલ્લેખો પુરાતત્ત્વવિદોના નિર્ણયને ટેકો કરે છે કે વેપારી પ્રવૃત્તિઓ NBP સમય દરમિયાન થઈ.

(ડ) કોઈ પણ NBP વસાહતોને કિલ્લેબંધી હતી.

## 10.7 તામ્રપાષાણ સંસ્કૃતિ : પશ્ચિમ, મધ્ય અને પૂર્વ ભારત (Chalcolithic Cultures of Western, Central and Eastern India)

કેટલાંક સ્થાનિક તામ્રપાષાણયુગમાં પ્રાચીન ખેતીની સંસ્કૃતિઓ પશ્ચિમ, મધ્ય અને પૂર્વ ભારતમાં હતી અને બીજા અને 1000ના ઈ.સ.પૂ.માં આબાદ થઈ. આ સંસ્કૃતિઓ મુખ્યત્વે ગ્રામ્ય વસાહતોમાં હતી અને તેઓ વચ્ચે કેટલાંક સામાન્ય તત્ત્વો હતાં. આ સંસ્કૃતિનાં સ્પષ્ટ લક્ષણો છે :

- ચિત્રિત વાસણો, મુખ્યત્વે કાળાં ઉપર રાતાં અને
- ઉચ્ચ વિશિષ્ટતાવાળા પથ્થરની ધારદાર પતરી/ સીલિકાના પથ્થરોનો કાતરોનો ઉદ્યોગ.

ત્રાંબું જાણીતું હતું પરંતુ તેનો ઉપયોગ મર્યાદિત હતો કારણ આ ધાતુ ખૂબ થોડી મળતી. વસાહતો વર્તુળાકાર અને લંબચોરસ ઝૂંપડાંની બનેલી હતી અને કેટલ ાંક ઉદાહરણોમાં ખાડામાં (બખોલમાં) રહેઠાણો પણ જાણીતાં


છે. અર્થવ્યવસ્થા ખેતી અને પશુઉછેર ઉપર આધારિત હતી. આ સંસ્કૃતિઓ તેમનાં સ્થળોના પ્રકાર પ્રમાણે નામ પામતી.

**તામ્રપાષાણ સંસ્કૃતિઓ**

| સંસ્કૃતિનું નામ | સમય |
|---|---|
| Kayatha કાયથા | 2000-1800 ઈ.સ.પૂ. |
| આહર અથવા બનાસ | 2000-1400 ઈ.સ.પૂ. |
| Savalda સવલ્દા | 2000-1800 ઈ.સ.પૂ. |
| માળવા | 1700-1200 ઈ.સ.પૂ. |
| | 1700-1400 ઈ.સ.પૂ. મહારાષ્ટ્રમાં |
| પ્રભાસ | 1800-1500 ઈ.સ.પૂ. |
| રંગપુર | 1400-700 ઈ.સ.પૂ. |
| Chirand ચીરંદ | 1500-750 ઈ.સ.પૂ. |

મહારાષ્ટ્રના તાપીના ખીણમાં ઉત્તરકાલીન હડપ્પન બિન-શહેરી રહેણાંકો (લગભગ 50) જાણીતાં છે (1800-1600 ઈ.સ.પૂ.) Daimabad દીઆમાબાદના ઉત્ખનને બતાવ્યું છે કે ઉત્તરકાલીન હડપ્પનો છેક દક્ષિણ પ્રવર ખીણ (મહારાષ્ટ્ર)માં ચાલ્યા ગયા.

કાયથ સંસ્કૃતિ કાયથાનાં સ્થળ (ઉજ્જૈનની પૂર્વે 25 કિ.મી.) ઉપરથી નામ આપવામાં આવ્યું. કાયથ કાલિસિંધ નદીના કિનારે અને ચંબલ નદીના સમૃદ્ધ સ્થળે નક્કી થયું છે. આહર અથવા બનાસ સંસ્કૃતિ બનાસ નદીના નામ




(નકશો - તામ્રપાષાણ સ્થળો - પશ્ચિમ અને મધ્ય ભારતમાં)

પરથી પડી છે. તેના સ્થળનો પ્રકાર આહર (રાજસ્થાનમાં ઉદેપુર) છે. 50 ઉપરાંત આ સંસ્કૃતિનાં સ્થળો બનાસની ખીણમાં અને રાજસ્થાનના અગ્નિકોણમાં Berach જાણીતાં છે. સેવલ્દાના પ્રકારની સંસ્કૃતિનું સ્થળ સેવલ્દા Savalda (ધુળિયા જિલ્લો, મહારાષ્ટ્ર) છે. તે મુખ્યત્વે તાપી નદીમાં નિશ્ચિત છે. પણ દીઆમાબાદનો પુરાવો સૂચવે છે કે તે પ્રવર ખીણ સુધી પહોંચી છે. નર્મદાના કિનારે માળવા સંસ્કૃતિ ખોદકામ દરમિયાન મહેશ્વર અને નવડાતોલી (નિમાર જિલ્લો, મધ્ય પ્રદેશ)માં શોધાઈ. આ સંસ્કૃતિને આ નામ આપવામાં આવ્યું કારણ માળવા પ્રદેશમાં મોટી સંખ્યામાં આવાં સ્થળો પ્રકાશમાં આવ્યાં. માળવાના લોકોએ મહારાષ્ટ્રમાં લગભગ 1600 ઈ.સ.પૂ. સ્થળાંતર શરૂ કર્યું. કેટલીક વસાહતો તાપી, ગોદાવરી, અને Bhima ભીમા ખીણમાં શોધાઈ. મહારાષ્ટ્રમાં માળવા સંસ્કૃતિની વિશાળ વસાહતો પ્રકાશ (ધુળિયા જિલ્લો) ડીઆમાબાદ (અહમદનગર જિલ્લો) અને ઈનામગાંવ Inamgaon (પૂણે જિલ્લો)માં હતી. ગુજરાતમાં પ્રભાસ અને રંગપુર સંસ્કૃતિઓ તેમના પ્રકારનાં સ્થાનો પ્રભાસપાટણ અને રંગપુરથી જાણીતી થઈ. જોર્વા સંસ્કૃતિના પ્રકારનું સ્થાન મહારાષ્ટ્રમાં (અહમદનગર જિલ્લામાં) જોર્વે છે. પ્રકાશ, ડીઆમાબાદ અને ઈનામગાંવની સંસ્કૃતિ પછી વિશાળ રહેણાંકોવાળી જોર્વે સંસ્કૃતિ અનુક્રમે આવી.

પૂર્વે ભારતમાં પથ્થર અને ત્રાંબું વાપરતી કૃષિ પ્રજાના અહેવાલો પ્રાપ્ત થયા છે. ઉત્તર ભારતમાં ચિરંદ Chirand નામના સ્થળેથી પ્રાચીન ગ્રામ્ય વસાહતના અવશેષો મળ્યા છે. લોકો વાંસ અને ગારાના પ્લાસ્ટરનાં બનાવેલાં નાનાં ઘરોમાં રહેતા. તેઓ ચોખા અને માછલી અને ઘણાં જંગલી પશુઓ શિકાર કરેલાં ખાતા. તેઓ કાળાં અને રાતાં વાસણો વાપરતા. આજ પ્રકારની વસાહતો ગોરખપુરમાં સહગૌર Sahgaura (યુ.પી.) અને ગયા (બિહાર)માં સોનપુર મળ્યાના અહેવાલો છે. અહીં લોકો ઘઉં અને જવ પણ ઉગાડતા. પશ્ચિમ બંગાળમાં પાંડુ-રાજર-ધીલુ (બર્દવાન જિલ્લો) અને બીરભૂમ જિલ્લામાં મહીસદલ Mahisdal સ્થળોએથી આવા જ પુરાવાઓ પ્રાપ્ત થયા છે. આ બધી વસાહતો ઈ.સ.પૂ. 1500 થી 750ના ગાળામાં મનાય છે.

આ સંસ્કૃતિઓનાં વિવિધ લક્ષણો તપાસીએ :

### 10.7.1 માટીનાં વાસણો પારખવાનાં લક્ષણો (Pottery : Diagnostic Features)

આપણે તામ્રપાષાણ સંસ્કૃતિનાં માટીનાં વાસણોનું ટૂંકમાં અવલોકન કરીએ. કાયથ વાસણોની બનાવટના ત્રણ પ્રકારનાં લક્ષણો છે :

- જાડાં અને મજબૂત લાલ ઢોળવાળાં કાળાં બદામી રંગની ડિઝાઇનથી ચીતરેલાં.,
- રાતાં ચીતરેલાં બદામી રંગનાં વાસણ (આ વાસણો પાતળાં અને ખૂબ બારીક બનાવટના), અને
- દાંતાવાળાં વાસણ જેમાં કોરેલી આકૃતિઓ પણ સામાન્ય રીતે ઢોળ વગરનાં.

મોટા ભાગના મજબૂત લાલ ઢોળવાળા ઘડાઓને ગોળ પડઘી જણાય છે. ગોળ પડઘી હડપ્પાના પહેલાંના સોથી પ્રકારને યાદ આપે છે.

> સોથી સંસ્કૃતિ (રાજસ્થાનમાં) ઘગ્ઘર ખીણનાં કેટલાંક સ્થળોને કારણે જાણીતી છે. તેમાંથી કેટલાંક માટીનાં વાસણો મળ્યાં છે તે કાલિબંગનના પ્રાક્-હડપ્પન માટીનાં વાસણોને મળતાં છે.

આહાર માટીનાં વાસણોમાં ઘણા પ્રકારનાં વાસણો છે પણ તેના સૌથી વધુ લાક્ષણિક પ્રકારમાં કાળાં અને રાતાં વાસણ સફેદ રંગથી ચીતરેલાં છે. સાવલદા સંસ્કૃતિનું લક્ષણ કાળા ઉપર લાલ ચિતરેલાં માટીનાં વાસણો, તેના ઉપર પ્રાકૃતિક ડિઝાઇનો જેવી કે પક્ષીઓ, પશુઓ અને માછલીઓ છે.


માળવાનાં વાસણ ખૂબ જાડા પોતવાળાં અને તેના ઉપર જાડો બદામી રંગનો ઢોળ છે તે ઉપરની ડિઝાઇન કાળા અથવા ઘેરા બદામી રંગની છે.

પ્રભાસ અને રંગપુરનાં વાસણો હડપ્પાના કાળા-ઉપર-રાતા ચિત્રિત વાસણોમાંથી ઉદ્ભવ્યાં છે. પણ પછીનાં વાસણોને ચળકાટ છે તેનો ચમકતા લાલ વાસણ તરીકે નિર્દેશ થયો છે.

જોર્વે વાસણ કાળા-ઉપર-લાલ ચીતરેલાં છે અને તેની ચળકાટ વગરની ઝાંખી સપાટીને લાલ ઢોળ આપેલો છે.

આ લાક્ષણિક સ્વરૂપો ઉપરાંત આ બધી સંસ્કૃતિઓ મુખ્યત્વે લાલ અથવા ભૂખરા વાસણોની સાથે સંલગ્ન છે. વાસણો ચક્ર ઉપર થયેલાં છે છતાં કેટલાંક હાથના બનાવેલાં પણ છે. વાસણોના આકારો સામાન્ય રીતે આ સંસ્કૃતિમાં વાડકા, કથરોટ, ગોળાકાર બરણીઓ જેનો અંતર્ગોળ કંઠનો ભાગ, તાસકો અને લોટા (નાના લોટા કોલાવાળા, નીચેના તળિયાનો ભાગ કંદાકાર અને ધીરેધીરે બહાર નીકળતી ધાર વગેરે. માલવા વાસણોનું જુદું તરી આવતું લક્ષણ તે નાના પીવાના પ્યાલા, અને તેની મજબૂત બેસણી, અને જોર્વેની સંસ્કૃતિનું સ્પષ્ટ લક્ષણ

તે ધારવાળા વાડકા, નાળચાવાળાં વાસણો અને તેનો મુખભાગ ધીરેધીરે બહાર આવતો અને ઊંચી ડોકવાળા ઘડા જેવા પ્યાલા




**માળવા સંસ્કૃતિનાં માટીનાં વાસણો**

## 10.7.2 અર્થવ્યવસ્થા (Economy)

જે મોટા પ્રદેશમાં તામ્રપાષાણ સંસ્કૃતિ ફેલાઈ છે તે કાળી કપાસ માટેની જમીનનો પ્રદેશ છે. અહીંની આબોહવા થોડી સૂકી અને વરસાદ 400 થી 1000 મી.મી વચ્ચે થાય છે. આ તામ્રપાષાણ સંસ્કૃતિની અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર ખેતી ઉપર ગુજરાન અને જથ્થો ઊભો કરવો. જંગલી રમતો અને બીજો ખોરાકનો આધાર જેમ કે માછલી બીજાં કેટલાંક સ્થળોએથી પ્રાપ્ત છે.

**(i) ખેડીને તૈયાર કરેલો પાક :** કેટલાંક સ્થળોના ખોદકામમાંથી મળેલા બળી ગયેલાં બીજના અવશેષો સ્પષ્ટ કરે છે કે વિવિધ પ્રકારના પાક આ ખેડૂત પ્રજા ઉત્પન્ન કરતી. મુખ્ય પાક જવ, ઘઉં, ચોખા, બાજરા, જુવાર, દાળ, ચણા (ઘોડા માટેના મોટા), કઠોળ, વટાણા, કાળા ચણા અને લીલા ચણા હતો.

બીજા ઉપયોગી છોડમાં જાંબુ, બેહડા, જંગલી ખજૂર, બોર અને હરડે વગેરે.


જવ આ સમયનું મુખ્ય કઠોર (ધાન્ય) હતું. ઇનામગાંવના પુરાવા બતાવે છે કે પાક ક્રમ પ્રમાણે લેવાની પદ્ધતિ હતી. ઉનાળુ અને શિયાળુ પાકનો સંચય કરાતો અને કૃત્રિમ નહેર હતી. પ્રારંભના જોર્વેના ગાળામાં (આશરે 1440 થી 1000 ઈ.પૂ.) ઇનામગાંવમાં એક ભવ્ય બંધ (240 મી. લાંબો અને 2.40 મી પહોળો) નહેર (200 મી. લાંબી, 4 મી પહોળી અને 3.5 મી ઊંડી)માંથી પૂરના પ્રવાહને વાળવા માટે બંધ ાયો હતો.

કાળી કપાસની જમીન ખેતીને માટે ખેડવામાં આવતી. (હળમાં ભરાવાતી કોશના જેવો નમૂનો) પશુના ખભાના હાડકામાંથી બનાવેલો વાલ્કી (ઇનામગાંવથી બહુ દૂર નહીં)માંથી મળી આવ્યો છે.

**(ii) પશુઓ :** ઉત્ખનને પાળેલાં અને જંગલી જનાવરો બંનેના પુરાવાઓ આપ્યા છે.

(i) તામ્રપાષાણ કાળમાં પાળેલાં પશુઓમાં ઢોર, ઘેટાં, બકરાં, કૂતરા, ડુક્કર અને ઘોડા હતા. ઢોર અને ઘેટાં/બકરાંના હાડકાં લગભગ બધાં સ્થળેથી મુખ્યત્વે મળ્યાં છે આ પશુઓનાં હાડકાં ઉપરના જખમ અને તેના ટુકડાઓનાં નિશાનો બતાવે છે કે તેઓના ખોરાક માટે વધ કરાતો હશે. આ હાડકાંની ઉંમર બતાવે છે કે મોટા ભાગનાં પશુઓ જ્યારે તેઓ નાનાં હતાં તેમની ઉંમર ત્રણ મહિનાથી ત્રણ વર્ષની ત્યારે તેઓનો વધ થયો હતો.

(ii) જંગલી જાતિઓમાં કાળો કાળિયાર, ચાર શીંગડાવાળા સાબર, નીલીગાય, બારાસિંઘા, સાંબર ચીતલ, જંગલીભેંસ અને એક શૃગી ગેંડો છે.



**હાડકાનું કોશ જેવું ઓજાર - વાલ્કીમાંથી**

માછલી, જળકૂકડી, કાચબો અને કરડી ખાનાર પ્રાણી (કદાચ ઉંદર)નાં હાડકાં કેટલાંક સ્થળોએથી મળી આવ્યાં છે. દરિયાઈ માછલીની જાતોના હાડકાં ઇનામગાંવથી મળ્યાં છે. આ માછલીનું મૂળ કલ્યાણ અથવા મહાડ Mahad પાસેમાં પાસે ખાડીનું બંદર ઈનામગાંવની પશ્ચિમે 200 કિ.મી છે.

પાળેલાં તેમ જ જંગલી જાતોનાં બળેલાં હાડકાં બતાવે છે કે ખુલ્લા અગ્નિમાં તે રંધાતાં હશે.


### 10.7.3 મકાનો અને રહેણાકો (Houses and Habitations)

આ સંસ્કૃતિની મકાનોની ડિઝાઇનોને ટૂંકમાં આપણે તપાસીએ. લંબચોરસ અને વર્તુળાકાર ઘરો, ગારાની દીવાલો અને પરાળનાં બનાવેલાં છાપરાં ખૂબ સામાન્ય પ્રકારનાં છે. જોકે મકાનોના કદમાં સ્થળે સ્થળે ફેર છે.

(i) સાવલ્દા Savalda સંસ્કૃતિનાં ઘણાં મકાનો એક ઓરડાનાં લંબચોરસ ઘરો હતાં પણ કેટલાંક બે કે ત્રણ ઓરડાનાં છે. આહારના લોકો મકાનો ખનીજોના પથ્થરોની બનાવેલી પીઠ (પ્લીન્થ) ઉપર બાંધતા. દીવાલો ગારાની અથવા ગારાની ઈંટોની આ પીઠ ઉપર બંધાતી દીવાલો ચકમકના ટુકડાથી સુશોભિત હતી અને ભોંયતળિયું માટી અથવા માટી નદીની કાંકરી સાથે મિશ્રણવાળી હતી.

(ii) આહારનાં મકાનોનું કદ 7 મિ. X 5 મિ. અને 3 મિ X 3 મિ. ની વચમાં હતું અને સૌથી લાંબું મકાનનું માપ લંબાઈમાં 10 મી.થી વધુ હતું. મોટાં મકાનોમાં વિભાગો માટે દીવાલો અને ચૂલા અને રસોડામાં ચકમકની બેઠકવાળી ઘરઘંટી હતી.

(iii) માળવા વસાહતો નવડાતોલી, પરકાશ, દીઆમાબાદ અને ઇનામગાંવમાંથી મળેલી વસાહતો કરતાં ઘણી મોટી છે. ઇનામગાંવનો પુરાવો સૂચવે છે કે કોઈક પ્રકારનું આયોજન વસાહતના નકશા માટે સ્વીકારવામાં આવ્યું હતું. ઇનામગાંવમાં 20 થી વધુ મકાનો ખુલ્લાં કરવામાં આવ્યાં છે. મોટા ભાગના હારબંધ પૂર્વ-પશ્ચિમાભિમુખ હતાં. જોકે આ મકાનો એકબીજાની પાસે બંધાયાં હતાં. તેઓની વચ્ચે જગા લગભગ 1.2મી જે એક ગલી જેમ ખપ લાગે. ઇનામગાંવનાં આ મકાનો પહોળાં (7 મિ. X 5 મિ.) લંબચોરસ ઇમારતોમાં વિભાગ પાડવા દીવાલ હતી.



માલવા કાલ દરમિયાન ઇનામગાંવનાં મકાનોનો નકશો.

મકાનોને નીચી ગારાની દીવાલ અને છાપરાનો ત્રિકોણાકાર ટોચ (ગેબલ) હતી. ઘરની અંદર મોટો અંડાકાર અગ્નિ માટેના ઊંડા ખાડાની બાજુઓ ઊંચી હતી જેથી અગ્નિને કાબૂમાં રાખી શકે. નવડાટોલીના ઘરોમાં એક કે બે મુખવાળા ચૂલા રસોડામાં હતા. અનાજ ઊંડા ખાડામાં જ્યાં હવાની અવરજવર (11 મ. વર્તુળાકારનો વ્યાસ /ને 9મિ.) ઊંડા ના થઈ શકે તેમાં સંઘરાતા ઘરોની અંદર વર્તુળાકાર ગારાના ઓટલાઓ એમ સૂચવે છે કે કદાચ અનાજના સંગ્રહ કરેલા નેતરના પીપને રાખવા માટે હશે.

(iv) જોર્વે સંસ્કૃતિના અર્થયુક્ત લક્ષણ (જેમાં 200 થી વધુ સ્થળો અત્યાર સુધી જાણીતાં થયાં છે. જો કે તેમાંના મોટાભાગનાં ગામડાં 1 થી 4 હેક્ટરમાં વર્ગીકૃત થઈ શકે) દરેક પ્રદેશમાં મોટા કેન્દ્રની હાજરી છે. આ કેન્દ્રો પ્રકાશ, ડિઆમાબાદ અને ઇનામગાંવ અનુક્રમે તાપી, ગોદાવરી અને ભીમા ખીણોમાં છે. ડિઆમાબાદની જોર્વેની વસાહત સૌથી મોટી લગભગ 30 હેક્ટરથી વધુ ક્ષેત્રફળને આવરી લે છે. પ્રકાશ અને ઈનામગાંવ દરેક આશરે 5 હેક્ટરને આવરી લે છે.

(v) જોર્વે વસાહત (પ્રાચીન અને ઉત્તરકાલીન)નું ઇનામગાંવ ખાતેનું નોંધપાત્ર લક્ષણ કારીગરોનાં મકાનો જેમ કે કુંભાર, સોની, રત્નો ઉપર પાસા પાડનાર, હાથીદાંત કોતરનાર વગેરે મુખ્ય રહેણાંકના પશ્ચિમની પરિધિમાં સ્થિર થયાં હતાં જ્યારે શ્રીમંત ખેડૂતો મધ્ય ભાગમાં વસતા. કારીગરોનાં મકાનો શ્રીમંતો કરતાં નાનાં હતાં. આ બંને મુદ્દાઓ અર્થાત્ સ્થાન અને મકાનોનું કદ સમાજમાં કારીગરોનું સ્થાન નીચેનું એમ સામાજિક ભેદ બતાવે છે.

અન્ય રસપ્રદ બાબત એ છે કે કેટલાંક તામ્રપાષાણ સ્થળોને તેમની વસાહતોની આસપાસ કિલ્લેબંધીની દીવાલ છે. દાખલા તરીકે માલવા સંસ્કૃતિના એરણ અને નાગદા (મધ્ય પ્રદેશ) અને ઇનામગાંવ (જોર્વેના સમય દરમિયાન) ને ગારાની કિલ્લેબંધીની દીવાલને પથ્થરના ટુકડાના બુરજો અને રહેઠાણની ફરતી ખાઈ છે.

ઇનામગાંવનાં પ્રારંભના જોર્વે (1400-1000 ઈ.સ.પૂ.)થી ઉત્તર કાલીન જોર્વે (9000-700 ઈ.સ.પૂ.) મકાનોના પ્રકારમાં ફરક નોંધાયો છે.

શરૂઆતનાં જોર્વે મકાનો-મોટી લંબચોરસ ઇમારતો નીચી ગારની દીવાલો (આશરે 30 સે.મી. ઊંચી) ફરતી ટટ્ટી અને લીંપેલી રચનાથી વીંટાયેલી હતી. આ મકાનો વ્યવસ્થિત હારમાં અને તેની લાંબી ધરો પૂર્વ-પશ્ચિમાભિમુખ હતી. આ મકાનોની વચમાં ખુલ્લી જમીન (આશરે 1.5મિ. પહોળી) કે જે રસ્તો અથવા શેરી તરીકે વપરાતી. ત્યારે બીજી બાજુએ ઉત્તરકાલીન જોર્વે મકાનો ગરીબાઈનું ચિત્ર રજૂ કરે છે. મોટા લંબચોરસ ઝૂંપડાં બંધાતાં બંધ થયાં અને તેને બદલે નાનાં ગોળાકાર ઝૂંપડાં (નીચી ગારાની દીવાલો સાથે) ત્રણ કે ચારના સમૂહમાં થતાં. હવાની અવરજવર વગરના ખાડાની જગાએ અનાજ ભરવાની ચાર પાયાવાળી કોઠીઓ ચાર સપાટ પથ્થરો ઉપર ટેકવાતી.

એકંદરે આ પુરાવાઓ બતાવે છે કે શરૂઆતના જોર્વેમાંથી ઉત્તરકાલીન જોર્વે તરફનું આ સ્થળાંતર વરસાદના અભાવને કારણે ખેતીવાડીની પડતીને લીધે થયું હશે. પશ્ચિમ અને મધ્ય ભારતની તપાસે સ્પષ્ટ કર્યું છે કે ઈ.સ.પૂ.2000ના અરસામાં આ પ્રદેશમાં ભયંકર હવાના ફેરફારને કારણે સૂકો પ્રદેશ વધવાથી લોકોએ અર્ધ-પશુપાલનના અસ્તિત્વનો આશરો લીધો. નિર્ણય જુદા જુદા તબક્કામાંથી મળેલાં પશુઓનાં હાડકાંની ટકાવારીની ગણતરીને આધારિત છે. આથી જણાય છે કે સૂકા પ્રદેશ વધવાને કારણે ઉત્તરકાલીન જોર્વેના કાળમાં ખેતીની પડતી થઈ અને ખેતી ઉપર આધારિત અર્થવ્યવસ્થા બદલાઈને ઘેટાં/બકરાં પાળવા લાગ્યા.

### 10.7.4 બીજાં લક્ષણો (Other Characteristics)

આ બધી સંસ્કૃતિઓનાં લક્ષણો પથ્થરનાં ધારદાર પાનાં કાતરોનો ઉદ્યોગ ચળકતા ખનીજ પથ્થરો જેવાં કે Chalcedony, Chert, jasper, અને અકીક છે. હથિયારોમાં લાંબા સમાંતર બે બાજુની ધારવાળાં પાનાં પાછળ બાજુ બુઠ્ઠા ધારદાર પાનાં, કરવતીની પતરીઓ, ચપ્પાં, અર્ધવૃત્તાકાર, ત્રિકોણ અને લાંબા હથિયારોનો સમાવેશ થાય છે. આમાંના કેટલાંક પાનાનાં હથિયારો તીક્ષ્ણ ધાર ચળકતી હોય તેનો અર્થ કે તે પાક માટે વપરાતાં હશે.

ચળકતા પથ્થરની કુહાડીઓ ખાસ કરીને નવીન પથ્થર-તામ્રપાષાણ સસ્કૃતિઓ જે કર્ણાટક-આંધ્રમાંથી મળી તેવી બીજાં સ્થળોએથી મળી છે પરંતુ તે મોટી સંખ્યામાં નથી.

ત્રાંબાની ચીજોમાં સપાટ કુહાડીઓ અથવા ઊડતદમ (પતરીઓ) જેનો બહિર્ગોળ કાપવાની ધાર, તીરનાં માથાં, ભાલાનાં માથાં, ફરસી, માછલી પકડવાના હૂક, mid-ribbed તલવારો, ધારદાર પાનાં, વીંટીઓ અને મણકા છે. કાયથમાં મળેલા અવશેષોમાં એક પાત્ર 28 ત્રાંબાની બંગડીઓવાળું છે. આમાંની કેટલીક ચીજો જેવી કે કુહાડી બીબાંમાં ઢાળીને બનાવેલી છે જ્યારે બીજી આકાર આપવા માટે હથોડા મારીને કરેલી છે.

ખૂબ મોટા પ્રમાણમાં મળતી ચીજોમાં મણકા જે ઇંદ્રગોપ, Jasper, Chalcedony, અકીક, છીપ વગેરે છે.

એક કંઠહાર ઝીણામાં ઝીણા 40,000 સેલખડીના **મણકાનો બનેલો** એક પાત્રમાંથી કાયથા સંસ્કૃતિનો મળ્યો છે. ઇનામગાંવમાંથી સોનું અને હાથીદાંતના મણકાઓ, પેચવાળાં કાનનાં એરિંગ પણ સોનાના અને ત્રાંબાનાં સાંકળાં મળ્યાં છે.

પકવેલી માટીની ચીજો વારંવાર મોટા પ્રમાણમાં આ સ્થળોએથી મળી આવી છે, જે મનુષ્ય અને પશુની આકૃતિના સ્વરૂપમાં છે. છટાદાર પકવેલી માટીના બળદો (આ સામાન્ય રીતે ખૂબ નાના કદમાં હોય છે) કાયથના તામ્રપાષાણના થરમાંથી મળ્યા છે. કેટલાંકમાં મોટી ખૂંધ, કેટલાકનાં શિંગડાં પાછળની બાજુએ વાળેલાં અને કેટલાંકનાં શિંગડાં ભૂમિસમાંતર આગળ પડતાં ખાસ ધ્યાન ખેંચે તેવાં છે. સંખ્યાબંધ પકવેલી માટીની બળદની આકૃતિઓ કેટલાંક તામ્રપાષાણ સ્થળોએથી મળી આવી છે તે સૂચવે છે કે વૃષભ એક પવિત્ર પશુ હતું, જોકે તેમાંના ઘણાં રમકડાનાં હતાં.

**દીઆમાબાદનો સંચય (ખજાનો) :** અકસ્માતની શોધે ટીંબાના ટોચ ઉપરથી ચાર ચીજો (તેની નીચે 1.2 મી. જાડો જોર્વેના સમયનો થર) દિઆમાબાદથી જડી આવી. આ મજબૂત, નક્કર ઢાળો લગભગ 60 કિ.ગ્રા. કરતાં વધુ છે.

(i) હાથી - આ સૌથી વધુ વજનદાર (24 સે.મી ઊંચાઈ 27 સે.મી લંબાઈ) અને ત્રાંબાની નક્કર બેસણી ઉપર ઊભેલો છે. અને તેને નીચે ચાર કાટખૂણીઆ છે અને તેને ધરી માટે આરપાર કાણાં કરેલાં છે.

(ii) ગેંડો - આ સહેજ નાનો છે પણ તે ત્રાંબાની નક્કર બેસણી ઊપર ઉભેલો છે. તેના કાટખૂણીઆમાં બે નક્કર ત્રાંબાની ધરી લોખંડના પૈડા સાથે છે. આ ગેંડો સિંધુ મુદ્રાઓ ઉપર કોતરેલા ગેંડાની યાદ આપે છે.

(iii) રથના બે પૈડાં તેના સારથિ સાથે - રથને બે લાંબા સળિયા છે તેને બળદ જોડેલા છે, તે ત્રાંબાની બે લાંબી પટ્ટી ઉપર ઉભેલા છે, પરંતુ પૈડા માટે કાટખૂણી નથી. રથને બે સીધા તેને ટેકવતી આડી પટ્ટીઓ છે અને તેની પાછળ સારથિ ઊભો છે. આ નમૂનો બેનમૂન છે.

(iv) ભેંસ - આને પૈડાં અને ધરી વ્યવસ્થિત છે મોહેં-જો-દડોમાંથી જડેલી ત્રાંબા અથવા કાંસામાં ઢાળેલી અને પકવેલી માટીમાંની ભેંસની આકૃતિ સાથે તે કેટલુંક સામ્ય ધરાવે છે. ડીઆમાબાદના ખજાનાનું ત્રાંબાં બીજી ત્રાંબાંની વસ્તુઓ ઉત્ખનનમાંથી પ્રાપ્ત થયેલીને સરખાવતાં જણાય છે કે આ ધાતુનું પૃથક્કરણ સ્પષ્ટ કરે છે કે બીજી ધાતુઓ કે ટીનના મિશ્રણ વગરનું શુદ્ધ છે. એક મત પ્રમાણે ડીઆમાબાદનો સંચય ઉત્તરકાલીન હડપ્પાના સમય (આશરે 1600 -1300 ઈ.સ.પૂ.) ના ગાળાનો છે. બીજું સૂચન એ છે કે આ કલુર સંચયના એક જ કારીગીરીના વર્ગનું કદાચ હોઈ શકે.





**ત્રાંબાનો ગેંડો** **ત્રાંબાનો હાથી.**



ત્રાંબાનો રથ



ત્રાંબાની ભેંસ

## 10.7.5 ધર્મ / માન્યતા- પદ્ધતિ Religion/Belief Systems

ઉત્ખનનમાંથી મળેલા અવશેષો લોકોના ધાર્મિક આચારો અને માન્યતાઓ ઉપર પ્રકાશ ફેંકે છે.

**(i) માતૃકા દેવીઓ :** આ તામ્રપાષાણ જાતિઓ માતૃકા દેવીમાં માનતા અને તેની પૂજા કરતા, માટીની સ્ત્રી આકૃતિઓ મળવાથી (પકવેલી અને કાચી બંને) તે સ્પષ્ટ થાય છે. આ સ્ત્રી આકૃતિઓ બંને-માથાવાળી ને માથા વગરની મળી આવી છે. રહેણાંકના ને વાસાના નીચેનાં થરોમાંથી (લગભગ 2000 ઈ.સ.પૂ.ના મધ્ય ભાગમાં) મોટી સંખ્યામાં માથા વગરની સ્ત્રી આકૃતિઓ મળી આવી છે. તેમાં શારીરિક લક્ષણો સ્પષ્ટપણે વ્યક્ત કર્યા વગરની બનાવેલી છે. ઇનામગાંવમાં પકવેલી માટીની સ્ત્રી આકૃતિઓ આના જેવી જ મળે છે તેમાં સ્તન સિવાય શરીરના બીજાં કોઈ સ્વરૂપો બનાવેલા નથી.

ઇનામગાંવમાં પ્રારંભના જોર્વેના મકાન (ઈ.સ.પૂ.1300) ના ખોદકામમાંથી માતૃકાદેવીના પૂજાના પુરાવા નોંધાયા છે. અહીંથી ભોંયતળિયાના ખૂણામાં દાટેલા લંબ ગોળ આકારની માટીનું પાત્ર ઢાંકણવાળું મળ્યું છે. આ પાત્રમાંથી માથા વગરની સ્ત્રી આકૃતિ કે જેના લટકતાં સ્તનો અને વળી વૃષભની આકૃતિ મળી આવ્યાં છે. ઇનામગાંવમાંથી મળેલી એક અને આ સ્ત્રી આકૃતિઓ ફળદ્રુપતાની દેવીની પૂજાનો નિર્દેશ કરે છે. આ આકૃતિઓ (ખાસ કરીને માથા વગરની) એક સૂચન પ્રમાણે તે દેવી શાકમ્બરી (શરૂઆતના ઐતિહાસિક કાળની) રજૂ કરે છે. શાકમ્બરી ઊગતી વનસ્પતિની ફળદ્રુપતાનું પ્રતીક છે અને તેની પૂજા હવાના ઝપાટાને દૂર રાખવા થતી.

**(ii) દેવો :** તામ્રપાષાણ વસાહતોમાં પુરુષ આકૃતિઓ અલ્પ છે. એક સૂચન એવું છે કે ઈનામગાંવના ઉત્તરકાલીન જોર્વેના થરોમાંથી (9000-700 ઈ.સ.પૂ.) માટીની પુરુષ આકૃતિઓ (તેમાંની બે અપક્વ અને એક પકવેલી) મળી આવી છે. તે કદાચ ઈશ્વર તરીકે ઓળખી શકાય.

આ સંબંધમાં માળવાના સમય (1600 ઈ.સ.પૂ) નું ચિત્રિત સંગ્રહ કરવાના પાત્રને કોઈ ધાર્મિક સૂચનનું ગણી શકાય. આ પાત્રને બે ભાગ છે. તેના ઉપરના ભાગમાં એક માનવ આકૃતિ ઝાડના પાંદડાનું વસ્ત્ર પોતાની કમરને ઢાંકીને પહેરતું દૃશ્ય રજૂ કરેલું છે અને તેના ફરતાં વિશિષ્ટ પશુઓ પક્ષીઓ જેવાં કે સાબર, હરણ, મોર વગેરે છે. તેના:નીચેના ભાગમાં વાઘ અથવા ચિત્તા કુદતા બતાવેલા છે. આ પણ વિશિષ્ટ પ્રકારના છે. આ પાત્ર ખૂબ ચિત્રોથી શણગારેલું છે કદાચ તે કર્મકાંડના ઉપયોગનું હોઈ શકે. તેવી જ રીતે ડીઆમાબાદમાંથી મળેલાં નક્કર ત્રાંબાના ઢાળેલા હાથી, ભેંસ વગેરે પણ ધાર્મિક ઉત્સવના હોઈ શકે.

**(iii) દફનની પદ્ધતિ (અંત્યેષ્ટિ વિધિ) :** મરેલાંના નિકાલ માટે દાટવાનો સામાન્ય રિવાજ હતો. પુખ્ત ઉંમરના તેમ જ બાળકોને સામાન્ય રીતે ઉત્તર-દક્ષિણ દિશા પ્રમાણે દાટવામાં આવતાં અર્થાત્ માથું ઉત્તર તરફ અને પગ દક્ષિણ તરફ, પુખ્ત ઉંમરના મોટે ભાગે લંબાવેલી સ્થિતિમાં દાટવામાં આવતાં જયારે બાળકો અસ્થિકુંભમાં દાટવામાં આવતાં - કાં તો એક કુંભના અથવા ઘણી વાર બે કુંભમાં ભૂમિસમાંતર ખાડામાં મોંની સાથે મોં રાખીને મુકાતાં. મોટાંઓ અને વળી બાળકોને ખાડામાં દાટવામાં આવતા. આ ખાડો ઘરના ભોંયતળિયામાં

ખોદતા હતા. અને ભાગ્યે જ ઘરના આંગણીમાં. જોર્વે સમય દરમ્યાન પુખ્ત ઉંમરનાઓના શરીરના ઘૂંટી નીચેના ભાગો હેતુપૂર્વક કાપી નાંખવામાં આવતા તે ઘણું રસપ્રદ છે. મરેલાંને દાટવાની પ્રથા ઘરની હદમાં હોય ત્યારે પગને કાપી નાખવાની માન્યતા એવું સૂચવે છે કે મરેલાંને ભૂત કે જે મનુષ્યનું ભૂંડું વાંછનાર થતાં અટકાવી શકાય.

પુખ્ત ઉંમરના દફનમાં કેટલાંક ઉદાહરણમાં બલિદાનો (કળાની ચીજો) સામાન્ય રીતે બે કુંભ અને કેટલીક વખત મોટી સંખ્યામાં સમાવેશ થાય છે. ઉત્તરકાલીન જોર્વે સમયના એક પુખ્ત ઉંમરના માનવની કબરમાં પંદર કુંભનો સમાવેશ હતો. મૃતદેહને સામાન્ય રીતે તેનાં પોતાનાં આભૂષણો સાથે દાટવામાં આવતો. પછીના જોર્વે સમયના પુખ્ત ઉંમરની કબરમાં મોટું ત્રાંબાનું ઘરેણું હાડપિંજરના ગળા પાસેથી મળી આવ્યું હતું. તે જ સમયના દાટેલા બાળકના બે અસ્થિ-કુંભમાં ત્રાંબાના બાર મણકાની વારાફરતી અને લાલ સૂર્યકાંતમણિનો એવો હાર હતો.

જોર્વે સમયના ઇનામગાંવમાંથી અસામાન્ય એવાં દફનો ખુલ્લાં થયાં છે. અહીંથી ચાર પાયાવાળા કાચી માટીના અસ્થિકુંભનું દફન મળી આવ્યું છે. તેનું દક્ષિણ બાજુનું મોં માનવ ચહેરાને મળતું આવે છે. આ કુંભ (80 સે.મિ.ની ઊંચાઈ અને 50 સે.મિની પહોળાઈ)નું માં પહોળું છે અને તેની ધાર બેડોળ છે તેમાં આશરે 30 વર્ષથી 40 વર્ષના ઉંમરના એક પુરુષનું હાડપિંજર બેઠેલી અવસ્થામાં છે.

આમાં ઘૂંટી નીચેનો ભાગ કાપેલો નથી. દફનના બલિદ્દાનમાં નાળચાવાળું વાસણ છે તે ઉપર જે ચિત્ર છે તેમાં બે લાંબા હલેસાંવાળું વહાણ છે. આ વહાણની ડિઝાઇન, આજના હિંદુની માન્યતા કે ચાલ્યા જતા આત્માને વહાણમાં નદી ઓળંગીને સ્વર્ગીય સ્થાને પહોંચવાનું છે, તેની યાદ અપાવે છે. આ માણસને પરિશ્રમપૂર્વક તૈયાર કરેલું દફન આપેલું છે તો શક્ય છે કે -

- ઊંચા મોભાદાર હોય, અથવા
- તે વસાહતના વહીવટનો મુખ્ય વ્યક્તિ હોય, અથવા
- બીજા પ્રકારના દફનની પદ્ધતિવાળા સામાજિક જૂથનો હોય.

### 10.7.6 સામાજિક વ્યવસ્થા (Social Organisation)

તામ્રપાષાણ સંસ્કૃતિના પ્રદેશોના અભ્યાસ ઉપરથી જે સ્થળોનું વિભાજનની પદ્ધતિ જોતાં જણાય છે કે આ સ્થળો બે પ્રકારનાં હતાં, એક પ્રકારમાં પ્રાદેશિક કેન્દ્રો અને બીજા પ્રકારમાં ગ્રામ્ય વસાહતો. આ તફાવત અથવા ચઢતા-ઊતરતા ક્રમની ગોઠવણ સૂચવે છે કે કોઈ પ્રકારની વહીવટી વ્યવસ્થા તામ્રપાષાણ સંસ્કૃતિમાં મોજૂદ હતી. અને આ વધારામાં સૂચવે છે કે તામ્રપાષાણ સામાજિક સંસ્થા તેના દરજ્જા પ્રમાણે વર્ણવેલી છે. વહીવટી સત્તાની હાજરી અસ્તિત્વ ધરાવતાં જાહેર બાંધકામો જેવાં કે કિલ્લેબંધી, કિલ્લાની ભીંત અને ખાઈ, કોઠાર, બંધ અને નહેરો (ઇનામગાંવમાં સારી રીતે તેના દસ્તાવેજો છે) વગેરે જુદાં જુદાં સ્થળોએથી મળી આવ્યાં છે - તેનો ખ્યાલ આપે છે અનુ-હડપ્પાનો વિકાસ વિશાળ દૃષ્ટિએ પૂર્વાપર સંબંધથી જોઈએ તો આ તામ્રપાષાણ સંસ્કૃતિ સ્પષ્ટ રીતે હડપ્પન સંસ્કૃતિની અસર જોકે તેના બાકી રહેલા સ્વરૂપમાં ભળેલી છે. આ સંસ્કૃતિઓ તેના મજબૂત પ્રાદેશિક સ્વરૂપોમાં નિશાનીરૂપે છે અને વેપારના સંબંધો અને સાંસ્કૃતિક સંબંધો એકબીજાની સાથે સ્પષ્ટ કરે છે.

ઈ.સ.પૂ.2000ના ગાળામાં ધાતુ વાપરતી જે કૃષિપ્રજા આબાદ થઈ તે ઈ.સ.પૂ. 1000 (પાછળના જોર્વેનો ગાળો જે ઈ.સ.પૂ. 700 સુધી ચાલુ રહ્યો)ની આસપાસ અદશ્ય થઈ ગઈ. આ નાશનું શક્ય કારણ (જમીનના નમૂનાના પૃથક્કરણના આધારે તેના ઉપર તામ્રપાષાણનું સ્તરનું દબાણ) સૂકા પ્રદેશનું વધવું અને આબોહવાની પ્રતિકૂળ સ્થિતિ. આમાંની ઘણી વસાહતો ગોદાવરી, તાપી અને બીજી ખીણોમાં તજી દેવાઈ હતી, જે લાંબા ગાળા પછી અર્થાત્ 6 ઠ્ઠા કે પાંચમા સૈકામાં ઈ.સ.પૂ. 5 કે 4 સૈકા દરમ્યાન કોઈ અગ્રેસર (અમલદાર) યુક્ત શહેરીકરણ રૂપે કબજો લીધો.

### તમારી પ્રગતિ ચકાસો (ઘ)

(1) નીચેનામાંનાં ક્યાં વિધાનો સાચાં ( ✓ ) અથવા ખોટાં ( ✗ ) છે ?

(અ) પશ્ચિમ અને મધ્ય ભારતની તામ્રપાષાણ સંસ્કૃતિમાં શહેરી વસાહતો હતી.

(બ) બળેલા બીજના અવશેષો ઉત્ખનન દરમ્યાન મળ્યા તે જુદી જુદી જાતના પાક લોકો ઉગાડતા તે બતાવે છે.

(ક) ઇનામગાંવના નાના કદના કારીગરોનાં મકાનો સામાજિક ફરક બતાવે છે.

(ડ) માતૃકા દેવીની પૂજાના કોઈ પુરાવા નથી.

(ઈ) કેટલેક સ્થળોએ કુંભ દફન માટે વપરાતા.

માલવા વસાહતોનાં ક્યાં લક્ષણો છે ? દસ લીટીમાં તેનો જવાબ લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(3) ડીઆમાબાદના સંચયનાં લક્ષણોની પાંચ લીટીમાં ચર્ચા કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 10.8 સારાંશ

ભારતના જુદા જુદા ભાગોમાં આશરે ઈ.સ.પૂ.2000માં ખેતીવિષયક પ્રજા અસ્તિત્વમાં આવી. આ ખેડૂતો પથ્થર અને ત્રાંબાનાં બનાવેલાં હથિયારો અને ઓજારો વાપરતા. ઉત્તર ભારતમાં આ લોકો જુદી જાતના માટીના વાસણો જેવાં કે OCP અને BRW વાપરતા. વિવિધ પ્રકારના ત્રાંબાનાં ઓજારો પણ શોધી કાઢ્યાં છે. મધ્ય ભારત અને મહારાષ્ટ્રમાં કાળી જમીનનોં ભૂવિભાગોના ઉત્ખનને કાયથ, માલવા અને જોર્વે સંસ્કૃતિનું અસ્તિત્વ બતાવ્યું છે. લગભગ ઈ.સ.પૂ.750 થી ઘણી કૃષિપ્રજાએ લોખંડની ટેકનોલૉજી અપનાવી હતી. તામ્રપાષાણની પ્રજા માટીનાં વાસણોની પદ્ધતિમાં સ્પષ્ટ ફરક બતાવે છે. લોહ યુગના માટીનાં વાસણો PGW કહેવાય છે અને મોટા ક્ષેત્રમાં NBPW વપરાતાં. આ સમય દરમ્યાન જુદી જુદી પ્રજાઓને મોટા પ્રમાણમાં અદલાબદલી થતી અને શહેરીકરણ તરફ પરિવર્તન થયું.

જુદી જુદી સંસ્કૃતિનાં સ્થળોના અવશેષોએ વસાહતોની પદ્ધતિ, વ્યાપારી સંપર્ક, ઓજારોના પ્રકારો, અલંકારો અને ધાર્મિક માન્યતા વગેરે વિશે વિગતે માહિતી આપી છે.

## 10.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

**આર્કોબોટોની** (Archeobotany) છોડવાઓના અવશેષોનો અભ્યાસ કરતું શાસ્ત્ર. (વનસ્પતિનું પુરાતત્ત્વ વિજ્ઞાન)

**અર્થશાસ્ત્ર:** ચંદ્રગુપ્તના પ્રધાન, કૌટિલ્ય જેણે ઈ.સ.પૂ. 4-3-સૈકામાં રાજ્ય કર્યું. તેણે લખેલું પુસ્તક

**બ્રાહ્મી લિપિ :** ઐતિહાસિક ભારતની સૌથી જૂની જાણીતી લિપિ. અશોકના શિલાલેખો આ જ લિપિમાં લખાયા છે. મોટા ભાગની અર્વાચીન ભારતની લિપિઓ જેવી કે તામિલ, દેવનાગરી વગેરે તેમાંથી ઉદ્દભવી છે.

**તામ્રપાષાણ :** જે લોકો ત્રાંબા અને પથ્થરનાં ઓજારો વાપરતા તે.

**જાતક :** બુદ્ધના પૂર્વકાળના જન્મને લગતી વાર્તાઓ.

**ટીંબો** - ભૂતકાળના લોકોએ ત્યજી દીધેલા અવશેષો જે ઉપસેલી આકૃતિ બંધ જેવા ટેકરા દેખાય.

**ખાડામાં રહેઠાણ :** પૃથ્વીના સપાટીની નીચે ઘર બનાવવાની પદ્ધતિ, ભૂસપાટી નીચે ખોદીને રહેણાંક માટે જગા વપરાતી.

**પ્રાચીન ભારતીય સમાજની ઉત્ક્રાન્તિ : ઈ.સ.પૂ. 2000 થી ઈ.સ.પૂ. 1000**

**પંચમાર્ક સિક્કાઓ :** ત્રાંબા અને ચાંદીના બનાવેલા સિક્કા જે ઈ.સ.પૂ. છઠ્ઠા - પાંચમાં સૈકામાં વપરાતા. આ સિક્કાઓ ભારતમાં સૌથી જૂના જાણીતા છે.

**અંત્યેષ્ટિ વિધિ :** મૃતદેહના નિકાલની રીત.

**થર્મોલુમિનીસન્સ ડેટીંગ** (Thermoluminiscence Dating) ચળકતાં વાસણોનાં સાધનોનો સમય નક્કી કરવાની વૈજ્ઞાનિક પદ્ધતિ.

**અમુક પ્રકારની જગા Type Site :** જગા (સ્થળ કે જ્યાં ચોક્કસ પ્રકારની સંસ્કૃતિ સૌ પ્રથમ ઓળખાઈ.

## 10.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ તપાસો (ક)

(1) તમારા જવાબમાં માટીનાં વાસણોની જાત, તેનાં લક્ષણો, ઇમારતો, પાક, આ સંસ્કૃતિનું ક્ષેત્રફળ વગેરેનો સમાવેશ થવો જોઈએ. જુઓ વિભાગ 10.2

(2) (ક) ✗ (ખ) ✗ (ગ) ✗ (ઘ) ✓

### તમારી પ્રગતિ તપાસો (ખ)

(1) તમારા જવાબમાં-વાસણોનો રંગ, તેને બનાવવાની પદ્ધતિ (ટેકનિક) બીજા પ્રદેશો જેવાકે દોઆબ ઉંડજ કે જે મેદાની જમીન છે જ્યારે ક્ષ્ત્દ્વત્ઠ અને આહાર ઉંડઉ ચિત્રિત છે વગેરેના ઉંડજ નો ફરક બતાવવો જોઈએ.

(2) અહીંયાં જડેલા અર્ધકિંમતી પથ્થરોના પ્રકારનાં દૃષ્ટાંતો લો. તે સ્થાનિક જ્યાં સુધી નહોતા મળતા ત્યારે વેપાર મારફતે તે મેળવાતા. જુઓ વિભાગ 10.5

### તમારી પ્રગતિ તપાસો (ગ)

(1) NBP વાસણ સંસ્કૃતિ એવું નામ ખાસ પ્રકારનાં માટીનાં વાસણોને આપવામાં આવ્યું જે આ સમય સાથે સંકળાયેલી હતી. જુઓ વિભાગ 10.6

(2) (ક) ✓ (ખ) ✓ (ગ) ✓ (ઘ) ✗

### તમારી પ્રગતિ તપાસો (ઘ)

(1) (ક) ✓ (ખ) ✗ (ગ) ✓ (ઘ) ✗ (ચ) ✓

(2) મોટી વસાહતો છે જેમાં વ્યવસ્થિત આયોજનના પુરાવા છે. તમારે તેનું આયોજન અને બીજા લક્ષણો જેવાં કે લંબગોળ ચૂલાના ખાડા, ઊંડા ખાડાની જગાઓ વગેરે જુઓ પેટા વિભાગ 10.7.3

(3) આ અકસ્માત શોધ હતી. ચીજો અને તેનાં લક્ષણો બતાવો. જુઓ પેટા વિભાગ 10.7.4

# એકમ 11 તામ્રપાષાણ અને પ્રારંભિક લોહયુગ-II
# (Chalcolithic And Early Iron Age -II)

રૂપરેખા


11.0 ઉદ્દેશો
11.1 પ્રસ્તાવના
11.2 પ્રારંભિક ખેત વસાહતો
    11.2.1 સાંસ્કૃતિક તબક્કા
    11.2.2 આજીવિકાની અર્થવ્યવસ્થા
    11.2.3 વસ્તુઓની સંસ્કૃતિ
    11.2.4 દાટવાની પદ્ધતિ
11.3 નૂતન પાષાણયુગની ઉપરની સપાટી પરથી મળેલી સામગ્રી
11.4 દક્ષિણ ભારતનો લોહયુગ
    11.4.1 મહાશ્મયુગીન સંસ્કૃતિ
    11.4.2 મહાશ્મ સંસ્કૃતિનું મૂળ
    11.4.3 વસ્તુઓની સંસ્કૃતિ
    11.4.4 આજીવિકાની અર્થવ્યવસ્થા
11.5 સારાંશ
11.6 ચાવીરૂપ શબ્દો
11.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 11.0 ઉદ્દેશો

આ એકમ પ્રાચીન ખેતીની પ્રજાઓ અને ત્યાર પછીની દક્ષિણ ભારતના લોહયુગના પ્રદેશની ચર્ચા કરશે. આ એકમ વાંચ્યા પછી તમે જાણી શકશો કે :

- દક્ષિણ ભારતની પ્રાચીન કૃષિ પ્રજાઓના ઉત્તરોત્તર તબક્કા અને તેનાં વિશિષ્ટ લક્ષણો
- વસાહતોની પદ્ધતિ, અર્થવ્યવસ્થા અને આ સંસ્કૃતિઓનાં બીજાં ખાસ લક્ષણો અને
- આ પ્રદેશના શરૂના લોહયુગનાં ખાસ લક્ષણો.

## 11.1 પ્રસ્તાવના

હવે તમે બરાબર પરિચિત હશો કે માનવજાતનો વિકાસ શિકારી ખોરાક એકત્ર કરનારમાંથી કૃષિપ્રજામાં સ્થિર થયો. તમે એ પણ શીખ્યા છો કે હડપ્પન સભ્યતાનો ઉદ્દભવ અને તેને સંબંધિત બીજી સ્થિતિઓ, તમે આગલા એકમમાં એ પણ જોયું છે કે જુદી સંસ્કૃતિઓ હડપ્પન સભ્યતાની પડતી પછી કેવી રીતે ઉદ્દભવી અને તે ગાળો ઈ.સ.પૂ.2000 થી ઈ.સ.પૂ. 000 સુધીનો આવરી લે છે. આ એકમમાં આ જ સમય દરમ્યાન દક્ષિણ ભારતમાં થયેલા વિકાસનું અવલોકન કરીશું. આ અભ્યાસના કેન્દ્રસ્થાને આ જ સમય દરમ્યાન પ્રકૃતિમાં થયેલા ફેરફારો અને વસ્તુઓની સંસ્કૃતિ વસાહતોની પદ્ધતિ અને સામાજિક સંસ્થાનો અભ્યાસ કરીશું.

## 11.2 પ્રારંભિક ખેત વસાહતો (Early Farming Settlements)

શરૂઆતની ખેતીની વસાહતો દક્ષિણ ભારતમાં એકદમ ઈ.સ.પૂ.3000માં દેખાઈ ધીમેધીમે વિકાસના (જેમ પશ્ચિમ એશિયા) શિકારાવસ્થા - અને ખોરાક એકત્ર કરવાની અર્થવ્યવસ્થામાંથી ખોરાક ઉત્પન્ન કરવાની અર્થવ્યવસ્થામાં થયેલા ફેરફારના કોઈ પુરાવા નથી. આ પ્રદેશના પુરાવાઓ બતાવે છે કે કોઈ પણ પ્રકારનાં અનુકૂળ રહેઠાણો - ગોદાવરી, ક્રિશ્ના, તુંગભદ્રા, પેનેરુ અને કાવેરી નદીની પદ્ધતિમાં જણાયાં. આ રહેણાંકો મોટા ભાગે અર્ધ-સૂકા પ્રદેશો, ઓછા વરસાદ અને રેતાળ ચીકણા (માટીવાળા) પ્રદેશો કે જ્યાં સૂકી ખેતી અને ઢોર, ઉછેર (પશુઓ, ઘેટાં અને બકરાં) માટે અનુકૂળ જણાઈ ત્યાં છૂટાછવાયા થયા. આ વસાહતોનાં સ્પષ્ટ લક્ષણો આ છે :

(1) સ્થિર ગ્રામ્ય વસાહતો અસ્થાયીથી સ્થાયી ઇમારતો તેમાં સ્થાયી ઇમારતો ટટ્ટીઓ અને ગારાથી તૈયાર થતી.

(2) પથ્થરની કુહાડીઓ (સખત ખડકો જેવા કે પથ્થર) કપચી જે રસ્તા બનાવવામાં ઉપયોગમાં આવે છે


કાળો પથ્થરને પીસીને અને ચળકતો બનાવીને બનાવાતી. આ પદ્ધતિ (ટેકનિક)ને કારણે પથ્થરનાં ઓજારોનો ઉદ્યોગ શરૂની ખેતીની સંસ્કૃતિમાં ચળકતા પથ્થરની કુહાડીના ઉદ્યોગ તરીકે ઓળખાતો.

(3) લાંબી અને પાતળી પતરીઓ ઝીણા દાણાદાર ખડકો જેવા કે સૂર્યકાંતમણિ, દૂધિયા રંગનો કીમતી પથ્થર (ચકમકનો પ્રકાર) અને અકીક આ ઓજારોને કાપવાની ધાર પર ચળકાટ, જે બતાવે છે તે ખેતીના પાકને લણવા માટે ઉપયોગમાં લેવાતા હશે.

(4) માટીનાં વાસણો પ્રારંભના કાળમાં હાથની બનાવટનાં અને પછીના કાળમાં ચાક પર બનાવાતાં.

(5) બાજરીની ખેતી અને ઢોર અને ઘેટાં/બકરાંનાં ઉછેર ઉપર આધારિત અર્થવ્યવસ્થા આ રીતે અર્થવ્યવસ્થા ખેતી-ઢોર ઉછેર ઉપર આધારિત હતી.

(6) જંગલી રમતો ખોરાકની વધારાની જરૂરિયાત




**દક્ષિણ ભારતના અગત્યના નૂતનપાષાણ-તામ્રપાષાણનાં સ્થાનો**

### 11.2.1 સાંસ્કૃતિક તબક્કા (Cultural Phases)

સમગ્રતયા પુરાવાની ઉપલક દૃષ્ટિએ આપણે દક્ષિણ ભારતની શરૂની કૃષિપ્રજાનો વિકાસ, વિસ્તૃત એવા ત્રણ તબક્કામાં જુદો પાડી શકીએ.

**તબક્કો 1 :** કૃષિપ્રજાની શરૂઆતની વસાહતો આ તબક્કો રજૂ કરે છે. આ (વસાહતો) ખડકાળ ટેકરીઓ ઉપર બનાવી હતી, અથવા ટેકરીની બાજુઓ કે જ્યાં સમાંતર અગાસીઓ હતી, અથવા બે કે વધારે ખીણોની વચમાં, અહીંની વસ્તુઓની સંસ્કૃતિ ચળકતા પથ્થરની કુહાડીના ઉદ્યોગ, ધારદાર પાનાંનો ઉદ્યોગ અને હાથે બનાવેલાં માટીનાં વાસણોનો સમાવેશ કરે છે.

અહીંનાં વાસણોમાં ભૂખરા અને ભગવા કે બદામી રંગનાં વાસણો ઘણાં સામાન્ય છે. વાસણો જે ખૂબ ઓછાં જોવા મળે છે તે કાળાં અથવા રાતા ચળકતા ઢોળવાળાં, ઘણી વાર સુશોભન જાબુંડિયા ચિત્રો સાથેનાં આ સૌથી જૂની વસાહતો રાખોડિયા ટેકરા સાથે સંકળાયેલી છે તેમાંના કેટલાક ઉત્ખનિત થયા હતા. આ ઉત્ખનિત રાખોડિયા ટેકરાના સ્થળો જેવાં કે Utnur (ઉત્નુર) કુપગલ (Kupgal), કોડેકલ (kodekal), પલ્લાવોય (Pallavoy), પીખ્લીહલ (Pikhlihal), મસ્કી (Maski) અને બ્રહ્મગિરિ (Brahmagiri) વગેરેએ ખેતી-પશુપાલન જાતિની વસાહતોનો પ્રથમ તબક્કો ખુલ્લો કર્યો છે. આ તબક્કો રેડિયોકાર્બનના પરીક્ષણને આધારે ઈ.સ.પૂ. 2500-1800 નક્કી થયો છે.

**તબક્કો 2 :** તબક્કા 1 ની વસાહતોની પદ્ધતિ કોઈ પણ જાતના ફેરફાર વગર ચાલુ રહી છે. વસાહતો જોકે ખડકાળ ટેકરા ઉપર હજુ પણ થતી અથવા ટેકરાની બાજુની સમાંતર જમીન ઉપર કોઈ પણ જાતનો અગત્યનો વિકાસ અહીં જણાયો નથી. વસાહતો વર્તુળાકાર ઝૂંપડાંઓ ટટ્ટી અને ગારાનાં લાકડાના ચોકઠામાં અને ગારાના ભોંયતળિયાં થતાં. નાગાર્જુન-કોંડાના (આંધ્રપ્રદેશ દરિયાકિનારે) મોટા ખાડામાં કેટલાંક રહેઠાણો વર્તુળાકાર, લંબગોળ, લંબચોરસ અને અનિયમિત થાંભલા માટેના કાણાંયુક્ત ને અર્ધ-જમીન માટેના ખાડાનાં રહેઠાણો તરીકે ઓળખાવાતાં ખાડા (બખોલ)નાં રહેઠાણો પૈયંપલ્લિ (Paiampalli) અને વીરપુરમ્ (Veerapuram)માં મળી આવ્યાં છે. આ તબક્કામાં નવા વાસણોના પ્રકાર જેવા કે કાણાંવાળાં અને નાળચાવાળાં વાસણો દેખાયાં. આવા પ્રકારનાં વાસણોની શોધ ઉત્તરના પ્રદેશો સાથેનો સંપર્ક બતાવે છે જ્યાં આવા પ્રકારનાં વાસણો મળી આવ્યાં છે. વાસણોની બહારની સપાટીને કર્કશ બનાવવાની આ તબક્કાની ટેકનિક (પદ્ધતિ) શરૂના હડપ્પનના ગાળામાં જે પદ્ધતિ અપનાવાતી તેની યાદ અપાવે છે.

ચળકતા પથ્થરોની કુહાડી અને ધારદાર પાનાંનો ઉદ્યોગ આ તબક્કામાં ખૂબ વિકસ્યો હોય એમ લાગે છે. ત્રાંબા અને કાંસાની ચીજો પહેલી વખત શોધાઈ અને તેની સંખ્યા આ તબક્કાના અંત ભાગમાં ખૂબ વધી. કેટલાંક સ્થળોએ તબક્કા બીજાની કેટલીક વસાહતો શોધાઈ તે પીકલીહલ, બ્રહ્મગિરિ, સંગનકલ્લુ ટેક્કાલકોટા (Tekkalakota), હલ્લુર (Hallur) અને ટી. નરસીપુર, રેડિયો કાર્બને આ તબક્કાનો સમયગાળો ઈ.સ.પૂ. 1800-1500 સૂચવ્યો છે.

**તબક્કો 3** - આ તબક્કાનો અગત્યનો વિકાસ તે ત્રાંબા અને કાંસાનાં હથિયારોની સંખ્યામાં વધારો. આવો વધારો ટેક્કલ કોટા, હલ્લુર, પીકલીહલ, સંગનકલ્લુ, બ્રહ્મગિરિ અને પૈયંપલ્લિમાં જણાયો છે. પથ્થરની કુહાડી અને ધારદાર પાનાંનો ઉદ્યોગ ચાલુ રહ્યો. માટીનાં વાસણોમાં નવા વાસણો ભૂખરા અને બદામી અને સખત સપાટીવાળાં સામાન્ય જણાય છે.

કેટલાંક ચળકતાં માટીનાં વાસણો ચાકથી બનાવેલા, પોલિશ અને જાંબુડિયા રંગનાં પણ જણાય છે. આ વાસણોનાં સંપર્ક મહારાષ્ટ્રમાં તામ્રપાષાણ જોર્વે વાસણ સાથે જણાય છે. આ કારણે આ તબક્કો ઈ.સ.પૂ. 1400-1050 ના સમયગાળાનો ગણાવી શકાય.

આ ત્રણે તબક્કા સ્પષ્ટ કરે છે કે દક્ષિણભારતમાં શરૂઆતની કૃષિ-કમ-પશુ ઉછેરની વસાહતો ધીમે ધીમે કેવી રીતેદ્દ્ભવી અને વિકસી. તબક્કા 1 થી તબક્કા 3 (કેટલાંક સ્થળોનાં ઉત્ખનનોએ બતાવ્યું છે કે) દરમિયાન જીવનનિર્વાહ પ્રવૃત્તિ કોઈ પણ જાતના અર્થવ્યવસ્થામાં ફેરફાર વગર ચાલુ રહી, ફક્ત અગત્યના ફેરફારમાં તબક્કા 1માં ત્રાંબા/ સીસાનાં હથિયારોનો અભાવ. તબક્કા 2 અને 3માં જીવનનિર્વાહની પ્રવૃત્તિમાં ધાતુનાં ઓજારો ઉત્પન્ન કર્યાં. તે નૂતનપાષાણ-તામ્રપાષાણ તરીકે ઓળખાય છે.

આ વસાહતોના વર્ગીકરણથી જોઈ શકાય છે કે જમીનનું સ્વરૂપ નીચી ટેકરીઓનાં હારમાળા, મુખ્યત્વે મોટા પાણીના ધોધથી દૂર ની પણ ઝરણાંઓની પાસે પસંદ કરાતું. જમીનનો ભૂવિભાગ ઉત્તર કટિબંધવાળા પ્રદેશની કાળી માટી, ગરમ પ્રદેશના લાલ અને કાળા રેતીવાળા ચીકણા, રેતાળ અથવા રેતાળચીકણા લોહયુક્ત ગરમ પ્રદેશની જમીન અને નદીના મુખ આગળના કાંપ-કાદવવાળા ઞે. સરેરાશ વાર્ષિક વરસાદ જ્યાં આ વસાહત સ્થિર થયેલી છે ત્યાં હાલમાં 600-1200 મિ.મિ ની મર્યાદામાં પડે છેૅ. આ સ્થળો સામાન્ય રીતે કિલ્લેબંધી જેવી ટેકરીઓમાં અને વસાહતો કાં તો ટેકરીઓની ઉપર અથવા ટેકરીઓની તળિયે છૂટી છવાઈ છે.

## 11.2.2 આજીવિકાની અર્થવ્યવસ્થા (Subsistence Economy)

ભૌગોલિક સંબંધથી તે સ્થળોની જગા વિશે જોતાં એમ લાગે છે કે જે ક્ષેત્રફળ નહેરના પ્રવાહ માટે અનુકૂળ હોય ત્યાં સામાન્ય રીતે સંસ્થાનો ઊભાં થયાં. ક્રિશ્ના નદીને કિનારે વીરપુરમ્, તુંગભદ્રા ઉપર હાલુર Hallur, કાવેરી અને કપિલના સંગમ આગળ ટી.નરસીપુર અને જે ક્રિશ્નાના કાંપ-કાદવના ભૂવિભાગ પાસે જ્યાં નહેરના પાણીનો વિસ્તાર હોય ત્યાં પણ કેટલાંક સ્થળો છે.

પુરાતત્ત્વીય વનસ્પતિ શાસ્ત્ર જે પુરાવા મળ્યા છે તે બતાવે છે કે બાજરો અને કઠોળ મુખ્યત્વે ખેડેલી (જમીનનો) પાક હતો. આ વિવિધ જાતના બાજરી, ઘોડાના ચણા, લીલા ચણા અને કાળા ચણા છે. રામપુરમ્માંથી વટાણા અને જવ હાલમાં ઓળખી શકાયા છે.

પ્રાદેશિક પ્રાણીઓનો વિચાર કરીએ તો નૂતન પાષાણપ્રાણીજીવનનાં તામ્રપાષાણ સ્થળોએ ઉત્ખનન કરતાં બંને પ્રકારના પાળેલાં અને જંગલી અવશેષો પ્રાપ્ત થયા છે.

પાળેલાં જાનવરોની જાતોમાં ઢોર, ભેંસ, ઘેટાં, બકરાં, ડુક્કર (ભૂંડ) કૂતરાં અને મરઘાં છે. મોટા ભાગનાં સ્થળોએ મુખ્યત્વે ઢોર છે જે આ જાતિની અર્થવ્યવસ્થા માટે બહુ અગત્યનાં છે. દા.ત. વીરપુરમ્‌ના નૂતનપાષાણના સ્તરોમાંથી પ્રાદેશિક પ્રાણીઓના જે અવશેષો મળ્યા તે વિષયના ચોક્કસ અભ્યાસના આધારે ઢોરનું પ્રમાણ 48.68 ટકા પાળેલાં પ્રાણીઓનું જ્યારે ઘેટાં/બકરાં માત્ર 5.4 ટકા વીરપુરમ્ જે ક્રિશ્ના નદીના જમણા કિનારે છે અને ત્યાં ખેતીવાડી માટે નહેરની અનુકૂળતા હોવા છતાં આ પ્રમાણે ટકાવારી હોય તો એમ માની શકાય કે ઉપરવાસમાં જે વીસેકની સંખ્યામાં સ્થળો છે ત્યાં ઢોર ઉછેરે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આ જાતિની અર્થવ્યવસ્થા ખેતી અને ઢોર ઉછેરની (ઢોર મુખ્યત્વે ઘેટાં/બકરાં કેટલેક અંશે) સંયુક્ત છે. તેથી તેને ખેતી-ગ્રામજીવન કહી શકાય.

આ પાળેલી જાતો ઉપરાંત આ વસાહતોમાં જંગલી રમતોના અવશેષો મળ્યા છે. આ જંગલી જાતોમાં શાહુડી, કાળી ડોકવાળાં સસલાં, નીલગાય, શીંકારા (Chinkara), કાળીયાર Black Buck, Sambar અને મૃગ છે. આ બતાવે છે કે તેમની માંસની જરૂરિયાત જંગલી રમતોથી પૂરક બનતી હશે.

## 11.2.3 વસ્તુઓની સંસ્કૃતિ (Material Culture)

આ સમયની ઉપલબ્ધ ચીજોમાં માટીનાં વાસણો, પથ્થરનાં ઓજારો, ત્રાંબા/કાંસાની ચીજો ઉપરાંત અન્ય ચીજો.

### (i) માટીનાં વાસણો (Pottery)

તબક્કા I (ઈ.સ.પૂ.2500-1800) માં માટીનાં વાસણો મુખ્યત્વે હાથના બનેલા, ભૂખરાં કે ભગવા-બદામીરંગનાં હતાં. આ ભૂખરા વાસણો પકવ્યા પછી લાલ ભગવા રંગના પટ્ટા તેનું લક્ષણ છે. આમાં કેટલાંક માટીનાં વાસણોમાં રસપ્રદ એ છે કે તેને ગોળાકાર પાયા અને પોલી કુંભી જે પ્રાક્ હડપ્પન સમયના અમરી અને કાલિબંગનમાંથી મળેલાં વાસણોની યાદ આપે છે. બીજાં ચળકતાં વાસણોમાં કાળા અથવા રાતા ચળકતા ઢોળ ચઢાવેલાં તે પર સુશોભિત જાંબુડી રંગનાં ચિત્રો છે.

તબક્કા II (ઈ.સ.પૂ. 1800-1500) લાલ અને કાળાં ઢોળ ચઢાવેલાં વાસણો મળતાં બંધ થયાં અને નવાં પ્રકારના થયાં. આ નવામાં કાણાંવાળાં પાત્રો અને નાળચાવાળાં પાત્રો છે. ચમકતાં વાસણોની બનાવટમાં વાસણની બહારની સપાટી પર ખડબચડા કરવાની ટેકનિક (પદ્ધતિ) વપરાય છે અને પ્રાક્ હડપ્પન બલુચિસ્તાનના સ્તરમાં વપરાતી (પદ્ધતિ) યાદ આપે છે.


તબક્કા III (ઈ.સ.પૂ. 1400-1050) નવાં ચળકતાં વાસણોના પ્રકાર થયા :

(ક) ભૂખરાં અને બદામી રંગના વાસણો મજબૂત સપાટીવાળા અને

(ખ) ચાક ઉપર બનાવેલાં ચળકાટ વગરનાં વાસણો જાંબુડિયા રંગના આ પ્રકારનાં વાસણો મહારાષ્ટ્રના જોર્વે પ્રકાર સાથે સામ્ય ધરાવે છે. આ રીતે સાંસ્કૃતિક સંબંધો દક્ષિણ દખ્ખણ અને ઉત્તર દખ્ખણ સાથેના બતાવે છે. વાસણના આકારોમાં વિવિધ પ્રકારના વાટકા (હોઠવાળા વાટકા, અને નાળચાવાળા) હાથાવાળા પોલા પાયાવાળા વાડકા, બરણીઓ પાયાયુક્ત તાસકો, કાણાંવાળાં પાત્રો અને નાળચાવાળાં વાસણો છે.

### (ii) પથ્થરનાં ઓજારો અને હાડકાંના હથિયારો (Stone Tools and Bone Artifacts)

પથ્થરના ધારદાર પાનાના ઉદ્યોગોમાં લાંબા અને પાતળા સમાંતર ધારદાર પાનાં, તેમાંના કેટલાંકના આકારો ફરીને સંપૂર્ણ કરેલાં જણાય છે. આ સંપૂર્ણ આકારોમાં છે અર્ધચંદ્રાકાર, ત્રિકોણાકાર, હીંચકાન પાટિયા જેવાં, દાંતાવાળા (કરવતી જેવા) પાના વગેરે. કેટલાંક સમાંતર બાજુવાળા ધારદાર પાનાને કાપવાની બાજુએ ચળકાટ હોય છે જે ખેતીની કાપણીના કામમાં ઉપયોગી છે તેથી, ઘણાં પથ્થરનાં હથિયારો ચળકતાં હતાં. ચળકાટવાળાં અથવા ચળકાટ વગરની પથ્થરની કુહાડીના ઉદ્યોગમાં વધારે સામાન્ય તેની ત્રિકોણાકાર કુહાડીને ધારદાર ટોચ અને લંબગોળ ત્રાંસો ભાગ છે. બીજા પ્રકારોમાં adges, છોલવાનાં સાધનો, ફાચર, ફરસી અને ધારદાર હથિયારો (ધારદાર ત્રિકમ).




**દક્ષિણ ભારતમાં નૂતનપાષાણયુગના ધારદાર પાનાં અને ચમકતા પથ્થરની કુહાડી**

આ ઉપરાંત પથ્થરનાં બીજા સાધનોમાં હથોડાના પથ્થરો, ઝેસથી ફેંકવાના દડા, દળવાના પથ્થરો, ઘસવાના પથ્થરો અને હાથે અનાજ દળવાની ઘંટીનો સમાવેશ થાય છે. ઘંટી અનાજના કણ માટે ઉપયોગમાં લેવાતી.

હાડકાંનાં ઓજારોમાં Worked bone, શિંગડાં, ક્યારેક સાબર કે હરણનાં શિંગડા અને છીપલાં કેટલાંક ઉત્ખનન કરેલાં સ્થળોએથી મળી આવ્યાં છે. વધારે સામાન્ય ઓજારોમાં જુદી જુદી જાતના અણી અને ફરસી છે. એક સ્થળ (પલ્લાવોય)માંથી હાડકાંની કુહાડીઓ મળી છે, જે ઢોરને કામ માટેની કરવાની ધાર કિનારીથી તેને કચડીને તેમાંથી બનાવેલી ?

### (iii) ધાતુની ચીજો (Metal Objects)

તબક્કા ૬ક૬કમાં ત્રાંબા અને કાંસાનાં ઓજારો દેખાયાં તેની નોંધ પહેલાં થઈ ગઈ. અને તબક્કા III માં તેનો વધારો થયો. આમાં વધારે અગત્યનાં સપાટ કુહાડીઓ અને ફરસીઓ કે જે માલવા અને મહારાષ્ટ્રનાં ઓજારોને યાદ કરાવે છે. બીજી અગત્યની શોધમાં કલ્લૂર (એકમ 10 માં ત્રાંબાના સંચયના સંબંધમાં ચર્ચા થઈ છે)માંથી મળેલી તલવાર છે.

બીજી ચીજોમાં જુદાં જુદાં ઉત્ખનિત સ્થળોએથી મળેલી ત્રાંબા/કાંસાની બંગડીઓ, પેચવાળી કાનની બુટ્ટીઓ અને સુરમાની સળીઓ છે. હલ્લૂરમાંથી માછલી પકડવાનો હૂક મળી આવ્યો છે. ટેક્કલકોટા સ્થળેથી સોનાની પેચવાળી કાનની બુટ્ટી મળી આવી છે.

### (iv) મણકા અને પકવેલી માટીની આકૃતિઓ (Beads and Terracotta Figurines)

કેટલીક ઉત્ખનિત જગાઓમાંથી અર્ધ કિંમતી પથ્થરોના મણકા પ્રસંગોપાત મળે છે. જેમકે લૂગદીના ગોળ

ચકતા વર્તુળાકાર જેવા મણકા અને સેલખડીના નાગાર્જુનકોડામાંથી મળ્યા હતા.

પકવેલી માટીની આકૃતિઓમાં મુખ્યત્વે ખૂંધવાળાં ઢોર પીકલીહલ જેવાં ઉત્ખનિત સ્થળોએથી મળી આવ્યાં છે. Kupgal, મકી, પીકલીહલ વગેરે વસાહતોમાંથી મળતાં ઢોરનાં ચિત્રોના સંબંધમાં જોઈએ તો તેમની સંસ્કૃતિ સાથેનું મહત્ત્વ સૂચવે છે. આ ચિત્રો પશુઓને એકલા અથવા સમૂહમાં બતાવે છે અને ખૂંધવાળાં બળદો અને લાંબાં શિંગડાંવાળાં ઢોર રજૂ કરે છે. કેટલાંકમાં ઢોર સુશોભિત શિંગડાવાળાં છે.

### 11.2.4 દાટવાની પદ્ધતિ (Burial Practices)

સામાન્ય રીતે મરેલાંને ઘરમાં દાટવામાં આવતાં મોટાઓને દાટવાની પદ્ધતિમાં તેનું લંબાવેલું શબ હોય છે. બાળકોને અસ્થિકુંભમાં દાટવામાં આવતાં. ટેક્કલકોટા (તબક્કો III) ના ઉત્ખનનમાંથી મોટી સંખ્યામાં અસ્થિકુંભો મળ્યા છે, જે મહારાષ્ટ્રના જોર્વેના દાટવાની પદ્ધતિને યાદ કરાવે છે. નાગાર્જુનકોડામાં નૂતન પાષાણનું કબ્રસ્તાન મળ્યાનું નોંધાયેલું છે. મરેલાંઓનાં બલિદાન (કબરની ચીજો)માં મુખ્યત્વે ઘડા, તેમાં ખાસ કરીને નાળચાવાળાં વાસણો અને કેટલાક સંજોગમાં પથ્થરની કુહાડીઓ અને પથ્થરનાં ધારદારપાનાંનો સમાવેશ થાય છે.

## 11.3 નૂતન પાષાણ યુગની ઉપરની સપાટી પરથી મળેલી સામગ્રી ( Neolithic Surface Finds)

વસાહતોનાં સ્થળોએથી મળવા ઉપરાંત ચળકતા પથ્થરની કુહાડીઓ નાના છૂટા પડી ગયેલા સમુદાયો જેવા કે જંગલના પ્રદેશોમાંથી મળી આવ્યા છે. આવા બનાવો દક્ષિણ ભારતમાં સામાન્ય છે અને ઘણીવાર રહેણાંકના સ્થળ નજીકમાં હોય છે. આવા બનાવો શું સૂચવે છે ? આવાં શોધનાં સ્થળો કદાચ (તેમની) પ્રવૃત્તિસ્થાન બતાવતાં હશે. હથિયારોનો ઉપયોગ (કુહાડી ઝાડ કાપવા માટે) તેના ગુણ પ્રમાણે જોતાં આ શોધસ્થાન બતાવે છે કે ઝાડ પાન માટે ખડકાળ જંગલનો વિસ્તાર સૂકી ખેતીના કામ માટે ચોખ્ખો કરવામાં થતો હશે.

આવા છૂટાછવાયા નૂતન પાષાણના પથ્થરની કુહાડીના ઝૂમખાઓ તામિલનાડુના જંગલવાળા ટેકરીઓની હારમાળામાં સામાન્ય હોય છે તેમ જ સ્લેવરી, Slevory, જાવાદી Javadi, અને તિરુમલાઈના ટેકરીઓના વિસ્તારમાં પણ આવા નૂતન પાષાણ કુહાડીઓના ઝુમખા પશ્ચિમ ઘાટના દક્ષિણના વિસ્તારના જંગલના ઉપરના વિસ્તારથી તામિલના મેદાનોના નીચેના વિસ્તાર સુધી વહેંચાયેલા તે બતાવે છે કે ખાણની પદ્ધતિ જે હજુ સુધી પશ્ચિમ ઘાટના દક્ષિણભાગમાં હતી તે બદલાતી રહી.

દક્ષિણ ભારતના નૂતનપાષાણના રાખોડી ટેકરાઓ સાથે સંકળાયેલા હતા તે ભીમા-ક્રિષ્ના-તુંગભદ્રાના દોઆબના અર્ધસૂકાપ્રદેશ સાથે વહેંચાયેલા હતા. 60 કરતાં પણ વધુ રાખોડી ટીંબા જાણતા છે અને તેમનાં કેટલાંક તો તદ્દન વિસ્તૃત છે. કેટલાંક પુરાતત્ત્વવિદો સૂચવે છે કે આટીબાઓ નૂતનપાષાણની જાતિઓએ ગાયના છાણને બાળવાથી થયા હતા. અને જ્યાં છાણ એકત્ર કરવામાં આવતું ત્યાં ઢોરને પૂરવાના વાડાના સ્થળે આ (રાખોડી ટેકરા) હતા. આ પુરાવાને ધ્યાનમાં લેતાં રેમોન્ડ આલચીને (Raymond Allchin) પોતે ઉત્નુર (રાખોડી ટીંબાના સ્થળે) ખાતે ઉત્ખનન કર્યું અને તે એવા નતીજા ઉપર આવ્યા કે આ (જગાઓ) જ્યાં નૂતનપાષાણના લોકોનાં ઢોરો રહેતાં તેની સાથે જોડાયેલી છે. અને કદાચ કર્મકાંડના મહત્વ માટે બાળ્યાં હોય.

આગળ બતાવ્યા પ્રમાણે શિકાર-(ખોરાક) એકત્ર કરવાની અર્થવ્યવસ્થામાંથી ગ્રામ્ય ખેતીપ્રજાના વિકાસ માટેના કોઈ પણ પુરાવા દક્ષિણભારતમાં ઉપલબ્ધ નથી. આ પ્રદેશમાં ઈ.સ.પૂ. 3000ના મધ્ય ભાગની આસપાસ ગ્રામ્ય વસાહત એકાએક ઉદ્દભવી તે અંગે આપણે જોયું. આવી ખેતીની વસાહતો કેવી રીતે અસ્તિત્વમાં આવી ? કેટલાક પુરાતત્ત્વવિદોના મતે ભૂખરાં વાસણો ઇરાનના ઈશાન કોણમાં હિસ્સાર તુરંગ તેપે અને શાહ તેપે જેવાં સ્થળોએથી મળ્યાં છે. તે સાથે વિશાળ સામ્ય ધરાવે છે. અને બલુચિસ્તાન પ્રાક્-હડપ્પન માટીનાં વાસણો અને સિંધુ પદ્ધતિની સાથે લાલ અને કાળાં ચિત્રિત વાસણોની સાથે સાદૃશ્ય છે. આ સામ્યને આધારે અને તેના કેટલાંક લક્ષણોની ગણતરી કરતાં તેઓએ એવું સૂચવ્યું છે કે દક્ષિણ ભારતના નૂતનપાષાણની સંસ્કૃતિના મૂળને ઇન્ડો-ઈરાનીઅન સરહદની ભૂમિનાં કેટલાંક કેન્દ્રો સાથે જોડાણ છે.

### તમારી પ્રગતિ તપાસો (ક)

(1) નીચેનાં વિધાનો વાંચો અને સાચાં ( ✓ ) અથવા ખોટાં ( ✗ ) ની નિશાની કરો.

(i) દક્ષિણ ભારતની વસાહતોનાં સાધનોની સંસ્કૃતિને જુદા જુદા તબક્કામાં વહેંચવાનું શક્ય નથી.

(ii) પાળેલાં જાનવરોની જાતોમાં ઢોરોએ દક્ષિણ ભારતની પ્રારંભની ખેતીની પ્રજાની અર્થવ્યવસ્થામાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

(iii) દફનની પદ્ધતિ બાળકો તેમ જ મોટાંઓ માટે એકસરખી હતી.

(iv) ઉત્ખનિત સ્થળોએથી હાડકાનાં ઓજારોના કોઈ પુરાવા મળતા નથી.

(2) દક્ષિણ ભારતની શરૂની કૃષિ જાતિના સાંસ્કૃતિક તબક્કાઓ વિશે દસ લીટી લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(3) દક્ષિણ ભારતની કૃષિ જાતિની અર્થવ્યવસ્થાને ખેતી-પશુ-પાલન તરીકે વર્ણવી શકીએ ? પાંચ લીટીમાં લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(4) રાખોડી ટીંબા જુદાં જુદાં સ્થળોએથી શોધાયેલા શું સૂચવે છે ? પાંચ પંક્તિમાં લખો.

..........................................................................................

..........................................................................................


..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 11.4 દક્ષિણ ભારતનો લોહયુગ (Iron Age In South India)

દક્ષિણ ભારતમાં લોહનો ઉપયોગ લગભગ ઈ.સ.પૂ. 1100ની આસપાસ થયો. આ તારીખ હાલ્લુર





દક્ષિણ-ઉત્તર પાષાણ યુગ

(Hallur)માંથી મળેલી ચીજોના રેડિયોકાર્બનના પૃથક્કરણના આધારે સૂચવેલી છે. જોકે કેટલાંક બીજાં સ્થળોની આગળની ચર્ચાને આધારે નૂતન પાષાણ - તામ્રપાષાણ સંસ્કૃતિના પટાઓ ઉપર લોહ યુગનાં સ્તરો આપણે જોયા. ઉત્તર દખ્ખણ (મહારાષ્ટ્ર)માં કેટલાક તામ્રપાષાણ વસાહતોના ધંધાઓ લોહયુગમાં ચાલુ રહ્યા, અને દક્ષિણ દખ્ખણમાં બ્રહ્મગિરિ, પિક્લીહલ, સંગનકલ્લુ, મસ્કી, પૈયમ્પલ્લી વગેરે સ્થળોએ આવાં જ ઉદાહરણ છે.

પિક્લીહલ અને હાલૂરના ઉત્ખનનોએ દક્ષિણ ભારતમાં સૌથી પ્રાચીન લોહયુગ શોધ્યો છે અને બ્રહ્મગિરિમાં દફન માટેના ખાડા પણ પ્રાચીન દફનમાં સૌ પ્રથમ લોહની ચીજો, કાળાં-અને-રાતાં વાસણો અને ગૂંથેલાં ચિત્રિત બદામી અને લાલ વાસણો પ્રાપ્ત થયાં છે. અમુક હદ સુધી આ વાસણો જોર્વે વાસણને મળતાં આવે છે. આવા જ પુરાવા ટેકવાડા (મહારાષ્ટ્ર)ના દફનમાંથી પણ નોંધાયા છે. કેટલાંક સ્થળોએ રહેણાંકમાં પથ્થરની કુહાડીઓ અને ધારદાર પાનાં વાપરવાના ચાલુ રહ્યાં. ત્યાર પછીના તબક્કામાં ચળકતાં ચીતર્યા વગરનાં કાળાં-અને-રાતાં વાસણ અને રાતાં અથવા કાળાં વાસણોનું લાક્ષણિક પ્રાધાન્ય રહ્યું.

### 11.4.1 મહાશ્મયુગીન સંસ્કૃતિ (Megalithic Cultures)





**દક્ષિણ ભારતના મહાશ્મયુગના દફનના પ્રકારો**

દક્ષિણ ભારતના લોહયુગની ઘણી માહિતી મહાશ્મયુગની કબરોના ઉત્ખનનમાંથી મળી આવી છે. મહાશ્મ સામાન્ય રીતે કબ્રસ્તાનમાં પથ્થરની વચ્ચેની કબર જે રહેણાંકની જગાએથી દૂર છે તેને અનુલક્ષીને છે. દક્ષિણ ભારતમાં આ પ્રકારની વિસ્તૃત કબરો લોહયુગમાં મળી આવી. મહાશિલાની કબરો મોટા પ્રમાણમાં મહારાષ્ટ્ર (નાગપુર આસપાસ), કર્ણાટક (મસ્કી જેવાં સ્થળોએ), આંધ્ર પ્રદેશ (નાગાર્જુનકોંડા), તામિલનાડુ (અડીચનાલ્લુર-Adichanallur) અને કેરળમાંથી મળી આવ્યાનું નોંધાયું છે.

મહાશિલાની કબરોએ મૃતદેહની પતાવટ માટે વિવિધ પદ્ધતિઓ બતાવી છે. કેટલાંકમાં મરેલાંનાં હાડકાં એકત્ર કરીને મોટાં અસ્થિપાત્રમાં એકત્ર કરીને તેને ખાડામાં દાટવામાં આવતાં. આ ખાડો પથ્થરના વર્તુળ અથવા તેના ઉપરના ભાગે પથ્થર અથવા બંને રીતે તેનું નિશાન કરાતું. ખાડાઓ અને Win માં કબરની ચીજો મુકાતી. કેટલાંક ઉદાહરણમાં પથ્થરનાં કોફીન (શબપેટીમાં) માટીનાં વાસણો મળ્યાં છે. બીજાં કેટલાંક

ઉદાહરણમાં ખાડાનાં વર્તુળો મૃતદેહને દાટવા માટે પથ્થરના બનેલાં છે. કબર માટેની પથ્થર પેટી ગ્રેનાઈટ પથ્થરની પણ હોવાનું નોંધાયું છે. કેરળમાં ખડક કોરીને દફન માટે ઓરડા બનાવ્યા છે. બીજા પ્રકારના મહાશિલાની કબરો એક હરોળમાં ઊભા પથ્થરો સામાસામા ખૂણાને જોડીને અથવા સમચોરસ આકારમાં બનાવેલી છે.




દક્ષિણ ભારતમાંથી લોહનાં ઓજારો, મહાશિલા કબરો. 1 તીરનાં માથાં, 2 કટારો, 3 તલવાર, 4 ભાલાનું માથું, 5 ત્રિશૂળ, 6 યુદ્ધની કુહાડી, 7 ખરપડી (જમીન ખેડવાનું સાધન), હળમાં ભરાવાતી કોશ, 9 દાતરડું, 10 પેંગડા, 11 ચમચા કે કડછા, 12 ત્રિપોઈ, 13 દીવો.

## 11.4.2 મહાશ્મ સંસ્કૃતિનું મૂળ (Origins of the Megalithic Cultures)

મહાશ્મનો ઉદ્દભવ ઈ.સ.પૂ. 2000ના અંત સમય અને ઈ.સ.પૂ. 1000ના પ્રારંભમાં થયો. અને ત્યાર પછી આ પદ્ધતિ ઘણા સૈકા સુધી ચાલુ રહી. કેટલાક વિદ્વાનો માને છે કે મહાશ્મને કોઈ પણ એક સાંસ્કૃતિક જૂથ સાથે જોડી શકાય નહીં. અને દક્ષિણ ભારતની કબરો કેટલાક પ્રવાહોના મિશ્રણની અસરો યુક્ત વિકાસ પામતો સમૂહ જણાય છે. પ્રથમ, કેટલાક મહાશિલાની કબરો મધ્ય એશિયા, ઈરાન અથવા કોકેસસની યાદ અપાવે છે અને કદાચ આ પ્રથા ઇન્ડો-યુરોપિયન સ્થળાંતરિત પ્રદેશના લોકોએ દાખલ કરી હશે. બીજું કેટલીક દખ્ખણના નૂતન પાષાણ-તામ્રપાષાણની તળપદી દફનની પ્રથાઓનો વિકાસ દેખાય છે.

આર્યો કે દ્રાવિડીઓના અવશેષો સાથે વિદ્વાનોએ મહાશ્મનો સમૂહ જુદી જુદી રીતે ઓળખી બતાવ્યો છે. જોકે આ ચુકાદો સ્વીકાર્ય નથી. આમાં જે ચોક્કસ જણાય છે તે દક્ષિણ અને ઉત્તર ભારતના લોકો જુદાં જુદાં કાર્યોમાં વધારે ભળતાં થવાને કારણે દફનની આ પરિસ્થિતિ ઉદ્દભવી. આગળ જણાવ્યા પ્રમાણે લોહયુગના પ્રારંભ પહેલાં મોટા ભાગના ખેતી-પશુપાલનનાં જૂથો આ પ્રદેશમાં અસ્તિત્વ ધરાવતાં હતાં. ઘણી દફનની પદ્ધતિ ઘણી જાતોમાં લોહયુગમાં ચાલુ રહી. તામ્રપાષાણના ઇનામગાંવમાં ઘણાં કુંભનાં દફનો અમલમાં હતાં. બીજાં મહાશ્મની કબરોનાં લક્ષણો સ્થાનિક સાંસ્કૃતિક ફેરફારો સાથે વિકાસ પામ્યાં. કબરોમાંથી કેટલીક ચીજો મળી આવી તે ભારતના વાયવ્યકોણના પ્રદેશો સાથેના સંબંધ બતાવે છે. ખાસ કરીને કેટલાંક માટીનાં વાસણો જેવાં કે પાયા ઉપરના વાડકા આ કબરોમાંથી મળી આવ્યા છે તે વાયવ્ય કોણના ભારત અને ઇરાનની પ્રાચીન કબરોમાંથી મળતાં વાસણોના આકાર સાથે સામ્ય ધરાવે છે. તે જ પ્રમાણે ઘોડાના હાડકાની ખોજ અને ઘોડા માટે વપરાતાં ઓજારો બતાવે છે કે આ પ્રદેશમાં ઘોડેસવારી કરતાં લોકો આવ્યા હતા. ઘોડાઓ ફક્ત મધ્ય એશિયામાંથી લાવ્યા હોય કારણ ભારતમાં જંગલી ઘોડાઓ મળ્યા નથી. નાગપુર પાસેના જુનાપાણી (Junapani) માંથી ઘોડાની કબરો મળી આવ્યાનું નોંધાયું છે. મસ્કી (Maski) અને પીકલીહલ (Piklihal)ના ખડકનાં ચિત્રો બતાવે છે કે ઘોડેસવારોનું જૂથ તેઓની સાથે ધાતુની કુહાડીઓ લઈને આવ્યું. આ બધા પુરાવાઓ ભારતના વાયવ્યકોણની પ્રજા સાથેના ઘનિષ્ઠ સંબંધ બતાવે છે. તેથી લોહયુગની કબર સ્થાનિક અને પરદેશી અસરનું જોડાણ બતાવે છે.

### 11.4.3 વસ્તુઓની સંસ્કૃતિ (Material Culture)

લોહયુગનાં સાધનોના અવશેષો માટીનાં વાસણોની સાથે કેટલીક વિશેષતાઓ લોખંડ અને બીજી ધાતુની ચીજો સાથે રજૂ કરે છે.

#### (i) માટીનાં વાસણો (Pottery)

બધાં ઉત્ખનિત કબરોમાંથી માટ.નાં વાસણો મળી આવ્યાં તે કાળાં અને રાતાં વાસણો છે. આ પ્રકારનાં વાસણોનાં લક્ષણોમાં છીછરી તાસક જેવા વાડકા અને ઊંડા વાડકા, બંને પ્રકારને વાળેલી બેસણી, શંકુ આકારનું ઢાંકણ અને તે ઉપર દટ્ટો અથવા ટોચ ઉપર ગાળા જેવું, વાસણના પાયા ગોળા અને મોટા પાણીના ઘડા જેને વાળેલી બેસણી વગેરે છે.

#### (ii) લોહ અને બીજી ધાતુનાં સાધનો (Iron and other metal objects)

લોખંડની ચીજો તમામ મહાશ્મનાં સ્થળોએ મળી આવી છે. નાગપુર પાસે જુનાપાણી Junapani વિદર્ભમાં (મધ્ય ભારત)થઈ દક્ષિણમાં અદીચનાલ્લુર (1500 કિ.મી.ના અંતરે (Adichanallur) વ્યૂહરચના માટેની લોહની વસ્તુઓ હાથા તરીકે વાંકી લોખંડની પટ્ટીઓ વાળી સપાટ લોખંડની કુહાડીઓ, આગળ પડતા કાનાવાળા પાવડા, ખુરપી જેવાં ખોદવાનાં સાધનો અને છોડના મૂળ કાપવાનાં સાધનો અથવા તીકમ, દાતરડાં, ફેંકી દીધેલા હૂક, ફાચર, ગાયને બાંધવાની સાંકળ, ભાલા, ચપ્પા, ફરસી અથવા વાંસલા (કુંભારના), લોખંડનું ત્રણ પાયાવાળું મેજ, ઘડા મૂકવાની ઘોડી, રકાબીઓ, દીવા લટકાવાના હૂક, ઘણા હાથાવાળા અને અનાજને ટીપવાનાં સાધનો, કટારી, તલવારો (કેટલીક કાંસાના મૂઠવાળી સુશોભિત), તીરનાં માથાં અને ભાલાનાં માથાં અને તેનાં પોલાં, કાળાં ભાથાં, વિધિ માટેના બિલ્લા યુક્ત કુહાડીઓ, લોખંડના ત્રિશૂળ વગેરે. આ ઉપરાંત ખાસ પ્રકારનાં સાધનોનો સમૂહ જેમાં ઘોડાનો બધો સરસામાન જેમ કે કડી વગરની સાંકળ અને બે સાદા પટીવાળા લગામનાં ચોકઠાં, બાકોરાવાળા છેડા (જુનાપાણીમાંથી મળ્યાં હતાં), લગામનાં ચોકઠાં નાક માટે બાકોરાવાળાં અને મોં માટે પણ (લાનુરમાં જાણીતાં) વગેરે બીજી ધાતુની ચીજોમાં વધુ સંખ્યામાં ત્રાંબા અને કાંસાના ઘંટ, તે કદાચ ઘોડા માટે અથવા ઢોર માટે ઉપયોગમાં લેવાતા હશે. અર્ધકીમતી પથ્થરોના મણકા તથા સોનાની ચીજો મળ્યાનો હેવાલ છે.

### 11.4.4 આજીવિકાની અર્થવ્યવસ્થા (Subsistence Economy)

લોહયુગનાં રહેણાંકવાળાં ઉત્ખનિત સ્થળો ઘણાં થોડાં છે. આથી દક્ષિણ ભારતના મહાશિલાના બાંધનારની અર્થવ્યવસ્થા માટે ચોક્કસ ચિત્ર દોરવું મુશ્કેલ છે. કેટલાંક ઉત્ખનિત સ્થળોએથી ઘેટાં/બકરાં અને પશુઓ તેમ જ બાજરી અને કઠોળના અવશેષો મળ્યા છે.

લોહની અગત્ય લાક્ષણિક ચીજો-કબરોની ચીજો ખોદકામ કરેલી કબરોમાંથી એક જ પ્રકારની મળી છે. એકસરખી લોખંડની ચીજો છેક જુનાપાની (નાગપુર પાસે)થી આદીચનાલ્લુર સુધી (દક્ષિણમાં) લોખંડના કારીગરોના સંકળાયેલા જૂથના સ્થળાંતરની સાક્ષી પૂરે છે. એક વિદ્વાનના મતે તામિલનાડુ અને કર્ણાટકના મહાશિલાના લોકો લોખંડની કાચી ધાતુના થર શોધવામાં તેમ જ વિવિધ પ્રકારનાં લોખંડની ચીજો બનાવવામાં પ્રવીણ હતા. બીજા વિદ્વાને મૂકેલું દષ્ટિબિંદુ કે આ જૂથ જંગલી ઢોર ચરાવનાર અને વધુ પડતો આધાર ઘેટાં/બકરાંના ધણ ઉપર રાખતા.

મહાશ્મના ઝૂમખામાંની વસાહતો ખૂબ ઓછી અને તેનાં રહેણાંકો ભંગાર છે. આ બતાવે છે કે આ લોકો એક જગા પર થોડા સમય પૂરતા રહેતા હશે. કદાચ લોખંડના જ્ઞાનને કારણે તેઓ નવાં ક્ષેત્રોમાં સંસ્થાનો ઊભાં કરતા હોય. આ રીતે વસ્તીના કેટલાક ભટકતી ટોળીના અને કેટલાંક નવાં ક્ષેત્રોમાં સંસ્થાનો સૂચવે છે. જ્યાં આગલા સમયમાં વસાહતો ચાલુ રહી ત્યાં લોકો તેમની જૂની રીતે રહેવાનું ચાલુ રાખતા. લોખંડનાં ઓજારોએ તેમને કબરો માટે ગ્રેનાઇટ પથ્થરો વાપરવા શક્તિમાન કર્યા. આ ખેતી-પશુપાલનનું જૂથ ખ્રિસ્તી સંવતના પ્રારંભના કાળમાં ઐતિહાસિક તબક્કામાં દાખલ થયું. આનો ઉલ્લેખ સંગમ સાહિત્યમાં છે. કેટલીક કબરોમાં રોમન સિક્કાઓ જણાયા છે તે બતાવે.છે કે તેઓ ઇતિહાસમાં દાખલ થયા અને તેમનો વ્યાપારમાં સહકાર મોટા ક્ષેત્રફળમાં ફેલાયો.

**તમારી પ્રગતિ તપાસો (ખ)**

(1) દક્ષિણ ભારતના લોહયુગ વિશે સો શબ્દોમાં લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(2) દક્ષિણ ભારતના મહાશિલાના બાંધનારની અર્થવ્યવસ્થા વિશે પાંચ લીટીમાં લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 11.5 સારાંશ

ઈ.સ.પૂ. 3000ના મધ્ય ભાગની આસપાસ કૃષિજાતિ દક્ષિણ ભારતમાં ઉદ્ભવી. આ સમયગાળા દરમ્યાન મોટી સંખ્યામાં ઢોર ઉછેરનાર ભટકતી ટોળી પણ અસ્તિત્વમાં આવી. ખેડૂતો જુદી જુદી જાતનાં અનાજ બાજરો, કઠોળ અને જવ પેદા કરતા, પશુપાલકો ઢોર, ઘેટાં, અન બકરાંની સંભાળ રાખતા. ઈ.સ.પૂ. 2000 પ્રારંભની આસપાસ આ જાતિના લોકો ત્રાંબુ અને કાંસાના હથિયારો વાપરતા. આમાંનાં કેટલાંક કાંસાનાં હથિયારો ભારતના વાયવ્ય કોણમાં મળેલાં કેટલાંક હથિયારો સાથે સામ્ય ધરાવે છે. ઈ.સ.પૂ. 2000ના અંત ભાગમાં આ પ્રદેશમાં લોઢાનો વપરાશ દાખલ થયો. આ સમયે મહાશિલાની કબરોની શરૂઆત જોઈ. આ પદ્ધતિમાં કેટલીક જાતોની વસાહતોની રીતોમાં ફરક દાખલ થયો કારણ તેઓએ મૃતદેહોને ઘરના રહેણાંક વિસ્તારથી દૂર દાટવાનું શરૂ કર્યું. જોકે ખેડૂતોએ આ જ પ્રકારનો પાક ઉગાડવાનું ચાલુ રાખ્યું અને ભટકતી ટોળીએ પોતાની રહેવાની જૂની ઢબ ચાલુ રાખી. આ તબક્કો દક્ષિણ ભારતના શરૂઆતના ઐતિહાસિક સમય સાથે ભળી ગયો તે વખતે કેળવણી પામેલાની પરંપરા શરૂ થઈ.

## 11.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**આર્ય** - લોકો કે જેઓએ વેદોની રચના કરી અને તેઓ ઇન્ડો-યુરોપિયન ભાષા બોલતા.

**ચળકાટ** - એક પ્રકારના સુશોભિત (માટીનાં વાસણો) કે જેમાં વાસણને અગ્નિમાં મૂકતાં પહેલાં તેની સપાટી ચળકતી કરવામાં આવતી.

**પ્રાચીન ભારતીય સમાજની ઉત્ક્રાન્તિ : ઈ.સ.પૂ. 2000 થી ઈ.સ.પૂ. 1000**

**દ્રાવિડિયન** - લોકો જે દ્રાવિડી ભાષા બોલતા

**સૂકી ખેતી** - સૂકાં શહેરોમાં ખેતી પદ્ધતિ જેમાં સપાટી ઉપરની જમીન કાયમને માટે ઢીલી રાખવામાં આવતી જેથી અપૂરતો વરસાદ જાળવી શકે અને બાષ્પીભવન ઓછું થાય.

**જોર્વે વાસણ** - ઈ.સ.પૂ. 2000 ના છેવટના ભાગના લાલ ચીતરેલાં વાસણો કે જોર્વે, મહારાષ્ટ્રમાંથી સૌ પ્રથમ ઓળખી શકાયાં.

**બેઠાડુ** - જાતિ કે જે ગામડામાં સ્થિર વસતા

## 11.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

(1) 1. ✗
2. ✓
3. ✓
4. ✗

(2) જુઓ પેટા વિભાગ 11.2.1

(3) જ્યારથી અર્થવ્યવસ્થા ખેતીવાડી અને ઢોરને ચરાવવાના બંને ઉપર ભેગી ઉપર આધાર રાખતી ત્યારથી તે ખેતી-પશુપાલન તરીકે ઓળખાતી. જુઓ પેટા વિભાગ 11.2.2

(4) તમારા જવાબમાં નીચેનાનો સમાવેશ કરો - આ ટીંબાઓ મૂળ તો ઢોરોને રાખવાના વાડાની જગા હતી જ્યાં છાણ એકત્ર કરાતું, ગાયના છાણના બળી જવાથી (આ ટેકરા) ઉપસ્થિત થયા, કદાચ આ નૂતન પાષાણની જાતિઓએ કર્મકાંડના ભાગ તરીકે સળગાવ્યું હોય. વળી જુઓ વિભાગ 11.3

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

1) જુઓ પેટા વિભાગ 11.4.1 એક તબક્કો બીજા તબક્કાથી જુદા પાડતાં લક્ષણો લખો.

2) જુઓ પેટા વિભાગ 11.4.3

# એકમ 12 આદ્ય વૈદિક સમાજ (The Early Vedic Society)

રૂપરેખા


12.0 ઉદ્દેશો
12.1 પ્રસ્તાવના
12.2 સ્રોતો
12.2.1 સાહિત્યિક સ્રોતો
12.2.2 પુરાતત્ત્વીય સ્રોતો
12.3 આર્યોનું આગમન-પુરાકાલ્પનિક કે સત્ય ?
12.4 અર્થવ્યવસ્થા
12.5 સમાજ
12.6 રાજવ્યવસ્થા
12.7 ધર્મ
12.8 સારાંશ
12.9 ચાવીરૂપ શબ્દો
12.10 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો


## 12.0 ઉદ્દેશો

આ એકમ શીખ્યા પછી તમે જાણી શકશો કે -

- જુદાં જુદાં સાધનો મારફતે આપણે આદ્ય વૈદિક સમાજને જાણવા પ્રયત્ન કરીશું તે (તમે) શીખશો,
- આ સાધનો મારફતે ઇન્ડો - આર્યોનું થોડા પાયે સ્થળાંતર સિદ્ધાંત તપાસો.
- આદ્ય વૈદિક લોકોની અર્થવ્યવસ્થા, સમાજ, રાજબંધારણ અને ધર્મ વિશે જાણો.

## 12.1 પ્રસ્તાવના

એકમ 10 અને 11માં તમે જોયું કે આશરે ઈ.સ.પૂ. 2000-1000 ના સમય દરમ્યાન ભારતના જુદા જુદા પ્રદેશોમાં જુદા જુદા તબક્કાની જાતિઓનો સાંસ્કૃતિક વિકાસ તમે જોયો. તેઓની સંસ્કૃતિઓ ખાસ કરીને ખેતી-પશુપાલન હતી અને આ સંસ્કૃતિઓ વિશે આપણી સમજ મુખ્યત્વે પુરાતત્ત્વીય અવશેષો ઉપર આધારિત હતી કારણ હડપ્પા સંસ્કૃતિ સિવાય કોઈ પણ સંસ્કૃતિએ પોતાની પાછળ લેખિત પુરાવાઓ છોડ્યા નથી. આ એકમ અને તેની પછીના એકમમાં ભારતના સૌથી પ્રાચીન દસ્તાવેજો જેવા ધાર્મિક ગ્રંથોએ આપેલા પુરાવાઓ ઉપર આપણે ધ્યાન કેન્દ્રિત કરીશું. આપણે જ્યાં જ્યાં જરૂરી હશે ત્યાં ત્યાં પુરાતત્ત્વીય પુરાવાઓ આ બનાવોના પૂરક તરીકે તપાસીશું. ઋગ્વેદ સૌથી પ્રાચીન ઋચાઓનો સંગ્રહ ગણાય છે અને તેથી આપણે આદ્ય વૈદિક સમયને સમજવા માટે ઋગ્વેદને તપાસવાથી શરૂ કરીશું અને પછી બીજા વેદો અને ત્યાર પછીના ક્રમમાં મૂકતા તેને મળતા ગ્રંથો. પ્રથમ એમ મનાતું કે આર્યોએ વેદોની રચના કરી છે અને લાંબા વખતથી મનાતું કે ભારતના ઉપખંડોને સાંસ્કૃતિક બનાવવા માટે મોટો ભાગ આર્યોએ ભજવ્યો હતો. જો ઋગ્વેદની અનુક્રમણિકાને ધ્યાનપૂર્વક પૃથક્કરણ કરીને જોઈએ તો તે (ઋગ્વેદ) વિકસિત સાધનોની સંસ્કૃતિ હોવાની છાપ આપતા નથી. બીજી બાજુએ ઘણાં સાધનોનાં લક્ષણો ભારતીય સભ્યતાનાં છે કે જે ભારતના જુદા જુદા ભાગોમાં (વેદપહેલાંના)બિન વૈદિક પુરાતત્વીય સંસ્કૃતિમાં અસ્તિત્વ ધરાવતા હતાં. બીજું, જ્યારે વેદના અનુક્રમ પછીના વેદને સંબંધિત ગ્રંથો સાથે સરખાવીએ તો તે સ્પષ્ટ થાય છે. વૈદિક સમાજમાં જ સાથે ફેરફારો થયા હતા. તેનો અર્થ એ થાય કે જેને વૈદિક સંસ્કૃતિ કે આર્ય સંસ્કૃતિ કહી શકીએ તેને માટે કોઈ ચોક્કસ સાંસ્કૃતિક નમૂનો ન હતો.

ભૌગોલિક ક્ષેત્રફળના હાર્દમાં જ્યાં ઋગ્વેદના બનાવો સંબંધિત હતા તે સપ્ત-સિંધવ અથવા સાત નદીઓની ભૂમિ. આ સમગ્ર પંજાબને મળતો (પ્રદેશ) છે અને તેના પડોશમાં હરિયાણા, પણ ઋગ્વેદની ભૂગોળે ગોમલ મેદાનો, દક્ષિણ અફઘાનિસ્તાન અને દક્ષિણ જમ્મુ અને કાશ્મીરનો સમાવેશ કર્યો છે.

**પ્રાચીન ભારતીય સમાજની ઉત્ક્રાન્તિ : ઈ.સ.પૂ. 2000 થી ઈ.સ.પૂ. 1000**

આદ્ય વૈદિક સમાજને લગતા સૌથી જૂના અર્થ બેસાડેલા છે કે ઇન્ડો-આર્યોનું સ્થળાંતર પશ્ચિમ એશિયામાંથી ભારતીય ઉપખંડમાં થયું છે. આ સ્થળાંતર કરનારા વેદોના લેખકો ગણાય છે અને તેઓ વૈદિક પ્રજા કહેવાય છે. ઐતિહાસિક અર્થ પ્રમાણે આર્યો ભારતમાં કેટલાક તબક્કામાં અથવા તરંગની જેમ આવ્યા.

આર્યો ઇન્ડો-યુરોપિયન ભાષાઓ બોલતા ભાષાશાસ્ત્રીઓનો સમૂહ ગણાય છે. તેઓ પરંપરાગત ઇતિહાસકારોથી જુદા પડે છે. અને પુરાતત્ત્વવિદો અનાર્યો હડપ્પન લોકો તેના પછીના સમયનો ભેદ પાડે છે.

આદ્ય વેદિક સમાજનાં અમુક અવલોકનો સાહિત્યિક ગ્રંથો અને પુરાતત્ત્વીય પુરાવાઓ એકબીજાનાં પુરક હોઈને તે પરિણામલક્ષી બને. જો બંને પ્રકારનાં સાધનો એક જ પ્રદેશના અને સમયના હોય તો બંને વધારે વિસ્તૃત વિચારો આર્થિક, સામાજિક, રાજકીય અને ધાર્મિક જીવન વિશે આપે.

આ સાધનોની આલોચના શરૂ કરીએ.

## 12.2 સ્રોતો (Sources)

આપણી પાસે બે પ્રકારનાં સાધનો-આદ્યવૈદિક સમાજ-સાહિત્યનાં અને પુરાતત્ત્વનાં છે.

સૌ પ્રથમ આપણે આ સમયના સાહિત્યનાં સાધનો જોઈએ.

### 12.2.1 સાહિત્યિક સ્રોતો (Literary Sources)

સાહિત્યિક સાધનોમાં સૌ પ્રથમ ચાર વેદો જોઈએ.

- ઋગ્વેદ
- સામવેદ
- યજુર્વેદ અને
- અથર્વવેદ

આ બધામાં ઋગ્વેદ સૌથી જૂનો છે.

'વેદ' શબ્દ સંસ્કૃતિ શબ્દ 'વિદ્' માંથી ઉદ્ભવ્યો છે જેનો અર્થ 'જાણવું' થાય છે.

વેદો જુદા જુદા કુટુંબના કવિઓ અને ઋષિઓએ વિવિન્ન દેવોને મુખ્યત્વે પ્રાર્થનાઓ અને સ્તોત્રો (ઋચાઓ) કરેલા તેનો સંગ્રહ છે. આ ચાર વેદો પણ સંહિતા છે એ અર્થમાં કે તેઓ તે સમયની મૌખિક પરંપરા રજૂ કરે છે.

ઋચાઓ સૌ પ્રથમ રચાઈ ત્યારે તે લિપિબદ્ધ ન હતી પરંતુ તેને યાદ રાખીને બોલી જવાની, શીખવાની અને મૌખિક રીતે અન્યને આપવાની, આથી કોઈ પણ સંહિતા ચોક્કસ રીતે સમય નિર્ણીત થઈ ન હતી. દરેક સંહિતા કેટલાક સૈકાઓના સમયનો સમૂહ રજૂ કરે છે. આ ચારે સંહિતાના પૂર્વાપર સંબંધથી વિદ્વાનો માને છે કે ઋગ્વેદનો સમય ઈ.સ.પૂ. 1500 થી ઈ.સ.પૂ. 1000 નો મૂકી શકાય.

ઋગ્વેદ સંહિતામાં 10 ગ્રંથો કે "મંડલો" છે. તેમાંનાં મંડલો 2 થી 7 સૌથી જૂના છે અને આદ્ય વૈદિક તબક્કાના છે. મંડલો 1, 8, 9 અને 10 સંહિતા પછીની આવૃત્તિઓ છે.

વિદ્વાનો ઋગ્વેદ અને અવેસ્તા સૌથી જૂના ઇરાની ગ્રંથો કે જે ઋગ્વેદ કરતાં જૂના છે જેની ભાષામાં સામ્ય જુએ છે. આ ભાષાઓનું સામ્ય અને ક્રમાનુસાર અવેસ્તાની ઋગ્વેદ ઉપર અગ્રતાને કારણે આ વિદ્વાનો સૂચવે છે કેઃ

(1) લોકો જેઓ આ પુસ્તકોમાં રજૂ થયેલા છે તેઓ કોઈ એક ભાષાના સમૂહના હોવા જોઈએ અને તેઓ પશ્ચિમ એશિયા અને ઇરાનમાંથી ભારતના ઉપખંડમાં સ્થળાંતર કરીને આવેલા. આ લોકો આર્યો તરીકે ઓળખાતા.

(2) આર્યોનું મૂળ એક રહેઠાણ હતું તેમાંથી કેટલાંક જૂથના યુરોપ અને પૂર્વમાં સ્થળાંતર કરી ગયા.

આર્યોના મૂળ નિવાસસ્થાન અંગેની ચર્ચા વજૂદવાળી નથી. આર્યો માટે એક જ વંશના હોવા વિશેનો વિચાર ખોટો સાબિત થયો છે. પરંતુ ઇતિહાસકારો એક સામાન્ય ભાષાની એકરૂપતામાં હજૂ માને છે અને તેને આધારે કેટલાક હજુ પણ આર્યોના સ્થળાંતરના સિદ્ધાંત ઉપર ભાર આપે છે.

### 12.2.2 પુરાતત્ત્વીય સ્રોતો (Archaeological Sources)

છેલ્લાં 40 વર્ષથી થયેલા ઉત્ખનને પંજાબ, ઉત્તર પ્રદેશ, ઉત્તર રાજસ્થાન, સિંધુ અને ઘગ્ઘર નદી આગળના પ્રદેશોમાં ઘણી અનુ હડપ્પાની તામ્રપાષાણ વસાહતો ખોદી કાઢી છે. આ બધાનો સમય ઈ.સ.પૂ. 1700 થી 600 ઈ.સ.પૂ. છે. આ સૈકાઓ વિશે તમોએ એકમ 10માં વાંચ્યું છે. તમે તે પણ જોયું છે કે આ તામ્રપાષાણસંસ્કૃતિ ઉત્તરકાલીન હડપ્પન OCP (ભગવા રંગનાં માટીનાં વાસણો), BRW (કાળાં અને રાતાં માટીનાં વાસણો) અને PGW (ચિત્રિત ભૂખરાં વાસણો) સંસ્કૃતિ પણ કહેવાય છે.

આપણે અહીં યાદ રાખવું જોઈએ કે માટીનાં વાસણોના પ્રકાર લોકોનો સમગ્ર સંસ્કૃતિનું પ્રતિબિંબ પાડતા નથી. જૂદાં માટીના વાસણોના પ્રકારનો અર્થ એવો નહીં કે જે લોકો આ વાસણો વાપરતા તે જૂદાં હતાં. માટીનાં વાસણોનું પૃથક્કરણ આપણને અમુક પ્રકારની ખાસિયતોવાળી સંસ્કૃતિનો સમુદાય માત્ર નક્કી કરવા મદદ કરે છે. તેથી વિશેષ કાંઈ નહીં. કેટલાક વિદ્વાનોએ તપાસવાનો પ્રયત્ન કર્યો છે કે ઉત્તર-પશ્ચિમ અને ઉત્તર ભારતની સંસ્કૃતિએ જે પુરાવાઓ આપ્યા છે તેને વેદના ગ્રંથોના અભ્યાસથી આપણે જે જાણ્યું છે તેની સાથે સરખાવી શકાય કે કેમ ?

## 12.3 આર્યોનું આગમન-પુરાકાલ્પનિક કે સત્ય ? (The Aryan Invasion - A Myth or A Reality?)

શું આર્યોનું આગમન પુરાકાલ્પનિક કે સત્ય હતું ? આ પ્રશ્નનો જવાબ આપવામાં પુરાતત્ત્વીય પુરાવાઓ કેટલે અંશે મદદરૂપ થાય છે.

પુરાતત્ત્વ વિદોએજૂદી જૂદી અનુ-હડપ્પન સંસ્કૃતિને આર્યો સાથે જોડવા પ્રયત્ન કર્યો છે. ચિત્રિત ભૂખરા માટીનાં વાસણો કે જે ઈ.સ.પૂ 900થી આશરે ઈ.સ.પૂ.500ના સમયગાળાના છે તેને આર્યોની કલાકારીગીરી સાથે જોડવાનો વારંવાર પ્રયત્ન થયો છે. આ દલીલ ઇતિહાસકારોએ સાહિત્યના ગ્રંથોના પૃથક્કરણમાંથી તારવેલાં અનુમાનોને આધારિત છે. પુરાતત્ત્વવિદો ભાષાનું સામ્ય ઋગ્વેદ અને અવેસ્તા વચ્ચે શોધીને તેને અનુસરીને માટીનાં વાસણોના આકારોમાં ચળકતાં વાસણો ઉપરનાં ચિત્રો, ત્રાંબાની ચીજોનાં સ્વરૂપો વગેરે અનુહડપ્પન અને પશ્ચિમ એશિયા/ઇરાનના તામ્રપાષાણના સમુદાય સામ્ય શોધવા પ્રયત્ન કરે છે. આ સામ્ય પોતાના મતને મોટો કરીને ટેકો આપવા કે આર્ય જાતિનો એક સમૂહ કે જે પશ્ચિમ એશિયામાંથી ભારતના ઉપખંડમાં સ્થળાંતર કરી ગયો. આ પ્રમાણે સાહિત્યકીય અને પુરાતત્ત્વીય સાધનો એકબીજાને ટેકો કરવા માટે કે સ્થળાંતરના તર્કને સમર્થન કરવા માટે હતાં.

ઋગ્વેદ અને અવેસ્તા વચ્ચેના ભાષાના સામ્યમાં કોઈ વિવાદ નથી પણ આવું સામ્ય લોકોના મોટા પાયા ઉપરનું ભારતના ઉપખંડમાં સ્થળાંતર ખરું જોતાં સૂચવતું નથી. બીજું ભારતના તામ્રપાષાણના અને પશ્ચિમ એશિયાનાં ઓજારો વચ્ચેનું સામ્ય પ્રસંગોપાત્ત મળી આવે છે. આ સામ્ય પણ લોકોનું મોટા પાયા પરનું સ્થળાંતર નિર્દેશ કરતું નથી. '' આર્યો ''ની કલ્પના આગળ કહ્યું તેમ ખાસ પ્રકારના માટીનાં વાસણો સાથે સરખાવી શકાય નહીં. તેને અન્ય દેશીય કે જાતિનું કાંઈ મહત્ત્વ હોઈ શકે નહીં તેથી ભાષાઓના સામ્ય સાથે સંબંધિત તદ્દન અસ્પષ્ટ તર્ક છે.

આ સંબંધમાં પુરાતત્ત્વવિદોએ વિવિધ સ્થળોના ઉત્ખનન દરમિયાન સૂચવેલા નીચેના મુદ્દાઓની નોંધ લેવી જોઈએ :

(1) જૂના વિદ્વાનો માને છે કે ઇન્ડો આર્યને હડપ્પાનાં શહેરો અને નગરોનો નાશ કર્યો તે હડપ્પન સંસ્કૃતિનો પડતીનું કારણ બન્યું. તેઓ ઋગ્વેદની ઋચાઓનો ઉલ્લેખ કરે છે કે જેમાં ઇંદ્રને રહેણાંકોની કિલ્લાઓનો નાશ કરવા પ્રાર્થના કરી. પરંતુ પુરાતત્ત્વીય પુરાવાઓએ બતાવ્યું છે કે હડપ્પન સભ્યતાનો નાશ પરદેશીઓના આક્રમણથી મોટા પાયા ઉપર થયો ન હતો. (જૂઓ એકમ 9 વિભાગ-2)

(2) ચિત્રિત ભૂખરાં વાસણોના બનાવનારને જાણવા માટેના આર્યો સાથેના પ્રયત્નોને પુરાતત્ત્વીય પુરાવાઓ તરફથી પણ મજબૂત ટેકો મળતો નથી. જો PGW સંસ્કૃતિને આર્યો સાથે જોડીએ તો આક્રમણનો સિદ્ધાંત બરાબર મગજમાં બેસતો નથી કારણ કે કહેવાતા આર્યોના સ્થળાંતરના માર્ગમાં એટલે કે બહવલપુર અને પંજાબના ક્ષેત્રોમાંથી આપણને આ જાતનાં વાસણો મળવાં જોઈએ. જોકે આપણને આ જાતનાં માટીનાં વાસણો ખાસ ભૌગોલિક પ્રદેશ જેમાં હરિયાણા, ઉપરવાસનો ગંગાનો જલપ્રદેશ અને પૂર્વ રાજસ્થાનનો સમાવેશ થાય છે ત્યાંથી મળ્યાં છે.

(3) સૌ પહેલાં એમ વિચારાતું કે તેમાં સમયનું ભંગાણ છે, અને આથી પછીના હડપ્પા અને અનુહડપ્પાના તામ્રપાષાણ સમયમાં સાંસ્કૃતિક સંબંધો ચાલુ રહ્યા ન હતા.

પરંતુ હાલના ઉત્ખનનો ભગવાનપુર, દધેરી (હરિયાણા) અને મંદા (જમ્મુ) એ બતાવ્યું છે કે પછીના હડપ્પાનો અને ચિત્રિત ભૂખરાં વાસણો કોઈ પણ જાતના ભંગાણ વગર એક સાથે મળી આવ્યાં છે. આ ઉત્ખનિત સ્થળોને આધારે ''આક્રમણ'' સાબિત થઈ શકતું નથી.

ઈ.સ.પૂ. 1750 પછી હડપ્પન સભ્યતાનાં નગરો અને શહેરો અને મુદ્રા, વજનિયાં, માપ વગેરે જેવી હસ્તકારીગરીની વસ્તુઓ અર્થાત્ વેપાર અને નાગરિકત્વને લગતી વસ્તુઓ નાશ પામી જ્યારે પૂર્વકાળનું ગ્રામ્ય જીવન ઈ.સ.પૂ. 2000 અને ઈ.સ.પૂ. 1000 માં ચાલુ રહ્યું. પ્રાક્ હડપ્પન કાળના પુરાતત્ત્વીય અવશેષોમાં જે ફેરફાર નોંધાયો - માટીનાં વાસણો, ધાતુનાં ઓજારો અને બીજી ચીજોમાં - તે ભારતીય તામ્રપાષાણ સંસ્કૃતિના ફેરફારને ''પ્રાદેશિક'' તરીકે રજૂ કરાયા છે.

ઈ.સ.પૂ. 2000 અને ઈ.સ.પૂ. 1000ના સમયગાળાના પુરાતત્ત્વીય પુરાવા આપણને વેદના આર્યોના અસ્તિત્વ ધરાવતા વિવિધ પ્રકારના વિચારોમાં ફેરફાર કરવા મદદરૂપ થાય છે. પ્રથમ એવો કોઈ પુરાતત્ત્વીય નક્કર પુરાવો નથી કે ઈ.સ.પૂ. 1500ની આસપાસ મધ્ય કે પશ્ચિમ એશિયામાંથી ભારતીય ઉપખંડના મોટાપાયા ઉપરના સ્થળાંતરનો. બીજું પુરાતત્ત્વની રીતે પણ એવી કોઈ સાબિતી નથી કે આર્યોએ હડપ્પન સભ્યતા નાશ કરી અને નવી ભારતીય સભ્યતાનો પાયો નાંખ્યો. ટૂંકમાં, ઋગ્વેદ વારંવાર દુશ્મનાવટ અને યુદ્ધ જુદાં જુદાં જૂથો વચ્ચે થયાનું જણાવે છે. આ કહેવાતી આર્ય અને અનાર્ય પ્રજાની સંસ્કૃતિ વચ્ચેની અથડામણો પુરાતત્ત્વમાં નોંધાયેલી નથી. ઋગ્વેદ સૌથી જૂનો ધાર્મિક ઋચાઓનો સંગ્રહ આપણને લબ્ધ હોઈને તેની ઇતિહાસના દસ્તાવેજ તરીકે ઉપયોગિતા ઘણી છે. આ ઋચાઓ આપણને પ્રાચીન સમાજના વિવિધ પાસાંઓનું જ્ઞાન આપે છે કે જે પુરાતત્ત્વીય પુરાવાઓથી ઉપલબ્ધ ન થાય. તેમાંથી આપણે અર્થવ્યવસ્થાનો ખ્યાલ સામાજિક વ્યવસ્થા, રાજાધિકાર, રાજકીય વ્યવસ્થા, ધર્મો અને વિશ્વના વિજ્ઞાન અંગેની માન્યતાઓ વગેરેનું જ્ઞાન મેળવીએ છીએ. આમાંની ઘણી માહિતી પછીના તબક્કાના ભારતીય સમાજના સ્વરૂપને સમજવા માટે ઘણી પ્રસંગાનુકૂળ છે. તેથી હવે આપણે શરૂના વેદના સમાજ અંગે ઋગ્વેદમાંથી જે શીખ્યા તે તરફ જોઈએ.

## તમારી પ્રગતિ તપાસો (ક)

(1) ચાર વેદો કયા છે ? તેમાંનો કયો વેદ ખાસ કરીને શરૂના આદ્યવેદના સમયનો છે ?

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

(2) પુરાતત્ત્વના ઉત્ખનનને આધારે આર્યોનાં આક્રમણોનો સિદ્ધાંત સ્વીકાર્ય છે ?

પુરાતત્ત્વવિદોની દલીલો સો શબ્દોમાં આપો

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

(3) દરેક વાક્યની સામે 'હા' કે 'ના' લખો

(1) આપણું જ્ઞાન શરૂના વેદના સમયનું માત્ર સાહિત્યિક સાધનો ઉપર આધારિત છે.

(2) વેદો મુખ્યત્વે જુદા જુદા દેવોને સંબોધીને નિર્દિષ્ટ કરાયેલી પ્રાર્થનાઓ કે ઋચાઓ છે.

(3) અવેસ્તા સૌથી જૂનો ઇરાનનો ગ્રંથ છે.

(4) ઋગ્વેદ અને અવેસ્તા બન્ને વચ્ચેનું ભાષાકીય સામ્ય આર્યોનું સ્થળાંતર ભારતના ઉપખંડમાં થયેલું તે તર્ક ખાતરીપૂર્વકનો પૂરતો પુરાવો છે.

## 12.4 અર્થવ્યવસ્થા (Economy)

પ્રારંભના વેદનો સમાજ ગ્રામીણ ઢોરઉછેરતો ધંધાકીય પ્રવૃત્તિ માટે પ્રબળ હતો. ગ્રામ્ય સમાજ ખેતી ઉત્પાદન કરતાં મુખ્યત્વે તેના પશુ ધન ઉપર આધારિત હોય છે. ગ્રામ્યજીવન લોકોએ સ્વીકારેલો પોતાના ગુજરાન માટેનો વ્યૂહ છે. કારણ તેઓ જે ક્ષેત્રમાં રહેતા ત્યાં મોટા પાયે ખેતી તેની આસપાસની પરિસ્થતિ અને કેટલેક અંશે સાંસ્કૃતિક દબાણને કારણે શક્ય ન હતી.

શરૂના વેદના સમાજમાં પશુના અગત્યના ઘણા પુરાવાઓ ઋગ્વેદની ઋચાઓએ આપ્યા છે. ઘણાં ભાષાકીય વાક્યો ગાયની સાથે સંકળાયેલા ઋગ્વેદમાં છે. ઢોર એ શ્રીમંતાઈનું મુખ્ય માપ હતું. જે ધનિક ઘણાં ઢોર રાખતો તે 'ગોમત' કહેવાતો. આ સમયમાં અથડામણ અને યુદ્ધો માટે જે સંજ્ઞા વપરાતી તે 'ગવિષ્ટિ', 'ગવેષણ', 'ગવ્યત્' વગેરે. પહેલાંનો સામાન્ય અર્થ ''44 ગાયો માટેની શોધ''આ સંજ્ઞા સૂચવે છે કે ઢોરની માલિકી જૂથો વચ્ચેના ઝઘડાનું મૂળ અને વારંવાર આંતર ટોળીની લડાઈઓ અને અથડામણ તરફ દોરી જતાં. પણી (લોકો) જે વેદના લોકોના દુશ્મનો હતા તે અંગે ઋગ્વેદમાં જણાવ્યું છે કે તેઓએ ધન, મુખ્યત્વે ગાયો પર્વતો અને જંગલોમાં સંતાડી દીધી હતી, વેદના દેવ ઇન્દ્રને ગાયોને છોડાવવા માટે પ્રાર્થના કરાતી. આ ઉલ્લેખ બતાવે છે કે ગાયો માટેની ધાડ સામાન્ય હતી, રાજા કે તેનો મુખ્ય જે ગાયોનું રક્ષણ કરે છે તે 'ગોપતિ' તરીકે ઓળખાતો. ઋગ્વેદમાં ગોધૂલી સંજ્ઞા સમયના માપવા માટે વપરાય છે. અંતરને ગવ્યૂતિ કહેવાય છે. દીકરીને દુહિતૃ-એટલે કે જે ગાયને દોહે છે - કહેવાય છે. સગાંઓ ગોત્ર તરીકે ઓળખાતાં.

આ બધી સંજ્ઞાઓ ગૌમાંથી ઉદ્ભવી છે અને તે સૂચવે છે કે સામાજિક ધર્મો અને ઋગ્વેદના જીવનના બધા અગત્યનાં ક્ષેત્રો ગાયના ઉછેરમાં જ કેન્દ્રિત થયાં છે. ઘણી પ્રાર્થનાઓ અને ઋચાઓમાં પશુઓના પાળવાના, ગોરસની પેદાશો તથા ગૌશાળાના સાહિત્યિક ઉલ્લેખો છે.

ઋગ્વેદમાં ઢોરઉછેરના મજબૂત ભાષાકીય પુરાવાઓ સાથે સરખાવતાં ખેતી વિષયક પ્રવૃત્તિઓના ઘણા થોડા ઉલ્લેખો છે. ખેતીના ઘણા ઉલ્લેખો પાછળના સમયના છે. યવ અથવા જવ સિવાય બીજા કોઈ અનાજના ઉલ્લેખ નથી. શરૂના વેદના લોકો લોખંડના કળાવિજ્ઞાનનો ઉપયોગ કરતા ન હતા. ત્રાંબુ, જેનાથી તેઓ પરિચિતઃહતા તેનો ખેતીવિષયક વ્યવસાયમાં લોખંડનાં ઓજારો જેટલી પણ તેની ઉપયોગિતા ન હતી. પથ્થરનાં ઓજારો (જેવાં કે કુહાડીઓ)નો ઉપયોગ થતો અને તે અંગે ઋગ્વેદમાં નોંધ છે. ખૂબ આચ્છાદિત જંગલને બાળવા માટે અગ્નિનો ઉપયોગ થતો અને ખેતીની જગાઓ પણ બદલાતી રહેતી. જે પ્રદેશની ચર્ચા કરીએ છીએ ત્યાં ખૂબ થોડો વરસાદ હતો અને ઋગ્વેદમાં જણાવેલી બધી નદીઓ જેમ કે સતલજ, સિંધુ, ઘગ્ઘર, રવિ વગેરે તેમનો નદીનો પ્રવાહ વારેવારે બદલાતો. મોટા પાયા પર નહેરની સગવડ વગર કે જે આ સમયગાળામાં વિકાસ પામી ન હતી, નદીઓ પાસેના કાંપની જમીન કાયમના ધોરણે ખેડાતી ન હતી. આ પ્રમાણે ગ્રંથોમાં ઉલ્લેખાયેલાં દાતરડાં, ખરપડી અને કુહાડીઓનો ઉપયોગ કદાચ એકદમ ઉખાડવા માટે કે પાકને ફેરવવા માટે થતો. ગ્રામ્યવિષયક તેમ જ ખેતીની જગા બદલવાના ઉલ્લેખો સ્પષ્ટ કરે છે કે લોકો કાં તો ભટકતી ટોળીના અથવા અર્ધ ભટકતી ટોળીના હતા. તેઓ પોતાના ગામડાંની બહાર તેમના ધણને લઈને અમુક સમય માટે તેમનાં ઢોરોને ચરાવવા માટે ચાલી જતા. સાહિત્ય તેમ જ પુરાતત્ત્વીય સાધનો બતાવે છે કે લોકો એક જ સ્થળે સ્થિર જીવન (બેઠાડુ) જીવતા ન હતા. વસતિનું અસ્થિર જીવનનું લક્ષણ સંજ્ઞા 'વિસ્માં' જેનો અર્થ વસાહત થાય છે તેમાં જોઈ શકાય છે. તેને લગાડાતો પ્રત્યય પુનર્ (વિસ્), ઉપ (વિસ્) અને (પ્રવિસ્) કાયમ વપરાતા, અને વસાહતો તે શબ્દોથી નિર્દિષ્ટ થાય છે અને તેનો અર્થ ફરી વસવાટ કરવો, પુનર્વસવાટ અને વસાહતમાં પાછા આવવું થાય છે.

સમાજમાં ભેટસોગાદ અને ફરી વહેંચવું વગેરે અગત્યની અર્થવ્યવસ્થા હતી. જાતિઓની અથડામણોને કારણે ખંડણી આપવી અને ફરી દરજ્જો આપવો અર્થાત્ બલિ, હારેલાએ વિજેતા અધિકારી ને આપવા અથવા તેનાં આશ્રિત જૂથોને આપવું. બાકીના વિજેતા ટોળીના માણસોને લડાઈમાંથી ઝૂંટવી લીધી કે લૂંટી લીધેલી રકમમાં

ભાગ રહેતો મુખ્ય અધિકારી ધાર્મિક, વિધિના પ્રસંગોએ તેની ટોળીના માણસોને જમાડતા અને બક્ષિસ આપતા. આ પ્રતિષ્ઠા મેળવવા માટે તે કરતો. શરૂના વેદના સમાજમાં ધંધો અને વ્યાપારના ઉલ્લેખો ખૂબ ઓછા છે. જમીનના માલિકીહક્કો આધારિત ખાનગી મિલકતનો ખ્યાલ ન હતો.

## 12.5 સમાજ (Society)

શરૂના વેદનો સમાજ ટોળી-વણ સુધરેલા લોકોનો સમાજ હતો, જેમાં સામાજિક સંબંધો મુખ્યત્વે સગાઈને ધોરણે હતા. સમાજ જ્ઞાતિ આધારિત ન હતો પરંતુ રાજા, પુરોહિતો, કલાકારીગરો વગેરે ટોળીના મુખ્ય હતા. ટોળી માટે 'જન' શબ્દ વપરાતો અને ઋગ્વેદમાં જુદી જુદી ટોળીઓના ઘણા ઉલ્લેખો છે. આંતર ટોળીના ઝઘડા પણ વારંવાર થતા. ઋગ્વેદમાં દસ રાજાઓના યુદ્ધનો એક ઉલ્લેખ પણ છે. આ યુદ્ધમાં કેટલીક ટોળીઓએ યુદ્ધ કર્યું. તેમાં ભરત, પુરુ, યદુ, દ્રુહ્યુ, અનુ અને તુર્વસુ ટોળીઓની અથડામણોમાં પહેલાં જે ઉલ્લેખો આવ્યા તેમાં ઢોર માટેની ધાડ, ઢોરોની ચોરી વગેરે. ટોળીઓનો સરદાર રાજા અથવા ગોપતિ હતો. તે યુદ્ધનો સરદાર અને ટોળીનો રક્ષણકર્તા હતો. તેનો દરજ્જો વારસાગત ન હતો. પરંતુ તેની પસંદગી ટોળીના માણસોમાંથી થતી. લડવૈયાની જાત "રાજન્ય" હતી. ઘણી જાતિઓ ભેગી થઈને ટોળી બનાવતા. જાતિઓ ગામડામાં કે ગ્રામમાં સ્થિર રહેતી. મૂળભૂત સામાજિક એકમ કુલ અથવા કુટુંબ, અને કુલપ એટલે કે કુટુંબનું જે રક્ષણ કરે તે કુટુંબનો વડો અથવા સૌથી મોટી ઉંમરનો પુરુષ સભ્ય હતો.

| |
|---|
| ટોળી (જન), ટોળીનું એકમ (વિસ્), ગામડું (ગ્રામ), કુટુંબ (કુલ), કુટુંબનો વડો (કુલપ) |

સમાજ પુરુષ આધારિત હતો. પુત્રજન્મની લોકોમાં સામાન્ય ઇચ્છા રહેતી. પુરુષ સભ્યોની અગત્ય ઋચાઓમાં પ્રતિબિંબિત થાય છે જેમાં પુત્રેચ્છાની સતત પ્રાર્થના હોય છે.

જોકે સમાજ પુરુષ આધારિત હતો, છતાં સ્ત્રીઓને તેમાં અગત્યનું સ્થાન હતું. તેઓ શિક્ષિત હતા અને તેઓને સભાઓમાં પ્રવેશની છૂટ હતી. સ્ત્રીઓ ઋચાઓ રચતી તેના કેટલાંક દૃષ્ટાંત છે. તેઓને તેમના પતિની પસંદગી કરવાની છૂટ હતી અને તેઓ (મોડા) મોટી ઉંમરે લગ્ન કરી શકતા, તોપણ સ્ત્રીઓ હંમેશાં તેના પિતા, ભાઈ કે પતિની આશ્રિત હતી. શિક્ષણ મૌખિક અપાતું છતાં આ સમયમાં શિક્ષણની કોઈ પ્રણાલી બરાબર વિકસિત ન હતી.

ઋગ્વેદના લેખકો બીજી જાતિઓ કરતાં જુદા તરી આવતા, બીજાઓ દસ અને દસ્યુ કહેવાતા. દાસ દેખાવે શ્યામ, જાડા હોઠવાળા, બૂચા નાકવાળા, લિંગની પૂજા કરનારા અને ભાષામાં તોછડા હતા. તેઓ ઢોરોમાં સમૃદ્ધ હતા અને સખ્ત કિલ્લેબંધીમાં રહેતા, આપણે બીજા લોકો જે પણિના નામે ઓળખાતા તેના વિશે જાણીએ. તેઓ પણ ઢોરોના થાપણમાં ખૂબ સમૃદ્ધ હતા. સંજ્ઞા પણિ વેપારીઓ અને પછીના સમયમાં ધન સાથે જોડવામાં આવી. આ જાતિઓ લડતી અને એકબીજા સાથે વખતોવખત મિત્રતા રાખતી. તેમને જુદી જાતિ કે બીજા ભાષાકીય જૂથ તરીકે ઓળખાવી ન શકાય. દા.ત.સૌથી વિખ્યાત સરદાર જે ઋગ્વેદમાં બતાવેલો છે તે સુદાસ. તેણે ભરત ટોળીને દસ રાજાઓ સાથેના યુદ્ધમાં જોતર્યા. સુદાસ નામના અંતે દાસ છે તે દાસ ટોળી સાથે કાંઈક જોડાણ સૂચવે છે. જોકે જુદી જુદી જાતોએ કેટલાંક ક્ષેત્રમાં વર્ણપ્રથાના ઉદયમાં ફાળો આપ્યો છે.

કેટલીક ધંધાકીય જાતો જેવી કે વણકર, લુહાર, સુથાર, ચમાર, રથ બનાવનાર, પુરોહિતો વગેરે નોંધાયેલી છે. રથ બનાવનારનો ખાસ સામાજિક મોભો હતો. ઋગ્વેદમાં ભિક્ષુઓ, પગાર-મેળવનાર કે પગારદારના ઉલ્લેખો નથી. છતાં સમાજ આર્થિક રીતે જુદા જુદા દરજ્જાનો હતો અને આપણે કેટલાંક શ્રીમંત લોકો જેઓ રથો, ઢોરો વગેરે રાખતા અને બીજાઓને ઉદારતાથી ભેટ-બક્ષિસ આપતા તેના ઉલ્લેખો આપણને મળે છે.

**તમારી પ્રગતિ તપાસો (ખ)**

(1) તમે ગ્રામ્ય સમાજ એટલે શું સમજો છો ? શરૂના વેદના લોકોની મુખ્ય ધંધાકીય પ્રવૃત્તિ શા માટે હતી ?

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

(2) શરૂના વેદના સમાજમાં ઢોરોની અગત્ય શું હતી ? ૫૦ શબ્દોમાં જવાબ આપો.

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

(3) શરૂના વેદના સમાજનાં પાંચ અગત્યનાં લક્ષણોની ચર્ચા કરો. પાંચ વાક્યોમાં લખો.

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

(4) ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો.

(1) શરૂના વેદના સમયમાં રાજા અથવા સરદાર કહેવાતો (ગોમત/ગોપતિ)

(2) આંતર ટોળીની લડાઈઓ અને અથડામણો આ સમયના મુખ્ય કારણમાં માલિકો હતી. (ઢોર/જમીનની)

(3) ઋગ્વેદમાં (યવ/ચોખા), સિવાય કોઈ ધાન બતાવ્યું નથી.

(4) મુખ્ય સામાજિક એકમ (કુલ/ટોળી)હતું.

(5) શરૂનો વેદનો સમાજ (બહુપત્ની/એકપત્ની) ઉપર આધારિત હતો.

## 12.6 રાજવ્યવસ્થા (Polity)

ટોળીની રાજવ્યવસ્થા સંપૂર્ણપણે ભેદભાવયુક્ત ન હતી. ઋગ્વેદમાં જ બે ટોળીના ભાગનો ઉલ્લેખ જણાય છે રાજન્ય અથવા કે જે યુદ્ધો લડતા હોય અને પોતે જ્યેષ્ઠ વંશના આબરૂદાર છે અને બીજી ટોળીના માણસો કે વિસ નીચા વંશના ગણાતા. છતાં પણ કોઈ પણ ટોળી સ્પષ્ટપણે સામાજિક ચડતા-ઊતરતા ક્રમમાં ગોઠવાઈ ન હતી. પરિણામે સતત અથડામણો અને આંતર ટોળીની લડાઈઓએ સમાજમાં વિભાગીકરણ ઊભું કરવામાં મદદ કરી. વધારે ખેતી માટેની જમીનની જરૂરિયાત, લોકોના રક્ષણ માટે ઢોરની જરૂરિયાત અને તેમની વસાહતોની જરૂરિયાત ઊભી થવાને કારણે અંદરોઅંદર અને આંતર ટોળીની અથડામણો અને યુદ્ધસ્થિતિ ઊભી કરવામાં કદાચ કારણભૂત બન્યા. ટોળીઓ કે લડવૈયાના જૂથને યુદ્ધ માટે મદદ કરવા માટે બલિદાનો

કે મોટા યજ્ઞો કરતા. આ યજ્ઞોની કામગીરી બજાવનાર આચાર્ય કે પુરોહિત ટોળીના માણસો અને ઈશ્વર વચ્ચે મધ્યસ્થી તરીકે કાર્ય કરતા.

તે પોતે ટોળીના સરદાર યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરાવવા માટે ઈશ્વરને આશીર્વાદ માટે પ્રાર્થના કરતા. પ્રારંભમાં સમગ્ર ટોળી આ યજ્ઞોમાં એકસરખી કક્ષાએ ભાગ લેતી. આ યજ્ઞો વખતે મોટા પાયા ઉપર દોલત ખોરાક વગેરેની વહેંચણી કરવામાં આવતી અને સભ્યો સરખો હિસ્સો મેળવતા. પણ જેમ જેમ અથડામણો અને લડાઈના પ્રસંગો બનતા ગયા તેમ તેમ યજ્ઞો અગત્યના બન્યા અને પુરોહિત સમાજમાં ખાસ હોદ્દો ભોગવવા લાગ્યા. પછીના કાળમાં, તેઓ રાજા પાસેથી ભેટોનો મોટો ભાગ મેળવતા અને સામેની બીજી ટોળીના સભ્યો કરતાં શ્રેષ્ઠ સ્થાન ભોગવતા.

યુદ્ધો વગેરેને કારણે રાજાનો અધિકાર અગત્યનો થયો અને શ્રેષ્ઠ અને નીચા.વારસો વચ્ચેના ભાગલા તીવ્ર થયા. ચોક્કસ ક્યા સમયે આ રાજકીય તફાવત થયો તે સ્પષ્ટ રીતે કહેવાનું મુશ્કેલ છે પણ આપણે યાદ કરવું જોઈએ કે ઋગ્વેદના દસમા મંડલમાં ''પુરુષસૂક્ત'' ઋચા છે અને પછીના વેદના ગ્રંથોમાં આપણને રાજન્ય ટોળીની શ્રેષ્ઠતાના પુરાવાઓ મળે છે અને તે જ ક્ષત્રિયનો દરજ્જો કે જે વર્ણ તરીકે જુદા છે - પામે છે. આ વિકાસ ઈ.સ.પૂ. 1000 પછી થયો. તેનો અર્થ એ નથી કે આપણા અભ્યાસના ગાળા દરમ્યાન સમાજ સુસ્ત હતો. ટૂંકમાં તે ધીમે ધીમે ફેરફાર પામતો પણ ચોક્કસ રીતે પછીના વેદના તબક્કા દરમ્યાન વિકાસ થયો તે સામાજિક રાજકીય માળખાનું સંયુક્ત સ્વરૂપ બન્યું (જુઓ એકમ 13).

ટોળીના સમુદાયે દા.ત. ગણ, વિદથ, સભા અને સમિતિ ઋગ્વેદમાં ઉલ્લેખિત છે. સભામાં ટોળીના પસંદ કરેલા સભ્યો અને સમિતિમાં સમગ્ર ટોળીનો સમાવેશ થતો. આ સમુદાયો રાજ્ય અને વહીવટનાં કાર્યો કરતા અને પોતાની ટોળીના માણસોમાંથી રાજાની પસંદગી કરતા. આ રીતે તેઓ લડવૈયાઓની શક્તિને કાબૂમાં રાખતા. આગળ કહ્યું તેમ શરૂના વેદની વ્યવસ્થા દરમ્યાન રાજકીય વ્યવસ્થાની આપણે ચોક્કસ વ્યાખ્યા આપી શકતા નથી. આ સમય દરમ્યાન જે ફેરફારા થયા તેણે સામાજિક - રાજકીય વ્યવસ્થાને ઊભી કરી જે પોતે ''પછીના વેદના તબક્કા દરમ્યાન'' વર્ણ પદ્ધતિના મૂળ તરીકે દેખાઈ. શરૂના વેદનો સમાજ ટોળીના સિદ્ધાંતો અને નિયમો પ્રમાણે ચાલતો અને મોટા ભાગે બધા સરખા હતા.

## 12.7 ધર્મ (Religion)

વેદના લોકોના ધાર્મિક વિચારો ઋગ્વેદની ઋચાઓમાં પ્રતિબિંબિત થાય છે. તેઓ પોતાની આસપાસની પ્રાકૃતિક શક્તિને માન આપતા. (જેમ કે પવન, પાણી, વરસાદ, આકાશી, વીજળી, અગ્નિ વગેરે) આ શક્તિને તેઓ વશ કરી નહીં શકતા અને પ્રકૃતિનું દેવત્વ મનુષ્યના આકારમાં મુખ્યત્વે પુરુષમાં સત્તાધીશ હતું. ખૂબ થોડી સ્ત્રી દેવીઓને માન આપતા. આ પ્રમાણે ધર્મ પિતૃસમાજમાં પ્રતિબિંબિત થતો. પ્રકૃતિમાં જીવંતતાનું આરોપણ એ આદિકાળનું વિશેષ લક્ષણ હતું.

ઇંદ્ર શક્તિનો દેવ હતો. તેની પ્રાર્થના દુશ્મનોને નાશ કરવા થતી. તે આકાશી વીજળીનો દેવ હતો. અને તે વરસાદ લાવનાર હતો. તેને ચોક્કસ સમયે પાણીને મુક્ત કરવાનું કહેવાતું. તે અજેય હતો. આ પ્રમાણે આકાશી વીજળી અને વરસાદ (કુદરતી ચમત્કાર) શક્તિની સાથે સંબંધિત હતાં. નર સ્વરૂપે તેમાં જીવનું આરોપણ થયેલું છે અને તે દેવ ઇન્દ્રમાં રજૂ થાય છે.

બીજા અગ્નિ ઇન્દ્ર પછીની અગત્યના તે અગ્નિદેવ. તે સ્વર્ગ અને પૃથ્વીની વચમાં મધ્યસ્થ ગણાય છે. અર્થાત્ દેવો અને મનુષ્યોની વચ્ચે. તે ઘરગથ્થુ ચૂલાનું પ્રભુત્વ કરે છે અને લગ્નો તેની હાજરીમાં વિધિ -સંસ્કાર સાથે થતાં. અગ્નિ ગંદકી અને જીવાણુનો નાશ કરે છે અને તેથી અગ્નિને પવિત્ર ગણવામાં આવતો. શરૂના વેદના સમાજમાં અગ્નિની અગત્ય યજ્ઞ સાથે જોડવામાં આવતી. એમ ધારવામાં આવતું કે અગ્નિમાં જે બલિદાન આપવામાં આવતાં તે તેના ધુમાડા મારફત દેવોને મોકલાતાં. વરુણ પાણીના સ્વરૂપમાં અને તે વિશ્વના કુદરતી ક્રમને ટેકો આપનાર.

યમ મૃત્યુનો દેવ અને શરૂના વેદની ધાર્મિક માન્યતામાં તેનું અગત્યનું સ્થાન હતું.

બીજા ઘણા દેવો દા.ત. સૂર્ય, સોમ (સોમરસપણ) સાવિત્રી, રુદ્ર વગેરે અને સ્વર્ગીય સત્ત્વોના યજમાનો જેવા કે ગાંધર્વો, અપ્સરા, મરુત જેઓને વિશે ઋગ્વેદમાં પ્રાર્થનાઓ અને ઋચાઓ લખાયેલી છે.

- વેદનો ધર્મ યજ્ઞો હતા. યજ્ઞો કરવામાં આવતા.
- દેવોને આવાહન.

- વરદાનો આપવા માટે - યુદ્ધમાં વિજય અથવા ઢોરો અને પુત્રો વગેરેની પ્રાપ્તિ.

આપણે કેટલીક ઋચાઓ યજ્ઞને ને લગતાં ઓજારોમાં જે શક્તિ રહેલી છે તેને અર્પણ કરેલી છે. ખાસ કરીને યજ્ઞની વેદિ, સોમ રસને પીસવાના પથ્થરો, યુદ્ધનાં હથિયારો, નગારાં, તોપ વગેરે, ઋચાઓ અને પ્રાર્થનાઓ આ યજ્ઞોમાં બોલવામાં આવતા અને સામાન્ય રીતે પુરોહિતો આ યજ્ઞો કરતા. વેદના સમાજમાં યજ્ઞોના ઉદ્ભવની અગત્ય ઉદ્ભવના પરિણામે પુરોહિતોની પણઈઅગત્ય વધવા લાગી. યજ્ઞના કર્મકાંડને લીધે ગણિતશાસ્ત્ર તેમ જ પશુના શરીરશાસ્ત્રના જ્ઞાનમાં વૃદ્ધિ અને વિકાસ થયો. પ્રાથમિક ગણિતની જરૂરિયાત અને ગણતરી યજ્ઞના ક્ષેત્રમાં વિવિધ વસ્તુઓની સ્થાપના માટે અગત્યના હતી. વળી વારંવારના પશુના યજ્ઞોને લીધે તેમના શરીરશાસ્ત્રના જ્ઞાનમાં વૃદ્ધિ કરી. વેદના લોકો માટે વિશાળ વિશ્વના યજ્ઞમાંથી પૃથ્વી ઉત્પન્ન થઈ અને યજ્ઞના યોગ્ય કાર્ય માટે તેને જળવાતી ન હતી. ધર્મ જાદુ-કર્મની માન્યતા ઉપર આધારિત ન હતો અને તેણે દેવો સાથે યજ્ઞો ઋચાઓ વગેરે મારફતે સીધો સંદેશવ્યવહાર ઉપર ભાર મૂક્યો હતો. દેવો લોકોની આધ્યાત્મિક ઉન્નતિ માટે પૂજાતા ન હતા. તેમ જ બીજો કોઈ તત્ત્વજ્ઞાની વિચાર પણ ન હતો પણ સાધનોની ઉપલબ્ધિ મેળવવા માટે જ તેમને આહ્વાન કરવામાં આવતું.

યજ્ઞનો ધર્મ ગ્રામ્યલોકોનો ધર્મ હતો. પશુ બલિદાન ગ્રામ્ય સમાજનો ક્રોધ છે જ્યાં વૃદ્ધ પશુઓ દૂધ આપે નહીં અથવા માંસ અથવા ઓલાદ માટે ઉપયોગમાં લેવા અર્થાત્ જેઓ વધુ વખત માટે આર્થિક રીતે ઉપકારક ન હોય તેથી માલિકનો ભાર ઓછો કરવા તને મારી નાખવામાં આવતાં. ટૂંકમાં પશુબલિદાન એક રીતે ઘરડાં પશુઓનો નાશ કરવા માટે હતો અને આ પ્રમાણે સમાજમાં તેનું અગત્યનું સ્થાન હતું. જમીનનું કામ કરતાં સમાજમાં ઘરડાં પશુઓને ખેતરમાં ઉપયોગમાં લેવાતાં, તેમનો ઉપયોગ ખેંચવા માટે થતો અને પશુઓનો નાશ સમાજ જે મુખ્યત્વે કૃષિવિષયક પ્રવૃત્તિ ઉપર આધાર રાખતો તેના ગુસ્સાનું કારણ હતું આ પ્રમાણે વેદનો ધર્મ પુરુષપ્રધાન ગ્રામ્ય સમાજનું પ્રતિબિંબ પાડે છે અને તેનું દૃષ્ટિબિંદુ દુન્યવી હતું.

### તમારી પ્રગતિ તપાસો (ગ)

(1) શરૂના વેદના રાજવ્યવસ્થામાં રાજનની સ્થિતિ કેવી હતી ? પાંચ વાક્યોમાં જવાબ આપો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

(2) શરૂના વેદના લોકોના ધર્મના ખ્યાલની ચર્ચા કરો. પાંચ વાક્યોમાં લખો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

(3) નીચેનાં વિધાનો વાંચો અને ખરાં ( ✓ ) અને ખોટાં ( ✗ ) ના ચિહ્ન મૂકો.

(1) પુરોહિતને સમાજમાં ખાસ સ્થાન ન હતું.
(2) રાજાની પસંદગીમાં 'સભા' અને 'સમિતિ' ને કોઈ સત્તા ન હતી.
(3) શરૂના વેદના લોકોનો ઇન્દ્ર, શક્તિનો દેવ ઘણો અગત્યનો દેવ હતો.
(4) દેવોની પૂજા લોકોના આધ્યાત્મિક ઉદ્ધાર માટે થતી.
(5) ધર્મ જાદુ-કર્મકાંડના સિદ્ધાંત ઉપર આધારિત ન હતો.

## 12.8 સારાંશ

આ એકમમાં આપણે સાહિત્યના અને કેટલેક અંશે પુરાતત્ત્વના પુરાવાઓ વિશે શીખ્યા જે આપણને શરૂના વેદના સમાજની પુનરચનામાં ઉપયોગી થાય. પુરાતત્ત્વીયના પુરાવાના કારણે મોટા પાયા ઉપર આર્યોના

**પ્રાચીન ભારતીય સમાજની ઉત્ક્રાન્તિ : ઈ.સ.પૂ. 2000 થી ઈ.સ.પૂ. 1000**

સ્થળાંતરને સ્વીકારવાનું મુશ્કેલ છે.

શરૂની વેદની અર્થવ્યવસ્થા ગ્રામ્ય જીવન ઉપર આધારિત હતી અને ગાય ધનનું અગત્યનું સ્વરૂપ હતું. ખેતીવાડી શરૂના વેદના લોકોના જીવનનું બીજા અગત્યના ક્રમે હતી.

શરૂનો વેદનો સમાજ ટોળીબદ્ધ અને મૂળભૂત રીતે એકસરખો હતો. ટોળી અને સગાંઓના સંબંધોથી સમાજનો પાયો રચાયો અને કુટુંબ સામાજિક મૂળનું એકમ હતું. સામાજિક વિભાગો ધંધા ઉપર આધારિત હતા અને જાતિભેદ ન હતા.

શરૂના વેદની રાજવ્યવસ્થામાં ટોળીનો મુખ્ય કે રાજન્ અને પુરોહિતને અગત્યનું સ્થાન હતું. કેટલીક ટોળીના સમુદાયોમાં શરૂના વેદની વ્યવસ્થામાં સભા અને સમિતિએ અગત્યનો ભાગ ભજવ્યો છે. સ્પષ્ટ રીતે રાજકીય અધિકાર ન હતો. ટોળીની રાજવ્યવસ્થા સંપૂર્ણ રીતે એકસરખી ન હતી.

શરૂના વેદના લોકોએ કુદરતની શક્તિમાં સજીવ આરોપણ કર્યું હતું. દા.ત. વાયુ, જળ, વરસાદ વગેરે અને તેઓને તે ઈશ્વર તરીકે પૂજાતા. તેઓ ઈશ્વરને કોઈ એક તત્ત્વજ્ઞાનના સારરૂપે આદર્શથી પૂજતા ન હતા પરંતુ સાધનોના લાભ માટે પૂજતા.

વેદના ધર્મમાં યજ્ઞોનું મહત્ત્વ વધવા લાગ્યું.

તમારે યાદ રાખવું જોઈએ કે સમાજ જડ-સ્થિર ન હતો પણ ગતિશીલ હતો.

ઈ.સ.પૂ. 1500 અને ઈ.સ.પૂ. 100 દરમિયાન સમાજ હંમેશાં ખુલ્લો હતો અને નવાં ને નવાં તત્ત્વો અર્થશાસ્ત્ર, સમાજ, રાજશાસ્ત્ર અને ધર્મના ક્ષેત્રમાં તેની રચનામાં ફેરફારની અસર જણાઈ.

## 12.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

**ઓજારો** - માણસે બનાવેલ કેટલીક ચીજો દા.ત. સાદાં હથિયારો કે ઓજારો જે પુરાતત્ત્વીય રસ ધરાવતાં.

**બલિ** - હારેલા જૂથ વિજેતા સરદારને આપેલી ખંડણી અને ભેટસોગાદો.

**ટોળી** - મોટા કુટુંબનો સમૂહ - કોઈપણ જાતના વર્ગમાં જણાતો સમૂહ.

**સગાં** - લોહીનો સંબંધ

**ભટકતી ટોળી** (Nomad) ટોળીનો સભ્ય કે જે ઠેકઠેકાણે રખડતો હોય અને જેને સ્થિર ઘર ન હોય.

**પુરુષ વડીલ** : કુટુંબ કે જાતિનો મુખ્ય પુરુષ.

**પશુમાં જીવનું આરોપણ** - પ્રાકૃતિક અને ચમત્કારિક ચીજોમાં આત્માનું આરોપણ.

**અર્ધ - વ્યવસાયી** - વસાહતીઓ જે એક સ્થળે કાયમી નિવાસના કરે અને નવી નવી વસાહતમાં જાય

**ખેતીની ફેરબદલી** - ટૂંકા ગાળા માટે જમીન ખેતીમાં ઉપયોગમાં લીધા બાદ છોડી દે અને નવી જમીન વાપરે.

**સ્તર વિજ્ઞાન** - ઉત્ખનનમાં જડેલા થરો. આ જડેલા થરોને આધારે ઉત્ખનિત ભાગમાં જુદી જુદી જમીનના પ્રકારો અથવા જુદી જુદી હસ્તકારીગીરીની ચીજો (જાણી શકાય).

## 12.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

(1) ઋગ, સામ, યજુર, અથર્વ, ઋગ્વેદ

(2) પુરાતત્ત્વીય પુરાવા આર્યોનાં આક્રમણ કે સ્થળાંતરને વજૂદ આપતા નથી. તમારા જવાબમાં પુરાતત્ત્વવિદોની દલીલો આર્યોએ હડપ્પન સભ્યતાનો મોટા પાયે નાશ કર્યો તે તર્ક, પછીના હડપ્પાના અને અનુ-હડપ્પન તામ્રપાષાણ યુગ વગેરેની સંસ્કૃતિમાં ભંગાણ તેનો સમાવેશ કરો. જુઓ વિભાગ 12.3

(3) (1) ના
(2) હા
(3) હા
(4) ના

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(1) સમાજ મુખ્યત્વે પશુધન ઉપર આધારિત હતો. કારણ મોટા પાય ઉપર ખેતી કેટલાક પરિસ્થિતિ અને સાંસ્કૃતિક દબાણને કારણે શક્ય ન હતી. જુઓ વિભાગ 12.4

(2) શરૂના વેદના સમાજમાં ઢોર મુખ્યત્વે આવકનું સાધન હતું. તમારે જીવનના જુદા જુદા કાર્યપ્રદેશમાં ઢોરની અગત્ય વિશે લખવાનું. જુઓ વિભાગ 12.4

(3) ટોળીનો સમાજ, સમાજ પુરુષપ્રધાન, કુટુંબ સમાજના એકમનો પાયો, જ્ઞાતિભેદ તે વખતે નહોતા વગેરે વિશે તમારા જવાબમાં લખો. જુઓ વિભાગ 12.5

(4) (1) ગોપતિ
(2) પશુ
(3) જવ
(4) કુલુ
(5) એકપત્નીત્વ

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

(1) રાજા ટોળીનો મુખ્ય (સરદાર) હતો, વારંવારના યુદ્ધને કારણે તેની અગત્ય વધી, તે ટોળીનો રક્ષક હતો, તેનું સ્થાન હંમેશ વારસાગત નહોતું વગેરે તમારા પ્રશ્નોમાં સામેલ કરો. જુઓ વિભાગ 12.6

(2) વેદના લોકો પ્રકૃતિની જુદી જુદી શક્તિની પૂજા દેવ તરીકે કરતા, યજ્ઞ ઉપર ભાર મૂકવામાં આવતો પણ જાદુ-કર્મકાંડના સિદ્ધાંત નહતો. ધર્મ વસ્તુના લાભ ઉપર આધારિત હતો વગેરે જુઓ વિભાગ 12.7.

(3) (1) ✗
(2) ✗
(3) ✓
(4) ✗
(5) ✓

# એકમ 13 ઉત્તરકાલીન વૈદિક તબક્કામાં ફેરફારો (Changes in the Later Vedic Phase)

રૂપરેખા

13.0 ઉદ્દેશો
13.1 પ્રસ્તાવના
13.2 સ્રોતો
13.2.1 સાહિત્યિક સ્રોતો
13.2.2 પુરાતત્ત્વીય સ્રોતો
13.3 લોખંડનું કળાવિજ્ઞાન અને તેની અસરો
13.4 અર્થવ્યવસ્થાની પદ્ધતિ
13.4.1 પશુપાલનના મહત્ત્વમાં ઘટાડો
13.4.2 ધાર્મિક કર્મકાંડનાં કાર્યોમાં ફેરફાર
13.4.3 જમીનના મહત્ત્વનો ઉદ્‌ભવ
13.5 રાજવ્યવસ્થા અને સમાજ
13.5.1 રાજવ્યવસ્થા
13.5.2 સમાજ
13.6 ધર્મ
13.6.1 પુરોહિતના પ્રપંચો
13.6.2 દેવોમાં ફેરફાર
13.6.3 લોકપરંપરા
13.7 સારાંશ
13.8 ચાવીરૂપ શબ્દો
13.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 13.0 ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમે જાણી શકશો કે -

- ઉત્તરકાલીન વેદના સમાજને સમજવા માટેનાં સ્રોતો.
- ઉત્તરકાલીન વેદના સમયમાં સામાજિક, રાજકીય, આર્થિક, અને ધાર્મિક પાયામાં ફેરફારો.
- નવી ધાતુ જેવી કે લોખંડના પ્રવેશથી આર્થિક અને સામાજિક ફેરફારો તેમ જ તેની કલાવિજ્ઞાન પર અસરો.

## 13.1 પ્રસ્તાવના

હવે તમે જે સમયનો ગાળો શીખવાના છો તે લગભગ ઈ.સ.પૂ 1000 થી ઈ.સ.પૂ 600નો છે. આ સમય દરમ્યાન વેદની ટોળી "સપ્ત સિંધુવ" પ્રદેશમાંથી ઉપરના ગગા ખીણના અને તેની પાસેના બીજા પ્રદેશમાં વહેંચાઈ ગઈ.

આ જગાના ફેરફેરાને કારણે સામાજિક, રાજકીય, આર્થિક અને ધાર્મિક માળખામાં ફેરફારોએ સ્થાન લીધું. આ એકમમાં આ ફેરફારોની મુખ્ય સ્થિતિની આપણે ચર્ચા કરીશું.

## 13.2 સ્રોતો (Sources)

આ સમયના આપણો પુરાતત્ત્વીય તેમ જ સાહિત્યિક સ્રોતોનો અભ્યાસ કરીશું.

### 13.2.1 સાહિત્યિક સ્રોતો (Literary Sources)

પાછળની આવૃત્તિ ખાસ કરીને ઋગ્વેદ સંહિતાના દસમા મંડળ અને સામ, યજુર્ અને અથર્વવેદ સંહિતાઓ વેદના ગ્રંથો છે. આ ગ્રંથો વેદના પાછળના તબક્કાના ગણાય છે. સામવેદ સંહિતા પ્રાર્થનાનો અને ગાયનનો ગ્રંથ છે. આ ઋગ્વેદમાંની છે તેમાં થોડો ફેરફાર કરીને ધાર્મિક ક્રિયા વખતે માત્ર ગાવાના માટે ગાગબદ્ધ કર્યા

- યજુર્વેદ ધાર્મિક ક્રિયાને વિસ્તૃત કરે છે જે પ્રાર્થનાઓની બોલાય છે. આ સંહિતાની ધાર્મિક ક્રિયાઓ અને પ્રાર્થનાઓ આ સમયના સામાજિક અને રાજકીય દસ્તાવેજ છે.
- અથર્વવેદ આ સમયની લોકશ્રુતિનો સંગ્રહ છે અને તે લોકપ્રિય ધર્મ રજૂ કરે છે. સામાન્ય માણસોની સામાજિક ધાર્મિક સ્થિતિ સમજવા માટે સારું સાધન છે.

આ સંહિતાઓને અનુસરીને બીજા ગ્રંથોની શ્રેણી છે તે બ્રાહ્મણોના નામે ઓળખાય છે તે વેદો ઉપરનું વિવરણ છે, તેઓ સામાજિક અને ધાર્મિક કર્મકાંડના પાયા સમજાવે છે. અને વેદના સમાજ ઉપર પ્રકાશ ફેંકે છે. જોકે કોઈ પણ સમયને શરૂઆતનો ભારતનો ઇતિહાસ જેમ કે ''મહાકાવ્યો''નો યુગ કહેવું ખોટું છે. બે સંસ્કૃત મહાકાવ્યો મહાભારત અને રામાયણ પ્રારંભના ભારતીય સમાજની જુદી જુદી વિગતો આપતાં માહિતીસભર છે. ઇતિહાસકારો માને છે કે આ મહાકાવ્યોમાં જે પ્રતિબિંબિત થાય છે તે પછીના વેદના તબક્કાનું છે. આ તબક્કાનું ભૌગોલિક બિંદુ ઉપરનો ગંગા નદીનો પ્રદેશ, વચલો ગંગા નદીનો પ્રદેશ ઉપરાંત બીજા પ્રદેશો પણ બતાવેલા છે. મહાકાવ્યોમાં જે મુખ્યપ્રસંગો છે તે આ પ્રદેશના છે. આપણે એ યાદ રાખવું જોઈએ કે મહાકાવ્યોમાં જે કથાનું નિર્દેશન કરવામાં આવ્યું છે તે ઐતિહાસિક પ્રસંગો હતા. તે સાબિત કરવા માટે કાંઈ જ નથી. બીજું બંને મહાકાવ્યોને તેમનું હાલનું સ્વરૂપ પામતાં સૈકાઓ થયા. ઘણા પ્રકારનો સમાજ મહાકાવ્યોમાં પ્રતિબિંબિત થયેલો છે.

### 13.2.2 પુરાતત્ત્વીય સ્રોતો (Archaeological Sources)

સાહિત્યિક સ્રોતો વારંવાર પશ્ચિમ યુ.પી. હરિયાણા અને રાજસ્થાનનો ઉલ્લેખ કરે છે. ઉત્તરકાલીન વેદના તબક્કાનો જે સમય મૂકવામાં આવે છે તે ઈ.સ.પૂ.1000 થી ઈ.સ.પૂ.600 છે. આ ગ્રંથોમાં ઘણી જાતો અને સાંસ્કૃતિક જૂથો બતાવેલાં છે. આ પ્રમાણે ખાસ પ્રકારનાં માટીનાં વાસણોના આકારો બીજી ટોળી કે સમૂહ સાથે ઓળખાવી ન શકાય. આ જ ભૌગોલિક પ્રદેશમાં કેટલીક કૃષિપ્રજા આ જ સમયગાળામાં સમૃદ્ધ થઈ. આ લોકો અમુક પ્રકારનાં માટીનાં વાસણો વાપરતા જેને ચીતરેલા ભૂખરા રંગનાં વાસણો (PGW) કહેતા. આ રીતે પુરાતત્ત્વીય શોધો ઉત્તરકાલીન વેદના સમાજની સ્રોતોની સ્થિતિ વ્યક્ત કરે છે.

ઉપરના ગંગા નદીના પ્રદેશમાંથી 700થી વધુ PGW સ્થળો શોધી કઢાયાં છે. આ (વાસણો) બાહવલપુરમાં નદી ઘગ્ઘરના સૂકા પ્રદેશમાં અને ઉત્તર રાજસ્થાનથી સિંધુના જળાશય અને ગંગા તેમ જ ગંગા જમનાના દોઆબ સુધી પથરાયેલા છે. આ વાસણોની પૂર્વ તરફની હદ ગંગાના ઉત્તરનાં મેદાનો સુધી મર્યાદિત હતી તેમ શ્રાવસ્તિનું સ્થળ બતાવે છે. કેટલાંક અગત્યના PGWનાં સ્થળો અત્રાંજીખેર, અહિચ્છ નોહ, હસ્તિનાપુર, કુરુક્ષેત્ર, ભગવાનપુરા અને જાખેરા છે.

દક્ષિણ રાજસ્થાનની બનાસ સંસ્કૃતિ કે જેનો સમય ઈ.સ.પૂ.2000 ઈ.સ.પૂ 1400 છે તે લગભગ ઈ.સ.પૂ.800ની આસપાસ ગંગાખીણ સુધી ફેલાઈ હોવાની શક્યતા છે. આ પ્રમાણે કાળાં અને રાતાં વાસણોના વાપરનારા આ ચાલુ સમયને સંબંધિત હોઈ શકે. પુરાતત્ત્વ '' વેદના આર્યો '' નું પૂર્વ તરફનું ખસવાનું જણાવતું નથી અને ખસવાનું સાહિત્યિક ગ્રંથોમાં સૂચવેલું છે. પુરાતત્ત્વ કોઈ પણ એક સંસ્કૃતિ પૂર્વ તરફ ખસી હોવાનો પુરાવો આપતું નથી. આ રીતે સાહિત્ય અને પુરાતત્ત્વીયના પુરાવાઓ વચ્ચે મોટું અંતર જણાય છે. જો કે સામાન્ય મુદો એ છે કે ઉત્તર કાલીન વેદનો સમાજ તેમ જ પુરાતત્ત્વમાં પ્રતિબિંબિત થતો સમાજ જે લોખંડ વાપરતો હતો.

લોખંડની ચીજો મોટા ભાગે PGW સ્થળોમાં બહુ સામાન્ય છે. આત્રંજિખેર, જોધપુર અને નોહમાંથી કાર્બન 14ની તારીખ સૂચવે છે કે ગંગાનાં મેદાનોના સંબંધમાં આ ધાતુ લગભગ ઇ.સ.પૂ. 1000-800 દાખલ થઈ.

લોખંડની કાચી ધાતુનો ખૂબ ઉપયોગ ઉત્તર પ્રદેશ, હિમાચલ અને પંજાબ અને પછીથી દક્ષિણ બિહારમાં તળપદી વસ્તુનો ચમત્કાર આવિર્ભાવ છે. ઋગ્વેદમાં 'અયસ'ના ઉલ્લેખ છે જેનો અર્થ 'લોહ' થાય જો કે પુરાતત્ત્વીય પુરાવાઓ લોખંડને ઉત્તરકાલીન વેદના સમયમાં કહે છે. સાહિત્યના પુરાવાઓ આનું ઘણુંક સમર્થન આપે છે. યજુર્વેદમાં ને 'શ્યામ અયસ્ 'અને બ્રાહ્મણ (ગ્રંથો) કૃષ્ણ અયસ્ કહે છે. આ બંને શબ્દો કાળી ધાતું માટે છે જેનો અર્થ લોખંડ થાય છે.

હાલનાં ઉત્ખનનોએ બતાવ્યું છે કે દક્ષિણ ભારતના મહાશ્મીન લોકો લોખંડના કળાવિજ્ઞાનથી પરિચિત હતા. આપણે આર્યોનું ભારતના ઉપખંડમાં સ્થળાંતરને કારણે લોખંડના દાખલ થવા વિશે કળા વિજ્ઞાનના શબ્દોમાં લાંબો કાળ વાત ન કરી શકીએ.

## 13.3 લોખંડનું કળાવિજ્ઞાન અને તેની અસરો (Iron Technology and its Impact)

અહીં અગત્યનો પ્રશ્ન પૂછવાનો શું છે: લોખંડનું જ્ઞાન આ સમયના ધાતુકળા વિજ્ઞાનમાં પ્રગતિ તરફ લઈ જાય છે ? તે જ પ્રમાણે કોઈને જાણવાનું મન થાય કે. નવી કળાવિજ્ઞાનના દાખલ થવાને લીધે સમાજની પરિસ્થિતિમાં કેટલે અંશે ફેર પડ્યો.

ઉત્તરકાલીન વેદના કાળના પુરાવા સૂચવે છે કે ગોપાલક સમાજમાંથી વ્યવસાયી ભૂમિગત સમાજમાં ફેરફાર થયો. પહેલાં પણ કહેવાયું છે કે ખામણાવાળી કુહાડીઓ લોખંડની બનતી અને તેનો છૂટથી ઉપયોગ જંગલો સાફ કરવા અને ગંગાના દોઆબ માટે કાયમની ખેતી કરવા માટે થતો એમ માનવામાં આવતું કે ધારવાળાં હળો અને ખરપડીઓ ખેતીવાડીના ઓજારોએ કુશળતા વધારી સાથોસાથ ખેતી વિષય પ્રવૃત્તિ વધી. આથી વિદ્વાનો માને છે કે લોખંડના વિજ્ઞાનના જ્ઞાનના કારણે અગત્યનું લક્ષણ ભૂમિગત સમાજની અર્થવ્યવસ્થાના વિકાસમાં હતું. હવે આપણે જાણીએ છીએ કે ઉતરકાલીન વેદનો સમય માત્ર વ્યવસાયી નહોતો તેમ જ લોખંડના વિજ્ઞાનમાં આગળ વધેલો ન હતો બિહારની સમૃદ્ધ કાચી ધાતુની લોખંડની ખાણો પૂરેપૂરી ઉપોયોગમાં લેવાઈ નથી અને તેથી લોખંડને ગાળવાની પદ્ધતિ હજુ જૂની ઘરેડની છે.

ઉત્ખનનમાં મળેલી ચીજોમાં લોખંડની ટોચ વાળાં તીરનાં માથાં ભાલાનાં માથાં વગેરે અર્થાત્ જેનાં આયુધો મોટી સંખ્યામાં અહિચ્છત્રાના ઉત્પનનમાંથી મળ્યા છે. દાતરડાં, ખરપડી, કુહાડી ભાગ્યે જ માંથી મળી આવે છે. એક હળ જાખેરામાંથી મળ્યાનો ઉલ્લેખ છે તે કદાચ આ યુગના અંત ભાગનું છે. આ પ્રમાણે ઉત્ખનનમાંથી લોખંડનો ઉપયોગ હથિયારો બનાવવા માટે મર્યાદિત હતો (ઈ.સ.પૂ 1000ના અર્ધ ભાગ સુધી) જ્યારે કાદવ અને ભેજવાળી જમીન અને વરસાદ ગંગાના ખીણના મધ્ય ભાગમાં ધીરે ધીરે સાફ થઈ ગયો ત્યાં સુધી ખેતીવાડીના વિજ્ઞાનને લોખંડે અસર કરી નથી.

ઉત્તરકાલીન વેદના સમયમાં જંગલો ઉપરના દોઆબમાં અગ્નિથી બાળી સાફ કરવામાં આવતા. આપણી પાસે ઇન્દ્રપ્રસ્થ શહેર વસાવવા મહાભારતમાં ખાંડવવનને બાળી નાંખવાનું વર્ણન છે. લોખંડ ના અણીવાળાં હથિયારો અને ઘોડાના રથ વગેરેએ લશ્કરી પ્રવૃત્તિ જે આ યુગમાં ધમધમાટ હતી અને તેના વિસ્તૃત હેવાલ મહાભારતમાં છે તેને ખૂબ મદદ કરી. ગુજરાન સંબંધિત પ્રવૃત્તિઓમાં લોખંડના વિજ્ઞાનનો ખાસ કરીને કોઈ હિસ્સો ન હતો.

### તમારી પ્રગતિ ચકાસો (ક)

(1) સાચા (✓) વાક્યની નિશાની કરો

  (1) આપણે ચોક્કસપણે કહી શકીએ કે વેદિક સમાજ પૂર્વ તરફ ખસ્યો.
  (2) વેદિક સમાજ પૂર્વ તરફ ખસ્યો તે કહેવું અશક્ય છે.
  (3) આપણે ધારી શકીએ કે વેદનો સમાજ પૂર્વ તરફ ખસ્યો.
  (4) ઉપરમાંનું કાંઈ નહી.

(2) અથર્વવેદમાંથીઃ (✓) સાચું વાક્ય

  1) આપણે ઉત્તરકાલીન વેદના સમયમાંથી લોકશ્રુતિ સમજી શકીએ.
  2) ઉત્તરકાલીન સમાજની શ્રેષ્ઠ પ્રણાલી માત્ર આપણે જાણી શકીએ.
  3) સામાન્ય લોકોની સામાજિક ધાર્મિક સ્થિતિ આપણે સમજી શકીએ.
  4) બંને (1) અને (3)

(3) ઉત્તરકાલીન વેદના સમય (✓) સાચા વાક્યની નિશાની કરો.

  (1) લોખંડનું વિજ્ઞાન મુખ્યત્વે ખેતીવાડીમાં વપરાતું.
  (2) લોખંડનું વિજ્ઞાન મુખ્યત્વે યુદ્ધનાં હથિયારો માટે વપરાતું.
  (3) લોખંડનું વિજ્ઞાન ત્યાં મુદ્દલે ન હતું.
  (4) પોલાદ વપરાતું.

(4) પચાસ શબ્દોમાં લખો. લોખંડનું કલાવિજ્ઞાન અને તેની અસરો ઉત્તરકાલીન વેદના સમાજમાં હતી.

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

# 13.4 અર્થવ્યવસ્થાની પદ્ધતિ (The Nature of the Economy)

ઉત્તરકાલીન વેદકાળમાં ગંગા-જમુના દોઆબ અને મધ્ય ગંગાની ખીણમાં ફળદ્રુપ કાંપની જમીનના મોટા વિસ્તારના સુલભ થવાને કારણે ખેતીનો વિકાસ થયો. આ પ્રદેશ ધીરે ધીરે ઈ.સ.પૂ 1000 દરમ્યાન સ્થિર થયો. જો કે ઉત્તરકાલીન વેદના ગ્રંથો ગોપાલકોની અગત્ય ચાલુ રહી તેનું પ્રતિબિંબ પાડે છે.

પુરાતત્ત્વીય અને સાહિત્યના પુરાવાઓ લોકોના મુખ્ય ખોરાકમાં ચોખા દાખલ થયાના દાખલા છે. ઉત્ખનિત સ્થળોએથી ધ્વજ અને બનાસ સંસ્કૃતિના બળેલા ચોખાના દાણા પ્રાપ્ત થયા છે. વેદના ગ્રંથો વ્રિહિ, તાંડુલ, સાલિ વગેરે બતાવે છે. આ તમામ ચોખાના પર્યાયો છે. એમ જણાય છે કે હવે પાક લેવાનો શરૂ થયો અને ખેતરો જવ અને ચોખા ઉગાડતાં. આ સમયના વિસ્તૃત યજ્ઞો જેવા કે રાજસૂય-તેમાં પશુઓ અને ઘી તેમ જ ચોખા સાથે અનાજનો બલિદાનમાં સમાવેશ થતો. અથર્વવેદમાં સ્રોતોના લાભ મળવવા માટે બાર યજ્ઞો જણાવેલા છે. તેમાં ગાયોનું દાન, વાછરડાં, બળદ, સોનું, રાંધેલા ચોખા, પરાળથી ઢાંકેલાં ઘરો અને સારાં ખેડેલાં ખેતરો બ્રાહ્મણોને આપવાનું સૂચવ્યું છે. બલિદાનમાં આપવાની ચીજો સ્પષ્ટ કરે છે કે એક સ્થળે રહેતી વસાહતોનું અને ખેતીવાડીના વધવાની અગત્ય. ઉત્તરકાલીન વેદના ગ્રંથો આઠ, બાર અને વળી ચોવીસ બળદો ખેતીમાં જોડાતા તેનો નિર્દેશ કરે છે. જોકે બળદની બતાવેલી સંખ્યા કદાચ પ્રતીકરૂપે છે. પરંતુ આ ઉલ્લેખ બતાવે છે કે આ સમય દરમ્યાન હળની ખેતી જાણીતી હતી.

## 13.4.1 પશુપાલનના મહત્ત્વમાં ઘટાડો (Importance of Pastoralism Declines)

જેમ શરૂના વેદના કાળમાં હતું તેમ ઢોર-ઉછેર એ લોકોની મુખ્ય ગુજરાન માટેની પ્રવૃત્તિ રહી ન હતી. આ સમયમાં ધંધાકીય આદર્શ ખેડેલી જમીન અને ઢોરોના ધણ એમ મિશ્ર ખેતી હતી. આ તબક્કાની ખેતીની પ્રવૃત્તિઓ ખૂબ મહેનતુ ન હતી. જે સ્થળોએથી ઉત્ખનનમાં ચોખાના અવશેષો પ્રાપ્ત થયા છે તે દોઆબના ઊંચા ક્ષેત્રમાંથી મળ્યાનું નિશ્ચિત થયું છે. આ બતાવે છે કે ભેજવાળા ચોખાના ખેડાણ જે વધુ મહેનત માંગી લે છે તે હજૂ સુધી શરૂ થઈ ન હતી.

ખેતીના મિશ્રણે સ્થિર વસાહતનો ઉદ્ભવ થયો. ધ્વજના થરો સામાન્ય રીતે ૨ થી 3 મી. ઊંડા છે જે બતાવે છે કે લોકો એક જ સ્થળે લાંબો વખત રહેતાં ભગવાનપુરા અને જાખેરાનાં ઉત્ખનનોએ બતાવ્યું છે કે શરૂના તબક્કામાં ગારા અને ટટ્ટી અથવા લાકડાના વર્તુળાકાર ઝૂંપડાને બદલે આ સમયમાં માટીની દીવાલોવાળાં વધારે નક્કર મકાનોએ સ્થાન લીધું. આ પ્રમાણે મજબૂત સ્રોતો મકાનના બાંધકામમાં વપરાવાં લાગ્યાં. તેનું કારણ બેઠાડુ જીવન શૈલી અપનાવી તે હતું.

## 13.4.2 ધાર્મિક કર્મકાંડનાં કાર્યોમાં પરિવર્તન (Changes in the Functions of the Rituals)

શરૂના વેદના સમાજમાં સમગ્ર ટોળીના કલ્યાણ માટે ધાર્મિક ક્રિયાઓ કરાતી. ઈશ્વરોની પૂજા બીજી ટોળીઓ ઉપર વિજય પ્રાપ્ત કરવા કરાતી તે માટે ઢોરો અને પુત્રો અપાતાં. આ પ્રસંગે સરદારોને ધન વહેંચવાનો પ્રસંગ મળતો. ઉત્તરકાલીન વેદના સમાજમાં ધાર્મિક ક્રિયાકાંડોમાં સૂક્ષ્મ ફેરફારો થયા. ધાર્મિક ક્રિયાકાંડો વધારે ગૂંચવણભર્યા થયા અને તે ઘણાં વર્ષો ચાલુ રહ્યા. માત્ર શ્રીમંતો જ તે યોજી શકે. સમગ્રતયાનો જુસ્સો ઓછો થયો. યજ્ઞો ટોળીના બીજા સભ્યોને વશ કરવા થતા. સમગ્ર ટોળીને દાન-બક્ષિસો અપાતી નહીં. માત્ર બ્રાહ્મણો જે યજ્ઞો કરાવતા તેઓને સરદાર બક્ષિસ આપતા. ધાર્મિક કાંડો એટલા બધા ગૂંચવણભર્યા હતા. કે તે કરાવવા હોશિયાર બ્રાહ્મણોની જરૂર પડતી કારણ ખોટા મંત્રપ્રયોગથી યોજનારને સંકટ આપતું. યજ્ઞોના યોજનાર સરદારોને દિવ્ય પુરુષના મોભાનું વરદાન આપે એમ મનાતું અર્થાત્ સમગ્ર ટોળીના તે સર્વ શ્રેષ્ઠ. આ વિધિ માટે બ્રાહ્મણ પુરોહિતને સરદાર પોતાના ધનમાંનો મોટો હિસ્સો આપતો. આ રીતે ધાર્મિક ક્રિયાકાંડ બ્રાહ્મણો અને સરદારોની આધ્યાત્મિક શ્રેષ્ઠતા અને સ્રોતો પ્રાપ્ત કરવાનું એક યંત્રની રચના બની.

## 13.4.3 જમીનના મહત્ત્વનો ઉદ્ભવ (Emerging Importance of Land)

જમીન કુટુંબનાં શ્રમ, ઘરના નોકરોની તેમ જ ગુલામોની મદદથી ખેડાતી. મુખ્યત્વે જમીન સમગ્ર ટોળીની માલિકીની હતી. જ્યારે ટોળીની માલિકી ધીરે ધીરે કુટુંબની માલિકીમાં ફેરવાઈ ત્યારે ગૃહપતિ કે ઘરમાલિક ધનનો માલિક બન્યો. વૈશ્યો (મૂળ જેઓ વિસને લગતા હતા) સમાજમાં ઉત્પાદન કરતો વર્ગ હતો અને તેઓ ધનનું મૂળ અને ક્ષત્રિયો અને બ્રાહ્મણોના ગુજરાનનું મૂળ બન્યા, કારણ તેઓ (બ્રાહ્મણો અને ક્ષત્રિયો) ખોરાક-ઉત્પાદનમાં સક્રિય ભાગ લેતા ન હતા, વૈશ્યોને ક્ષત્રિયોને પોતાની જમીનના રક્ષણ માટે બક્ષિસ આપવી પડતી અને પુરોહિતોને પોતાને સદાચારીના ઉન્નતિના કાર્ય કરવા માટે દાન અને દક્ષિણ આપવા પડતાં. વિસ્/વૈશ્યનું લક્ષણ કુટુંબની અર્થવ્યવસ્થા. અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર થયો. બિન-ઉત્પાદક વર્ગોને દાન-દક્ષિણાએ

જીવનજરૂરિયાતની ચીજોને વહેંચાવામાં મદદ કરી. જમીન વેચવાના કોઈ ઉલ્લેખો નથી. જો કોઈ જમીનને દાનમાં આપે તો વિશ્વકર્મા, ભૌવન, રાજકર્તાને પૃથ્વી ઠપકો આપતી. આ ગ્રંથસ્થ પુરાવો સૂચવે છે કે જમીનની સમગ્ર જાતિની માલિકી ઉપર વિસ્નો મોટા ભાગનો હક્ક હતો.

## 13.5 રાજવ્યવસ્થા અને સમાજ (Polity and Society)

મુખ્યત્વે ગોપાલકમાંથી સંયુક્ત ખેતીની અર્થવ્યવસ્થાના પરિવર્તનથી ઉત્તરકાલીન વેદના સમાજના ચારિત્ર્ય અને રાજવ્યવસ્થાને મોટો ધક્કો લાગ્યો. આ ફેરફારનાં મુખ્ય વલણો હતાં :

- શરૂના વેદના સમાજની ટોળીની ઓળખે ધીરેધીરે પ્રાદેશિક ઓળખનો માર્ગ ખુલ્લો કર્યો. પરિણામે સરદારપણાનો ખ્યાલ બદલાયો.
- શરૂના વેદના સમયમાં સામાજિક માળખું ટોળીની અંદરના સંબંધો ઉપર આધારિત હતું અને મુખ્યત્વે સરખા હતા તે વધારે ગૂંચવણભર્યું થયું. આ સમાજ હવે ઊંચનીચનો થયો. એક જ ટોળી પણ જુદા જુદા ભાગોમાં વહેંચાઈ તેમાના કેટલાક સમાજમાં ઊંચા દરજ્જાના અને કેટલાક નીચા સ્થાનના ગણાયા.

### 13.5.1 રાજવ્યવસ્થા (Polity)

ઋગ્વેદના સમયમાં 'જન' લોકો અથવા ટોળીના અર્થમાં વપરાતો. હવે તેમાંથી જનપદનો તર્ક ઉદ્‌ભવ્યો. જનપદનો અર્થ એવી જગ્યા કે જ્યાં ટોળી સ્થિર થઈ. ઉત્તરકાલીન વેદના ગ્રંથોમાં સૌ પ્રથમ વાર રાષ્ટ્ર શબ્દ વપરાયો. જોકે તે રાજ્યના અર્થમાં કે જે જ્યાં વ્યવસ્થિત મુલકની વ્યાખ્યા આપી શકાય તે અર્થમાં વપરાતો ન હતો.

કુરુ એ વેદની મુખ્ય બે ટોળીઓ - ભરત અને પુરુના જોડાણથી તૈયાર થયા. આ કુરુઓ ગંગા-જમુનાના દોઆબના ઉપરના ભાગનું સ્થળ મેળવી લીધું હતું તેના ઉલ્લેખો ગ્રંથોમાં બતાવેલા છે. તે જ પ્રમાણે પાંચાલ દેશ કે જે પ્રદેશ પાંચાલોએ પ્રાપ્ત કર્યો હતો તે ભાગ દોઆબનો મધ્ય ભાગ. આ બતાવે છે કે ટોળીની ઓળખ મુલકની ઓળખમાંથી ઉદ્‌ભવી. જ્યારે કુરુ અને પાંચાલો એકત્ર થયા ત્યારે તેમની માલિકી ઉપરના અને મધ્યના ગંગા-જમુના દોઆબમાં પૂર્ણ થઈ. આ સગપણના ફેરફારો જન અને પ્રદેશ કે જેની ઉપર તેઓનો કાબૂ હતો તેમાંથી ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકામાં મહાજનપદ અને જનપદની ઉત્પત્તિ થઈ (જુઓ વિભાગ 4). ટોળીના સરદારો અને યોદ્ધાઓ - જ્યારે ટોળીનાં જૂથો એકબીજા સાથે જોડાણો અને અમુક જ મુલકની સાથેની ઓળખ થઈ ત્યારે ટોળીના સરદારોના કાર્યક્ષેત્ર અને મોભામાં ફરક આવ્યો. રાજન્ કે નાયક (સરદાર) માત્ર ઢોરોની અથડામણો નહીં પણ તે ઉપરાંત જ્યાં ટોળીના માણસો સ્થિર થયા હતા તે મુલકનાં રક્ષક તરીકે પણ સંકળાયેલો હતો. રાજન્ય જે ઋગ્વેદના કાળ દરમ્યાન પ્રભુત્વ ધરાવતો તે હવે 'ક્ષત્રિય' અર્થાત્ તે પ્રદેશ ઉપર સત્તા ધરાવતો અને તેનો શબ્દાર્થ 'ક્ષત્રિય' શબ્દ. ક્ષત્રિય વર્ણને ટોળીના રક્ષક તરીકે અને જમીન જે ઉપર ટોળીઓ રહેતી હતી ભાગ ભજવવાનો રહેતો. ''વિસ્'' લોકોએ ક્ષત્રિયોના રક્ષક તરીકેના તેઓને બદલામાં ભેટ-સોગાદો આપવાની રહેતી અને ધીરે ધીરે વિસનો મોભો ક્ષત્રિયના ક્રમમાં ઊતારતા દરજ્જાનો થયો. બલિ અને ભગ ઇચ્છા પ્રમાણે અપાતા નહીં અને ધીરે ધીરે તેણે નિયમિત ખંડણી અને કરનું સ્વરૂપ ધારણ કર્યું.

ટોળીની સભાઓ ક્ષત્રિયો કે યોદ્ધાના મોભામાં ફેરફારને કારણે ટોળીની સભાઓના સ્વરૂપમાં પણ ફેરફાર પ્રતિબિંબિત થયો. સભા આ સમય દરમિયાન સમિતિથી વધારે અગત્યની થઈ.

રાજાઓનો સભામાંનો ઉલ્લેખ બતાવે છે કે તેઓ રાજાને તેની ફરજમાં મદદ કરતા. રાજા કે સરદારનું સ્થાન માત્ર જન્મ ઉપર આધારિત ન હતું પરંતુ રાજાની પસંદગી ક્ષત્રિયો પૂરતી મર્યાદિત હતી.

**રાજાની કાયદેસરતા :** વારસદારના અને જ્યેષ્ઠપુત્ર અંગેના કોઈ ચોક્કસ નિયમો નહીં હોવાને કારણેઈશ્વરાર્પણ માટેની ધાર્મિક ક્રિયા સત્તાની ખાતરી માટે રાજકર્તા વર્ગ માટે ઘણી અગત્યની થઈ. વિધિપૂર્વકના યજ્ઞો જેવા કે રાજસૂય, અશ્વમેધ અને વાજપેય યજ્ઞો ઉડાઉપણે થવા લાગ્યા. ઋગ્વેદના કાળમાં અશ્વમેધયજ્ઞ નાનું કાર્ય ગણાતું પણ આ સમયમાં બીજા પ્રદેશોને વશ કરવા અને પરદેશી જમીન ઉપર કાયદેસરનો હક્ક રાજકર્તા ધરાવવા માટે આ યજ્ઞ કરતાં બીજા યજ્ઞોમાં રાજકર્તાની તંદુરસ્તી માટેની પ્રાર્થના અને ત્રણેય યજ્ઞો રાજાએ જે કાયદેસની પદ્ધતિ અખત્યાર કરી હોય તેને માટે તેની તાકાત અને સર્વોપરીતા સિદ્ધ કરવા માટે થતા. દા. ત. યજ્ઞ કરનારને રાજસૂય (યજ્ઞ) દરમ્યાન રાજા તરીકે જાહેર કરાતો આ યજ્ઞો પછીના કાળમાં નવા રાજ્યો અને

નવાં રાજાઓ ઉપસ્થિત થયાં ત્યારે વધારે પ્રસંગાનુકૂળ જણાયા તેઓ યજ્ઞનો ઉપયોગ પોતાની સત્તાને ધર્મની રીતે કાયદેસરતા આપતાં માટે કરતા.

રાજા પોતે પણ પોતાના પ્રદેશની સંપત્તિ, આર્થિક ઉત્પાદન અને વહેંચણી કે જે પોતાના મોભા સાથે યોગ્ય રીતે વધારવા જે માત્ર પોતે લૂંટનાર કે યુદ્ધના નાયકથી વિશેષ રીતે પૂર્ણ કરવા કરતો છતાં પણ તે સર્વાધીશ નહતો કારણ કે તે ચૂંટાતો તેના ઉપર કેટલાંક દબાણો હતાં અને તેથી તેની ટોળીને તે જવાબદાર હતો. પોતાની ફરજ દરમ્યાન મદદ કરવા તે બીજા રાજાને નીમી શક્તો નહીં. તેઓ પોતાના હક્કની રીતે મુખ્ય હતા. બીજું અગત્યનું એ છે કે આ સમય દરમ્યાન ક્ષત્રિય વારસોએ સ્પષ્ટ પણે ચઢિયાતું સ્થાન મેળવ્યું તેનું કારણ એ છે કે પ્રાદેશિક તાદાત્મ્યનો વિચાર હવે સ્થપાયો. આ પ્રદેશ રાજાના રાજ કરવાની શક્તિ સાથે શારીરિક પ્રદર્શન થયું.

**ટોળીની અથડામણો :** આંતર ટોળીની અથડામણો અને ટોળીની અંદરની અથડામણોનો પ્રકાર બદલાયો. લડાઈ માત્ર પશુઓ માટેની લડાઈ નહીં પરંતુ જમીન પ્રાપ્ત કરવાનો મુખ્ય મુદ્દો લડાઈનો રહ્યો. પ્રદેશ વધારવાની જરૂર ટોળીની અંદર વસ્તી વધારવા સાથે સંકળાયો. લોખંડના હથિયારો હલકા પૈડાંના ઘોડાથી હંકારાતા. રથો વગેરેએ લડવૈયાઓ માટે કાર્યકુશળતા વધારી કુરુ જાતિના કૌરવો અને પાંડવોની અંદરોઅંદરની લડાઈનું વર્ણન મહાભારત આપે છે.

**પુરોહિત :** રાજન્ય ક્ષત્રિયની અગત્ય વધવાની સાથે બ્રાહ્મણો પણ આગત્યના થયા કારણ તેઓ વહીવટકર્તાનું કાર્યાલય ઈશ્વરાધીન કાંડો મારફતે કારદેસર કરતા. આવા પ્રસંગોએ ધનની પુનઃ વહેંચણી દાન અને દક્ષિણા મારફતે ક્ષત્રિય યજમાન બ્રાહ્મણ પુરોહિતોને કરતા વિસ્તૃત ધાર્મિક કાંડો એ સૂચવે છે કે મૂળભૂત રીતે રાજાની સત્તા સલામત ન હતી. તેથી તેણે વહીવટ કરવાની શક્તિની સાબિતી આપવાની હતી. ફરજ બજાવનારા બ્રાહ્મણ ઈશ્વરની બરાબર ગણાતો. એમ લાગવા માંડ્યું કે ઈશ્વરને યજ્ઞો મારફતે આહ્વાહન કરી શકાય અને અવાહન કરનાર બ્રાહ્મણને દાનથી તૃપ્ત કરાતો. આ પ્રમાણે ધનની પુનઃ વહેંચણી આ બે ઊંચા મોભાદાર જૂથો વચ્ચે થતી અને રાજકીય પ્રાધાન્ય ધીમે ધીમે ક્ષત્રિયનો મુલક બન્યો.

## 13.5.2 સમાજ (Society)

આપણે જોઈ ગયા કે વિસ્ના મોભાની પડતી અને ક્ષત્રિયો તેમ જ બ્રાહ્મણોના મોભાનું ઊંચું આવવું. આ રીતે સમાજ અસમાન જૂથોનો બનેલો હતો.

આ ઋચામાં ચાર વર્ણનું મૂળ વર્ણવ્યું છે. જેમકે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અન શૂદ્ર વિશ્વકર્તા પ્રજાપતિના શરીરમાંથી ઉત્પન્ન થયા. ઋચા આદિ પુરુષ ઋગ્વેદના પછીના ભાગમાંથી આવે છે. આ પ્રમાણે સૌ પ્રથમ વખત ચારે વર્ણોની ઉત્પત્તિ વર્ણવે છે. તે કહે છે.

તેઓ જ્યારે માણસનું વિભાજન કર્યું ત્યારે તેને કેટલા ભાગમાં વહેંચ્યો ? તેનું માથું તેના બાહું પગો તેની જાંઘો અને તેનાં ચરણોને શું કહેતા ? "બ્રાહ્મણ તેનું મુખ, તેના બાહુ ક્ષત્રિય, તેની જાંઘ વૈશ્ય અને તેના પગમાંથી શૂદ્ર જન્મ્યો હતો."

આ ઋચામાં જ પ્રતીકો આગળ ધરવામાં આયાં છે તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર સમાજનાં અંગો છે. આ શરીરનાં અંગોને એક સરખો મોભો નથી હોતો. બ્રાહ્મણને મસ્તક સાથે સરખાવાતું જ્યારે શૂદ્ર પગ સાથે સરખાવાતો. સામાજિક જીવનમાં બ્રાહ્મણો સૌથી શ્રેષ્ઠ વર્ણના ગણાતા કારણ માત્ર બ્રાહ્મણ મારફતે સમાજ ઈશ્વર સાથે વાત કરી શકતો. બીજી બાજુએ શૂદ્રો હલકું કામ કરતા અને તેમાં યુદ્ધમાં પકડાયેલા ગુલામોને પણ દાખલ કરવામાં આવતા હતા.

વર્ણની કલ્પના વર્ણપ્રથામાં નીચેનાં લક્ષણો હતાં :

(ક) જન્મથી મોભો

(ખ) વર્ણના ક્રમ પ્રમાણે ગોઠવણ (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર) બ્રાહ્મણ સૌથી ઊંચે અને શૂદ્ર સૌથી નીચે.

(ગ) પોતાના વર્ણમાં પરણવાની પ્રથા અને ધાર્મિક ક્રિયાની પવિત્રતા.

વર્ણપદ્ધતિ ધર્મના ખ્યાલથી આગળ પણ બંધાયેલી છે અર્થાત્ વિશ્વનો કાયદો અને વર્ણ ધર્મ સમાજને વ્યવસ્થિત કાર્ય કરવા માટે સામાજિક કાયદાને સ્થાપિત કરવાનો પ્રયત્ન હતો. જોકે વર્ણધર્મ પદ્ધતિ ઉત્તરકાલીન વેદના સમાજમાં બરાબર વિકાસ પામી ન હતી.

સામાજિક જૂથોના વિભાગો મુખ્યત્વે ધંધા ઉપર આધારિત હતા અને સમાજ હજુ પણ નરમ હતો, કોઈ પણ ધંધો જન્મ ઉપર આધાર રાખતો ન હતો.

પછીના સમયમાં અર્થાત્ અનુવેદકાળમાં વર્ણધર્મ દરેક વર્ણનો ધાર્મિક મોભો વર્ણવતું. વર્ણપ્રથા બિનક્ષત્રિયોને ક્ષત્રિયોનો મોભો મેળવતા અને રાજ કરતા અટકાવતા નહીં (દા.ત. નન્દો અને મૌર્યો). તેવી જ રીતે બ્રાહ્મણોને રાજકીય સાર્વભૌમત્વ મેળવતા અટકાવી શકાતા નહીં (દા.ત. શુંગ રાજાઓ). (આ સંબંધી તમે વિભાગ 5માં વાંચશો.)

આ પ્રમાણે વર્ણની અવ્યવહારુ પદ્ધતિ અનુવેદકાળમાં કડકાઈથી અમલમાં મૂકતા નહીં.

ઉત્તરકાલીન વેદના સમયમાં ભૌગોલિક બિંદુના ફેરફાર સાથે વેદના લોકો ઘણા અ-વૈદિક ટોળીઓ સાથે ઝઘડ્યા અને ઘણી વિચારણા પછી મધ્યકાળમાં નવો સંયુક્ત સમાજ બનાવવામાં મદદ કરી. અથર્વવેદ અ-વૈદિક ધર્મની રીતિનું યજમાન બતાવે છે અને જેની પુરોહિતો મારફતે મંજૂરી મેળવતા. ટોળીના પોતાની જાતિમાં પરણવાની રૂઢિ સખત લગ્નના નિયમો સ્પષ્ટ કરે છે તેથી ટોળીની પવિત્રતા જાળવવાનું ધ્યેય હતું. સમાજમાં ક્ષત્રિયો અને બ્રાહ્મણોની વધતી જતી અગત્યના કારણે પોતાનો શ્રેષ્ઠ મોભો જાળવવાનો બીજાની સરખામણીએ આજ્ઞાકારી હતું. ઉત્તરકાલીન વેદના સમય પ્રમાણે વર્થનો ખ્યાલ, પ્રાથમિક કક્ષાનો હતો અને અસ્પૃશ્યતાનો ખ્યાલ દાખલા તરીકે ગેરહાજર હતો.

**ગોત્ર :** ગોત્ર સંસ્થા (શબ્દાર્થ ગૌશાળા) આ સમયમાં દેખાઈ. લગ્નો પોતાના જ કુળમાં(પોતાની ટોળીમાં લગ્ન) ને બદલે ગોત્ર બહારના ગોત્રમાં થતાં. ગોત્ર એટલે એક પૂર્વજમાંથી ઊતરી આવેલા અને લગ્નો એક જ ગોત્રના સ્ત્રીપુરુષ વચ્ચે થઈ ન શકે.

**કુટુંબ :** પુરુષપ્રાધાન્ય કુટુંબ બરાબર ગોઠવાયું હતું અને ગૃહપતિને ખાસ દરજ્જો મળતો. ઘરની અર્થવ્યવસ્થા જે મુખ્ય અગત્ય મળતી. આથી ગૃહસ્થનું સ્થાન પણ અર્થવ્યવસ્થાના અગત્ય જેવું ગણાતું. જમીનના હક્કો તેના ઉપયોગ ઉપર આધારિત હતા અને જમીન ઉપરની માલિકી કોમ પ્રમાણે રહેતી. ગૃહપતિ શ્રીમંત હતા અને તેમનો ધાર્મિક મોભો યજમાન અર્થાત્ જે યજ્ઞ કરાવે છે જેવો હતો. તેમનું ધન બક્ષિસમાંથી આવતું નહીં પણ પોતાની મહેનતથી પ્રાપ્ત કરાતું. લાયકાત મેળવવા જે યજ્ઞો યોજવાને બંધાયેલા હતા તેમની મિલકતનો કેટલોક ભાગ બ્રાહ્મણોને આપવામાં આવતો. કેટલીક સ્ત્રીઓ તત્ત્વજ્ઞાની હતી અને થોડી રાજ્યાભિષેકની ધાર્મિક ક્રિયામાં ભાગ લેતી તેવા ઉલ્લેખો છે છતાં પણ સ્ત્રીઓને પુરુષો કરતાં નીચી કક્ષાની ગણવામાં આવતી અને સ્ત્રીઓને કોઈ મુખ્ય નિર્ણય લેવામાં સાંકળતા નહીં.

**જીવનની ત્રણ અવસ્થાઓ :** ત્રણ આશ્રમો અર્થાત્ જીવનની ત્રણ અવસ્થાઓ સ્થાપિત છે અને આ અવસ્થાઓ બ્રહ્મચારી (વિદ્યાર્થી કાળ), ગૃહસ્થ (કૌટુંબિક), વાનપ્રસ્થી (ઘરનાં કામકાજમાંથી થોડી નિવૃત્તિ લઈને જંગલમાં વસવું). એમ જણાય છે કે ચોથો અર્થાત્ સન્યાસ (દુનિયાદારીની પ્રવૃત્તિમાંથી સંપૂર્ણ નિવૃત્તિ) જીવનની અવસ્થાનો ખ્યાલ ઉપનિષદો રચાયા ત્યાં સુધી જાણીતો ન હતો.

વેદના સામાજિક માળખા સામે સંન્યાસીઓ અથવા ઋષિઓએ પછીના કાળમાં વ્યક્તિગત રીતે અપ્રત્યક્ષ અથવા પ્રત્યક્ષ રહીને જોરશોરથી વિરોધ કર્યો.

## તમારી પ્રગતિ ચકાસો (ખ)

(1) ઉત્તર કાલીન વેદના સમયમાં : સાચા (✓) વિધાનનું ચિહ્ન મૂકો.

(i) ઢોર ઉછેર મુખ્ય ગુજરાનની પ્રવૃત્તિ કહી શકાય.

(ii) મિશ્રિત ખેતી જેમાં ખેડવાની અને ઢોર ઉછેરવાની મુખ્ય ગુજરાનની પ્ર વૃત્તિ દાખલ થઈ.

(iii) માત્ર શ્રમ યુક્ત ખેતી કરાતી.

(iv) ઉદ્યોગ મુખ્ય પ્રવૃત્તિ હતી.

(2) ઉત્તરકાલીન વેદના સમયમાં સાચા (✓) વિધાનનું ચિહ્ન મૂકો.

(i) સમાજને વ્યવસ્થિત કરવા માટે ટોળી માત્ર આધાર હતો.

(ii) જમીન વધારે અગત્યની થઈ અને જમીન માટે ટોળીની માલિકી ધીમે ધીમે કૌટુંબિક માલિકીમાં ફેરવાઈ.

(iii) જમીનની માલિકી ટોળીની બહારની હતી.

(iv) બેમાંથી એક પણ નહીં.

(3) ઉત્તરકાલીન વેદના સમય દરમ્યાન : સાચા (✓) વિધાનની નિશાની મૂકો.

(i) સમિતિ કરતાં સભા વધારે અગત્યની બની.

(ii) સભા કરતાં સમિતિ વધારે અગત્યની બની.

(iii) સભા અને સમિતિ બંનેની અગત્ય પડી ભાંગી.

(iv) ઉપરનામાંથી એક પણ નહીં.

(4) ઉત્તરકાલીન વેદના સમયના લોકો : સાચા (✓) વિધાનનું ચિહ્ન મૂકો.

(i) પોતાના ગોત્રમાં તેઓ પરણવા લાગ્યા.

(ii) તેમના ગોત્રની બહાર પરણતા.

(iii) તેઓ પોતાના ગોત્રમાં કે ગોત્રની બહાર પરણતા તેની દરકાર કરતા નહીં.

iv) ઉપરનામાંથી એક પણ નહીં.

(5) ઉત્તરકાલીન વેદના તબક્કા દરમ્યાન કુટુંબ કેવું હતું ? પચાસ શબ્દોમાં ઉત્તર લખો.

.........................................................................................................................

.........................................................................................................................

.........................................................................................................................

.........................................................................................................................

.........................................................................................................................

## 13.6 ધર્મ (Religion)

આ સમયના ગ્રંથ બે જુદા ધર્મની પ્રણાલી બતાવે છે :

- વેદ પ્રથા જે સામવેદમાં અને યજુર્વેદ સંહિતા અને બ્રાહ્મણમાં ઉલ્લેખિત છે.
- અ-વૈદિક અથવા કદાચ લોકપ્રણાલી મોટા પ્રમાણમાં અથર્વવેદમાં ઉલ્લેખિત છે.

અથર્વનૂની ધાર્મિક પ્રણાલીઓ વેદનો એક ભાગ ગણાતો જે સૂચવે છે કે વિવિધ સંસ્કૃતિઓનું એકબીજામાં ભળી જવું અને વેદની ધાર્મિક પદ્ધતિમાં માન્યતા. યજુર્વેદ સંહિતા અને બ્રાહ્મણો આ સમયનો યજ્ઞનો ધર્મ ઉલ્લેખે છે. આ સમય દરમ્યાન યજ્ઞો ઘણા અગત્યના બન્યા અને તેણે જાહેર તેમ જ ખાનગી બંને પ્રથાનું સ્થાન લીધું. જાહેર યજ્ઞો દા. ત. રાજસૂય, વાજપેય, અશ્વમેધ મોટા પાયા ઉપર રચાતા, જેરૂાં સમગ્ર લોકો ભાગ લેતા, કેટલીક ધાર્મિક ક્રિયાઓ આ યજ્ઞોમાં કરાતી તેમાં ફળદ્રુપતાનો સંપ્રદાયનાં તત્ત્વો બતાવે છે. દા. ત. અશ્વમેધ યજ્ઞમાં મુખ્ય રાણીએ યજ્ઞના ઘોડા સાથે સૂઈ જવું પડતું, જેમાં રાણી પૃથ્વીનું પ્રતીક ગણાતી અને આ ધાર્મિક ક્રિયા રાજાને સમૃદ્ધિ મળતી તેમ વિચારાતું. રાજસૂય અને વાજપેય યજ્ઞોમાં ખેતી વિષયક ઘણી ધાર્મિક ક્રિયાઓ થતી. પૃથ્વીનું સમયાંતરે જુવાન થવું અને તેની ફળદ્રુપતાની કેટલીક બાબતો વિધિપૂર્વકની ક્રિયાઓમાં દાખલ કરેલી છે.

### 13.6.1 પુરોહિતના પ્રપંચો (Priestcraft)

ઉત્તરકાલીન વેદના ગ્રંથમાં ધાર્મિક ક્રિયાઓ વિસ્તૃત રીતે બતાવેલી છે જે ખૂબ ગૂંચવાડા ભરેલી અને તેને માટે ધંધાના જાણકારની જરૂર પડે અને તેમાં તે કેળવાયેલા હોવા જોઈએ. યજ્ઞો કરવા માટે વિધિઓ અથવા નિયમો યોજનાપૂર્વક ઘડાયેલા છે અને વેદના યજ્ઞો હવે સાદા અનાજ આપવા માટે/બલિદાન અગ્નિને આપવા માટેના રહ્યા નહીં. બલિદાન આપવાના પ્રકાર, યજ્ઞોના પ્રકારો વગેરે યજમાનની જરૂરિયાત પ્રમાણે બદલાતા રહ્યા. યજ્ઞોમાં હવે ગુપ્ત પ્રતીકો સાથે મિલકત અપાતી અને દરેક ધાર્મિક ક્રિયા ગૂઢશક્તિથી ભરેલી તેમાં પણ બક્ષિસ આપતા. હવે નવું વિજ્ઞાન પુરોહિતના પ્રપંચમાંથી ઊભું થયું કારણ ખાનગી અથવા જાહેર યજ્ઞો કરવામાં ગૂંચવાડા ખૂબ ભર્યા હતા. આ રીતે પુરોહિતોનો અમુક વર્ગ યજ્ઞો કરાવવામાં નિપુણ થયો. એક જ યજ્ઞની ધાર્મિક ક્રિયા કરાવવા માટે જુદા જુદા તબક્કાઓમાં જુદા પુરોહિતોના સમૂહો હતા.

### 13.6.2 દેવોમાં ફેરફાર (The Changing Gods)

શરૂના વેદના બે મુખ્ય દેવો ઇન્દ્ર અને અગ્નિએ પોતાની અગત્ય ગુમાવી. પ્રજાપતિ સૃષ્ટિના સર્જક અગત્યના થયા. ચમત્કાર બેઠાડુ શૈલીની અગત્ય રજૂ કરે છે કારણ ઉત્પત્તિની પૌરાણિક વાતો જમીનને લગતા 'લોકો' સમૂહ માટે અગત્યની છે. ઋગ્વેદમાં રુદ્ર સામાન્યદેવ અગત્યના દેવ થયા અને વિષ્ણુ વિશ્વના સર્જન અને સંરક્ષક તરીકે વિચારાયા. પૂષન્ આગળના સમયમાં પશુઓનો સંરક્ષક હતો તે હવે શૂદ્રોના દેવ બન્યા. દેવોના સ્થાનના ફેરફારો ટોળીઓ જે ભટકતી જાતોમાંથી બેઠાડુ ખેતી કરતી ટોળીના ફરકના સૂચક છે. શરૂના વેદના દેવો જે પ્રકૃતિના ચમત્કારો રજૂ કરતા તેને ધીરે ધીરે ફેંકી દેવામાં આવ્યા અને પ્રાકૃતિક તત્ત્વોનું સજીવારોપણ દૈવી જીવોની જેમ વધારે ગૂંચવણભર્યા થયાં. ઉત્તરકાલીન વેદના કાળમાંથી કુદરતી તત્ત્વો કે જે અમુક દેવને રજૂ કરતાં તેવી પ્રાર્થનાઓ શોધવાનું સરળ ન રહ્યું.

### 13.6.3 લોકપરંપરા (Folk Tradition)

અથર્વવેદ લોકપરંપરાને લગતી માહિતી અંગેની ખાણ છે. તેના અનુક્રમો વેદના યજ્ઞના ધર્મો કરતાં મૂળભૂત રીતે જુદા છે અને તે વધારે જાદુ સંબંધી છે. આ વેદના અનુક્રમો માનવ જીવનની જુદી જુદી દશાઓ આવરી લે છે :

- રોગોના ઇલાજ
- તંદુરસ્તી માટે પ્રાર્થનાઓ
- ઘર અને બાળકોની સમૃદ્ધિ માટેના મંત્રો
- ઢોર અને ખેતરો
- સંવાદિતા ઉત્પન્ન કરવાના મંત્રો
- પ્રેમ અને લગ્ન સાથે સંકળાયેલા અથવા વાદવિવાદની હરીફાઈ અને અદેખાઈ વગેરેના મંત્રો.

આ પ્રમાણે અથર્વવેદ વહેમો અને માન્યતાઓ જે પ્રચલિત હતી તેના લેખિત પુરાવાઓ છે. સંજ્ઞા અર્થર્વન્ જાદુનો સિદ્ધાંત સૂચવે છે અને અથર્વન્ પુરોહિતો આ ધર્મમાં કામગીરી બજાવતા. વેદની પદ્ધતિના દેવોને આહ્‌વાહન કરવામાં આવતું પણ તેમના અવાહનનું કારણ ક્ષુદ્ર અને વ્યક્તિગત હતું. ઘણા ગૌણ દેવો અને ભૂત જેવા કે પિશાચ, રાક્ષસ વગેરે (કેટલાક બૂરું ઇચ્છનાર અને કેટલાક ભલું ઇચ્છનાર) ને આહ્‌વાન કરવામાં આવતું કારણ કાં તો નસીબ માટે અથવા તો સંહાર અને બીજાના મિત્રો અને દુશ્મનોના વિનાશ માટે. આવાહન અને મંત્રો ઘરગથ્થુ અને કુટુંબને લગતા અને તે સામાન્યત જનના રોજિંદા કાળચક્રના અસ્તિત્વ આવરી લેતા.

જેમ કે ઇદ્રને ઘરફોડું ચોરને શરીરમાંના જંતુઓને અને વરુ જેવા રાક્ષસોને મારી નાંખવાનું કહેવામાં આવતું. અશ્વિનોને ખેતીના રક્ષણ માટે અને ઉંદરોને મારી નાંખવાનું સોંપવામાં આવતું. સાવિત્રીને નવા મકાન બાંધવાની જગા નક્કી કરવા બોલાવવામાં આવતાં. પૂષન્ ને સંવાદિતા લાવવા અને બાળકોનો સારી રીતે જન્મ થાય તે માટે આવાહન કરાતું, જ્યારે સૂર્યને દૈત્યોને દૂર કરવા આવાહન કરાતા.

આ યુગના અંતનોભાગમાં પુરોહિતોના પ્રભુત્વ સામે સખત વિરોધનો સૂર ઊપડયો. યજ્ઞોમાં ગૂંચવણભરી પદ્ધતિને પરિણામે તત્ત્વજ્ઞાનના સિદ્ધાંત યોજનાપૂર્વક તૈયાર થઈને ઉપનિષદોમાં વ્યાખ્યારૂપે થયા. આ ગ્રંથોએ આત્માનું જ્ઞાન અને ધાર્મિક ક્રિયા વિરુદ્ધ આત્મા અને યજ્ઞામા થતા ખોટા ખર્ચા વિશે ભાર મૂક્યો. આ રીતે સાધન માટેના ધર્મને તરછોડવામાં આવ્યો અને ધર્મ તત્ત્વજ્ઞાનના વર્તુળમાં પ્રવેશ્યો. ઉપનિષદોએ આત્માના સનાતનત્વ અને અવિનાશીપણા ઉપર ભાર મૂક્યો. જ્યારે જનપદો અને મહાજનપદો અર્થાત્ લોકશાસન અને રાજશાસન ઉદ્‌ભવતા હતા ત્યારે સ્થિરતા અને ઐક્યની જરૂરિયાત ઉપર ભાર મૂકેલો જણાય છે.

શરૂના અને ઉત્તરકાલીન વેદના સમયગાળામાં ધાર્મિક માન્યતા અને તેના આચરણમાં ઘણો મોટો ફરક દેખાય છે. આ ફરક કેટલેક અંશે ગોપાલક પ્રજા અને ખેતીની પ્રજાના ફેરફારને કારણે છે. આ સમયના ધાર્મિક ફેરફારો સમાંતર અને સામાજિક, રાજકીય અને અર્થવ્યવસ્થાના ફેરફારોનું પ્રતિબિંબ શરૂના વેદના અને ઉત્તરકાલીન વેદના તબક્કામાં પ્રતિબિંબિત થાય છે.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

(1) ઉત્તરકાલીન વેદના સમયમાં : સાચા( ✓ ) નું ચિહ્‌ન મૂકો.

(1) જાહેર અને ખાનગી યજ્ઞો ઘણા.અગત્યના બન્યા.

(2) યજ્ઞોને સ્થાન ન હતં.

(3) યજ્ઞો અગત્યના બન્યા કારણ પુરોહિતો અગત્યનો ભાગ ભજવવા લાગ્યા.

(4) બંને (1) અને (2)

(2) એમ કહી શકાય કે : સાચા ( ✓ ) વિધાનની નિશાની મૂકો.

(1) ઉત્તરકાલીન વેદના અને પ્રારંભના વેદના અગત્યના દેવો એક જ હતા.

(2) ઉત્તરકાલીન વેદના અને પ્રારંભના વેદના અગત્યના દેવો જુદા હતા.

(3) ઉત્તરકાલીન વેદના સમયના દેવો ભટકતી ટોળીમાંથી સ્થિર એવા સમાજનો ઢાંચો બદલાયો તેનું પ્રતિબિંબ પાડે છે.

(4) બંને (2) અને (3)

(3) ઉત્તરકાલીન વેદના તબક્કામાં દેવોનો મોભો બદલાયો તે શું સૂચવે છે ? 50 શબ્દોમાં તેનો જવાબ લખો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

## 13.7 સારાંશ

આ એકમમાં તમે જાણ્યું કે :

- વેદના સમાજ ઢોર ઉછેરનારમાંથી ધીરે ધીરે રખડુ જીવનશૈલીમાંથી સ્થિર કૃષિસમાજના ફેરફાર થયો પણ લોખંડે ખેતીમાં અગત્યનો ભાગ હજુ ભજવવાનો હતો.
- ધીમે ધીમે વ્યવસ્થિત રાજકીય એકમો સ્થિર થયા, કાયદાઓ વ્યવસ્થિત થયા અને સ્પષ્ટ સામાજિક થરો ઉદ્‌ભવ્યા.
- આ સમયની વેદની અને લોકોની ધાર્મિક પ્રણાલીઓ એક સાથે ઉત્પન્ન થઈ પણ તેઓની ઓળખ જાળવી રાખી.
- ફરકની પ્રક્રિયામાં શરૂના વેદના સમયના કેટલાક ગૌણ દેવો જેવા કે રુદ્ર ઘણા અગત્યના થયા. જ્યારે પહેલાંના અગત્યના દેવો જેવા કે ઇન્દ્ર ઓછા અગત્યના બન્યા.
- આ સમયનું સંપૂર્ણ ચિત્ર પામવાને માટે આ સમયના સાહિત્ય અને પુરાતત્ત્વના પુરાવાઓ સાથે વાંચવા જોઈએ.

## 13.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

**અર્પણ :** અગત્ય આપવાની અથવા કાયદેસર કરવાની પ્રક્રિયા

**બમણો પાક :** એકીસાથે એક જ જમીનના ટુકડા ઉપર બે પાક ઉગાડવા

**સગોત્ર :** પોતાની જ જ્ઞાતિ, ગોત્ર કે ટોળી વગેરેમાં પરણવું.

**બહિર્ગોત્ર :** જ્ઞાતિ કે ગોત્ર વગેરે બહારના લગ્ન

**ફળદ્રુપતાનો સંપ્રદાય :** કર્મકાંડ/ધાર્મિક ક્રિયા જ્યાં માનવજન્મ અને ઉત્પન્ન કરવાની પ્રક્રિયાને અગત્ય આપવી.

**લોકપરંપરા :** સામાન્ય લોકની પરંપરા

**બક્ષિસ અર્થવિન્યાસ :** અર્થવ્યવસ્થા જેમાં દાન/બક્ષિસ સંસ્થા નભાવવા માટે અગત્યનો પાઠ ભજવે છે.

**અતિશય શ્રમ :** પ્રવૃત્તિ જેમાં શ્રમ કે માનવશક્તિ કલાવિજ્ઞાન કરતાં વધુ વાપરવામાં આવે.

**બેઠાડુ :** સ્થિર અથવા એક જ જગ્યાએ રહેનાર.

**થર :** સપાટીના ભાગો. દા. ત. સામાજિક થરો એટલે સમાજના સ્તરીકરણ વિવિધ જાતના કેટલાક ધોરણ પ્રમાણે ભાગો દા ત જ્ઞાતિ. સંપત્તિ વગેરે

ગુજરાનની પ્રવૃત્તિ : આર્થિક જીવન સંબંધી પ્રવૃત્તિ, આ બાબતમાં મિશ્ર ખેતી.

બક્ષિસ : સેવા અથવા ભેટ રિવાજ અથવા વચન પ્રમાણે જરૂરી

## 13.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

(ક) (2)

(ખ) (4)

(ગ) (2)

(ઘ) જુઓ વિભાગ 13.3. શું લોખંડ યુદ્ધ માટે અગત્યનું હતું કે રોજિંદા વપરાશ માટે અને શા...માટે - તમારા જવાબમાં ચર્ચા કરો.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

(1) (2)

(2) (2)

(3) (1)

(4) (2)

(5) જુઓ પેટા વિભાગ 13.5.2. કુટુંબની અગત્ય, ગૃહસ્થ (ઘરધણી)ની અગત્ય, કુટુંબમાંસ્ત્રીઓનું સ્થાન - તમારા જવાબમાં ચર્ચા કરો.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

(1) (4)

(2) (4)

(3) જુઓ પેટા વિભાગ 13.6.2 શું નવા દેવો નવા પ્રકારનો સમાજ નિર્દેશ કરે છે. તમારા જવાબમાં ચર્ચા કરો

## કેટલાંક ઉપયોગી પુસ્તકો


Bridget and Raymond Allchin — *The Rise of Civilizations in India and Pakistan, New Delhi,* 1998.

D.P. Agrawal and D.K. Chakravarti (ED) — *Essays in Indian Protohistory, New Delhi,* 1979.

H.D. Sankalia — *Prehistory and Protohistory of India and Pakistan, Poona,* 1962

D.D. Kosambi, — *The Culture and Civilization of Ancient India in Historical Outline, New Delhi,* 1987.

D.N.Jha — *Ancient India: An Introductory Outline, New Delhi,* 1986.

A.L. Basham — *The Wonder that was India, New Delhi,* 1986.

Romila Thapar — *History of India, Vol. 1 New Delhi,* 1983.